
કુમાર


આવતી કાલનાં નાગરિકોનું માસિક

વૈશાખ ૧૦૧ ૧૯૮૮

તંત્રી : રવિશંકર રાવળ



દક્ષિણ હિંદના ગામડાની દુકાન
ચિત્રકાર • રસિકલાલ ન. પરીખ



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ—૨
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



ચંડોળા તળાવની પાળે

ચિત્રકાર · યજ્ઞેશ્વર શુક્લ

કુમાર

વૈશાખ ૧૯૯૮

બારણે બારણે બુદ્ધ

ઘોમ ધખે ને ધરણી હાંફે, માડીનાં સૂકાય દૂધ,
અંતરના ઊકળાટ વધે ને ગરજી ઊઠે જુદ્ધ,
ઓ રે ! ગરજે કાળાં જુદ્ધ;
અમીકૂપી લઇ ઘૂમી વળો ત્યારે હૃદયવીર પ્રબુદ્ધ.

અંધારઘેરી અરધી રાતે બૂઝાય દીવા વીર !
દશે દિશાએ ફૂંકાય ઘેરા મોતના શીત સમીર,
ઓ રે ! મોતના શીત સમીર;
ઉરેઉરે ત્યારે દીપ પેટાવો ચેતનાના, સ્નેહવીર !

માનવતા ઉર ત્રાસી રહી, રણ-આંગણ-શોણિત-ક્ષુબ્ધ,
વીર ઊઠી આજ લડી લો ત્યારે જુદ્ધની સામે જુદ્ધ,
ઓ રે ! જુદ્ધની સામે જુદ્ધ !
ઘરેઘરે વીર ગાંધી જગાવો બારણે બારણે બુદ્ધ !

ઉમાશંકર જોષી

ચાહનો રાજા લિપ્ટન



સર ટૉમસ લિપ્ટન

ગરીબીના અંધારે ખૂણે ઊછરી, મહત્ત્વાકાંક્ષા ને સ્વાશ્રયનાં જળ સીંચીસીંચી કરોડાધિપતિ બનેલા શ્રીમાનોમાં સર ટૉમસ જહૉનસન લિપ્ટનનું નામ આવે. એટલી અજાયબીભરી ઝડપે એણે પોતાના જીવનને પલટો આપ્યો છે કે અલાદીનના જાદુઇ ફાનસની વાત એ આયરીશ કુટુંબનાં ફરજંદના જીવન આગળ નીરસ જેવી લાગે છે.


પંદર વર્ષની ઉમરે ઘર છોડી નીકળેલો અને ઉદરનિર્વાહ માટે હાડચામડી એક કરી કાળી મજૂરી કરતો ન્યૂ યૉર્કની ગલીઓમાં ભટકતો લિપ્ટન જગત આખાને પોતાના નામની ચાહ કૉફી પીવડાવી એકદમ રંકમાંથી રાય બની જાય એ આખી યે કથા જાદુઇ વાર્તા જેવી લાગે છે. હાથપગ હલાવ્યા વિના, કેવળ નસીબને દોષ દેતા બેસી રહીને રોદણાં રડનારાઓને ટૉમસ લિપ્ટનનું સ્વાશ્રય ને કુનેહથી ઘડાએલું જીવન, માણસ ક્યાં સુધી આગળ વધી શકે છે તેનું જ્વલંત દૃષ્ટાંત પૂરૂં પાડે છે.

ગયા વર્ષના ઑક્ટોબરની બીજી તારીખે ૮૧ વર્ષનું દીર્ઘાયુ ભોગવી અઢળક સંપત્તિ અને સુકીર્તિની સુવાસ પાછળ મૂકી જનાર એ 'ચાહના રાજા' લિપ્ટનનો જન્મ, મજૂરી કરી પેટ ભરતાં કંગાલ આયરિશ માબાપને ત્યાં, ઇ. ૧૮૫૦ની ૧૦મી મેના દિવસે ગ્લાસગોમાં થયો હતો. નિશાળનો પણ ઉમરો જેણે દીઠો નહિ, તેણે બીજા લાડકોડ તે શા માણ્યા હશે? ટૉમી માંડ દસ વરસનો થયો હશે, ત્યાં તો તેને કામની તાલીમ આપવા સારૂ કાગળ પેન્સિલ વેચનાર એક સ્ટેશનરને ત્યાં ખેપિયાની નોકરીએ વળગાડવામાં આવ્યો. વિદ્યાર્થીજીવનના મનોરથ એને મજૂરી કરીને ઘટી દેવા પડ્યા. લાગટ પાંચ વર્ષ સુધી તેણે એ સ્ટેશનરને ત્યાં ખેપિયાગીરી કરવામાં ગાળ્યાં. પણ તેમાં એને જરા યે રસ પડતો નહિ. તેમાં ભવિષ્ય ઊજળું દેખાતું નહિ. બાળક ટૉમીની અભિલાષાઓ તો મોટી હતી. કંગાલિયતનાં સુખ એ હમણાં ભોગવી રહ્યો હતો, અને શ્રીમાનોના વૈભવ માણવાની તેને અંતરેચ્છા હતી. એકવાર પોતાની મા સાથે એક દેવળ પાસે ઊભો હતો તેવામાં કોઈ ધનિકની ગાડી તેમની પાસેથી પસાર થઇ. એ જોતાંની સાથે જ નાના ટૉમીએ પોતાની માને કહ્યું કે 'મા, તને પણ હું આમ એ ઘોડાની બગીમાં બેઠેલી જોવા ઇચ્છું છું.' આગળ જતાં એના એ કોડ પૂરાયા.

દમ વિનાની નોકરી પરથી એનું મન ઊઠયું હતું. તેને મજા આવતી હતી માત્ર નદીકિનારે બેસીને આવતાં જતાં વહાણો જોવામાં. ઘણી યે વાર એ દૂર ક્ષિતિજમાં વિલીન થતાં વહાણો તરફ કોઇ અકળ મીટ માંડીને જોઇ રહેતો. તેને પણ એ વહાણોની જેમ દરિયો ખેડી દૂર દેશાવરમાં જઇ નસીબ અજમાવવાનું મન થતું. તેમાં યે અમેરિકા તો એનું લક્ષબિંદુ હતું. આખરે એક દિવસ લાગ સાધી, કોઇને પણ જાણ કર્યા વિના તે ન્યૂ યૉર્ક ઊપડતી સ્ટીમરમાં ચડી બેઠો. તેને ખાતરી હતી કે એટલે દૂર સુધી જવાની મંજુરી માગવાની તો રહી, પણ ઇચ્છા સરખી યે પોતાનાં માબાપ આગળ જણાવી શકાય તેમ નહોતું.

ઘર છોડતાં તો છોડયું, પણ પછી મુશ્કેલી ઊભી થઇ. ખિસ્સાં ખાલી હતાં. અજાણ્યા મુલકમાં કોઇ સગુ સંબંધી મળે નહિ; ઊતરવું ક્યાં? એ બધું તો રહ્યું: પણ પેટ ક્યાં ભરવું? અને કેમ કરીને? પણ હવે હિંમત હાર્યે પાલવે તેમ નહોતું.

મુશ્કેલી આવી પડતાં બુદ્ધિ એની મેળે ચોગરદમ



અમે લિપ્ટનમાંથી આવીએ છીએ — અમે લિપ્ટનમાં જઇએ છીએ

ફાંટાબાજ જાહેરખબરોના આજના જમાના પહેલાં પણ લિપ્ટનનું ભેજું જાહેરાતના અવનવીન બુટ્ટાઓ ઉઠાવતું. ચીવટ, વેપારી ત્રેવડ અને ખંત ઉપરાંત તેના વિજયનું એક કારણ જાહેરાતશક્તિવાળું એનું ફળદ્રુપ ભેજું પણ હતું. તેમાંનો એક નમૂનો.

નજર પહોંચાડી પોતાનો માર્ગ મોકળો કરી લે છે. નાના ટૉમીની બુદ્ધિ મૂળથી સતેજ તો હતી જ. તેમાં 'હવે શું કરવું?' ના વિચારે કસોટીએ ચડી. તરત જ એની ઝીણી બુદ્ધિએ મનમાં વેત ગોઠવી નાખ્યો, અને તે આબાદ સફળ નીવડ્યો. જેવી સ્ટીમર ન્યૂ યૉર્કને કિનારે લાંગરી કે લાગલો જ એ દોડતો દોડતો કોઈ સારી હૉટેલની શોધમાં નીકળી પડ્યો. સદ્‌ભાગ્યે એટલામાં પાસે જ સારી સોઇવાળી હૉટેલ તેને મળી આવી. હૉટેલના માલિકને પોતાની સ્થિતિથી વાકેફ કરતાં તેણે કહ્યું કે 'હું આપની હૉટેલમાં ૪૦ ઉતારુ લાવી આપું તો આપ મને એક માસ સુધી ખાવા-પીવાની તથા રહેવાની જોગવાઇ કરી આપો?' ટૉમીની શરત શેઠે કબૂલી કે તે ખુશ થતો પાછો ડક્કે દોડ્યો. સ્ટીમરમાં પૅસેન્જરો સાથે થએલા પરિચયનો લાભ લઇ તેમને સમજાવી પટાવી, આજીજી કરીને અંતે તેણે ચાલીસ ઉતારૂઓ મેળવ્યાં ને એક મહિનાની ચિંતા માથેથી દૂર કરી. શી એ પંદર વરસના બાળકની સમયવર્તી બુદ્ધિ ને ફળદ્રુપ ભેજું!

પછી તો એ નવી દુનિયામાં પગભર થવા એણે અવનવા પ્રયત્નો આદર્યા. એ બધાની વિગતવાર કહાણી માટે અહીં જગ્યા ટૂંકી પડે. ધંધો શોધવાની મથામણોમાં એ ઉત્તર અને દક્ષિણ અમેરિકા ઘૂમી વળ્યો, પણ ક્યાંયે એને સરખાઇ આવી નહિ. ગાંધીની કરિયાણાની દુકાનમાં ગુમાસ્તાગીરીમાં ફાવ્યું નહિ એટલે ન્યૂ ઑર્લીઅન્સમાં ટ્રામ હાંકવાની નોકરીએ રહ્યો. એ કામ પણ માફક નહિ આવતાં પોર્ટ્રેઇટ કંપનીમાં ટ્રાવેલરનું કામ અને છેવટે ડાંગરના ખેતરમાં મજૂરી પણ એ કરી ચૂક્યો. પણ કોઇ જગ્યાએ સ્થિર થઇ શક્યો નહિ. એના મહત્ત્વાકાંક્ષી જીવનને ક્યાંયે આશાનાં કિરણ દેખાયાં નહિ. આટઆટલી હાડમારી ભોગવતાં છતાં પણ જ્યારે ક્યાંયે પગ ઠર્યા નહિ ત્યારે તેને વહાલું વતન અને મમતાળુ માતપિતાની મીઠી ગોદ સાંભરી આવી. ગમે તેવો તો યે હજી એ બાળક હતો. વિદ્યાર્થી જીવનના મીઠા લ્હાવા માણવાની વયે એને લલાટે કાળી મજૂરી લખવામાં વિધિનો કંઇ સંકેત નહિ તો બીજું શું સમજવું? પણ ધન્ય છે એના દૃઢ બાલમાનસને કે એણે કદી પોતાની એ કઢંગી સ્થિતિનો ઇશારો સરખો પણ માબાપને કર્યો નહિ. એક તો મન ચગડોળે ચડ્યું હતું ત્યાં પિતાનો આગ્રહભર્યો પાછા ફરવાનો પત્ર મળ્યો, એટલે એ સ્વદેશ પાછો ફર્યો.

આ વખતે તેની પાસે પાઇપાઇની કસર કરીને બચાવેલા સોએક ડૉલર એકઠા થયા હતા. તન તોડીને કમાએલી આ કમાણી આમ મુસાફરીખર્ચમાં વાપરી નાખતાં તેનો જીવ ચાલ્યો નહિ. દીર્ઘદૃષ્ટિવાળી તેની સ્થિર બુદ્ધિએ રસ્તો શોધી કાઢ્યો. સ્ટીમરમાં આગ મારવાનું વેતરું કરી લિપ્ટન ઘરભેગો થયો.

નોકરીની ગુલામીથી ત્રાસી હવે યુવાન લિપ્ટને કોઇપણ સ્વતંત્ર ધંધો હાથ ધરવાનું ઉચિત ધાર્યું, ને

પવન શમતાં વહાણ કિનારે પહોંચે તે પહેલાં તો તેની જાહેરખબર ચારે તરફના કિનારા ઉપરના પ્રદેશોમાં ફેલાઇ ગઇ હતી. વળી જેવું વહાણ કિનારે પહોંચ્યું કે તરત તેણે એ તોફાન તથા પછીની સલામતીનાં ટૂંક વર્ણનનો તાર પોતાને ખર્ચે લંડન કર્યો, અને નીચે 'લિપ્ટન'ની સહી કરી. બીજે દિવસે લંડનના એકેએક પત્રમાં એક બાહોશ વેપારી અને જાહેરખબર કરનાર તરીકે તેનું નામ મોટા અક્ષરોમાં છપાયું!

'ખરીદી અને વેચાણ-બંને રોકડેથી જ'—એ એનો સિદ્ધાંત હતો. પણ આયર્લૅાંડની સફર દરમ્યાન તેને પોતાનો આ સિદ્ધાંત તોડવાનો પ્રસંગ ઉપસ્થિત થએલો. પોતાના એક માણસને તેણે બજારમાં માખણની ખરીદી કરવા મોકલ્યો. પૈસા પહોંચતા હતા તેના કરતાં વધારે માલની ખરીદી પેલો માણસ કરી લાવ્યો. ચુસ્ત સિદ્ધાંતવાદીને પોતાની ટેક તોડવી પડશે એમ કહી લોકો તેની ઠેકડી કરવા લાગ્યા. પણ આવી સાધારણ વાતમાં ટેક તોડવી યોગ્ય નહિ લાગતાં લિપ્ટને પોતાનું ઘડિયાળ વેચી નાખ્યું ને માલધણીને તરત રોકડા પૈસા ગણી આપ્યા.

એકવાર તેની દુકાનમાં આગ લાગી. તેને ટેલીફોનથી ખબર આપવામાં આવ્યા. કોઇ પણ ચીજ બચે તેમ નહોતી. થએલા નુકશાનથી ગભરાઇ નહિ જતાં તેણે પોતાનાં નિત્યનાં ઘરાકોનો વિચાર કર્યો. કોઇપણ ઘરાક એક નજીવી ચીજ માટે પાછું જાય એ તો ખોટું, એમ વિચારી એણે પાસેના ગામની પોતાની શાખામાંથી રાતોરાત ટ્રેનમાં જોઇતો માલ મંગાવી લીધો. આગની ચર્ચા સાથે તેની સમયસૂચકતાની પણ ચર્ચા થવા લાગી.

મુરબ્બા ફળફળાદિ વગેરે લહેજતદાર ખાણાં મોંઘાં પડતાં હોઇ ગરીબ વર્ગના મોં સુધી તે પહોંચતા નહિ. બહુબહુ તો સાધારણ સ્થિતિનાં માણસો તેનો ઉપયોગ કરી શકતાં. ગરીબાઇની કડવીમીઠી જાતે અનુભવેલી એટલે કુદરતી રીતે ગરીબો પ્રત્યે તેની ઘણી સહાનુભૂતિ હતી. એ વર્ગ સુધી બાફેલાં ફળ અને મુરબ્બા પૂરા પાડવાના હેતુથી એણે કેટલીક ફળની વાડીઓની વાડીઓ ખરીદી અને તેને માટે લંડન તથા ગ્લાસગોમાં પૅકિંગ ફૅક્ટરીઓ ઉઘાડી. અને લિપ્ટનનાં સસ્તાં ફળોના પૅક ડબ્બાનો બજારમાં ધમધોકાર વેપાર ચાલવા માંડ્યો.

લિપ્ટનની ચાહ તો એટલી જગજાહેર છે કે લિપ્ટનનો અર્થ જ ચાહ થાય છે. જગતના સુધરેલા દેશોમાં એવું એકકે શહેર કે ગામ નહિ હોય કે જ્યાં લિપ્ટનના ચાહના ડબ્બા ન પહોંચ્યા હોય. ચાહ પ્રચારશક્તિ એ જ એના વેપારમાં ફતેહ અપાવનાર મુખ્ય વસ્તુ છે. ઇસ્ટ ઇંડિયા કંપનીના વખતથી અંગ્રેજો ચાહના બંધાણી છે. પણ તે વખતે તેઓ જે ચાહ પીતા એ મોંઘી પડતી. આ ચાહને સસ્તી કરવાની તમા કોઇને નહોતી, તેનો કોઇને ખ્યાલ સરખો પણ આવતો નહોતો. લિપ્ટનની વ્યાપારી બુદ્ધિએ જોયું કે જો ઊંચી જાતની ચાહ સાધારણ સસ્તી કરી વેચી હોય તો લાખો રૂપિયાની આવક વધે. દેખીતો લાભ જતો કરે તે વેપારી ન કહેવાય.

આવી સરસ તક નહિ ગૂમાવતાં એણે સીલોનમાં ચાહનાં ખેતરો ખરીદવા માંડ્યાં. આજે પણ સીલોનમાં મોટામાં મોટો જમીનદાર એ છે. એક વખત ખાલી ખિસ્સે ન્યૂ યૉર્કમાં ફરતા લિપ્ટનના ચાહના બગીચાની એક કરોડ પાઉંડ સુધી માગણી ઇંગ્લાંડમાં થએલી! પણ એ માગણી તેણે નકારી કાઢી.

સીલોન, વેસ્ટ ઇન્ડીઝ અને દક્ષિણ અમેરિકામાં આજે ચાહ, કૉફી અને કોકોની મળીને હજારો એકર જમીનનો એ જમીનદાર છે. એશિયાભરમાં એનાં કારખાનાં અને વખારો આવેલાં છે અને પૅરીસ, હામ્બુર્ગ, બર્લિન, વીએના, મૉસ્કો, દક્ષિણ આફ્રિકા, ન્યૂઝીલૅંડ અને ઑસ્ટ્રિયામાં તેની શાખાઓની જાળ પથરાએલી છે. અલબત્ત, મોટો વેપાર તો ઇંગ્લંડ, સ્કોટલૅંડ અને વેલ્સમાં જ ચાલે છે; ત્યાં બધા મળી ૫૦૦ જેટલા લિપ્ટન સ્ટોર્સ આવેલા છે.

લિપ્ટની શાખાને દુકાન નથી કહેવાતી પણ 'લિપ્ટન માર્કેટ' કહેવામાં આવે છે. દર અઠવાડિયે માત્ર લિપ્ટનની ચાહનું જ ૩૦૦ ટન જેટલું વેચાણ થાય છે. અને દુનિયાભરમાં પાંચ હજાર જેટલા એના એજન્ટો ફરે છે. દર વર્ષે લાખો ડૉલર માત્ર જાહેરખબર કરવા પાછળ જ ખરચાય છે!

સર ટૉમસ લિપ્ટન માત્ર ચતુર વેપારી જ નહોતા. ખેલાડી (સ્પૉર્ટ્સમેન) તરીકે પણ તે બહુ જાણીતા હતા. હોડીની શરતોમાં ભાગ લેતી તેમની જગમશહૂર યાટ શૅમરૉક્ કરેલી શરતો-યાટ રેઇસ-થી ભાગ્યે જ કોઇ પશ્ચિમવાસી અજાણ્યો હશે.

પેલા સો ડૉલરની થાપણ ઉપર ગ્લાસગોમાં કરિયાણાની એક નાનીશી દુકાન ખોલી. અનુભવ ને જ્ઞાન કદી પણ એળે જતા નથી. આજ દિન સુધી ભિન્નભિન્ન જગ્યાએ મેળવેલા જ્ઞાન ને અનુભવનો તેણે પોતાની નાના દુકાનમાં ઉપયોગ કરવા માંડ્યો. તેણે પ્રથમ દૃષ્ટિએ જ જોઇ લીધું કે દરકોઇ વેપાર ધંધામાં ત્રેવડભરી વ્યાપારી બુદ્ધિ, સ્વચ્છતા, ચોકસાઇ, મીઠી જીભ તથા જાહેરાત કરવાની કળા એ સિદ્ધ મેળવવાનાં આવશ્યક અંગો છે.

હવે લિપ્ટન મજૂર મટી સ્વતંત્ર બન્યો હતો. પોતાના હાટની શાખ વધારવા એ ખંતથી ચોવીસે કલાક ગૂંથાઇ રહેતો. સવારમાં ઊઠીને દુકાન વાળીઝાડી માલ આકર્ષક રીતે ગોઠવવો, વગેરે હલકામાં હલકું કામ પણ તે જાતે જ કરતો. રાતના દુકાન વધાવતી વેળા રોજમેળ મેળવવાનો તેણે નિયમ રાખેલો. રાતની પથારી પણ દુકાનમાં સાદડી ઉપર જ થતી.

આમ ખંતથી કામ કરતાં તેને જણાયું કે કમાણી વધી છે, પણ હજી ઘરાકની સંખ્યામાં ખાસ વધારો થયો નથી. તો હવે એવું શું કરવું જોઇએ કે થોડા ખર્ચે આખા ગામમાં પ્રસિદ્ધિ મળે ને શાખ પણ વધે. દુકાનની જાહેરાત કરવાના વિચારમાં તેનું મગજ પરોવાયું. અનેક તરંગોને અંતે તેણે થોડાં કબૂતર ખરીદ્યાં અને તેમની પાંખ ઉપર 'લિપ્ટન્સ ઑરફન્સ' લખી તેમને રમકડાંની ગાડીમાં પૂરી ગ્લાસગોમાં શેરીએ શેરીએ ફેરવ્યાં. બસ, ધાર્યું પરિણામ આવ્યું. આખા ગામમાં લિપ્ટનનાં એ યતીમ કબૂતરોની ચર્ચા થવા લાગી, ને બીજા દિવસથી એ લિપ્ટનને જાણવાના કુતૂહલમાં લોકોએ તેની ઘરાકીમાં વધારો કર્યો.

એક જ ભાવ અને સારો માલ આપી ઘરાકનું મન રાખવું એ કળામાં તો એ કાબેલ હતો. ઘરાકી વધતી ગઈ તેમતેમ દુકાનમાં માલની વિવિધતા ને ઠાઠ પણ વધ્યાં. અંતે એવો વખત આવ્યો કે એ એક દુકાનથી ઘરાકોને પહોંચી વળવું મુશ્કેલ પડવાથી તેને ગામના બીજા ભાગમાં શાખા ઉઘાડવી પડી.

હવે તેણે 'ઇનામી વેચાણ'ની યોજના ઘડી કાઢી. તેણે એક બલુનમાંથી ગામના જુદાજુદા ભાગમાં પોતાનાં નામનાં દસેક હજાર પરબિડીયાં ફેંકાવ્યાં અને જે માણસ તેમાંનાં પહેલાં ૨૦ લઇને આવે તેમને માટે ઇનામ ઠરાવ્યાં. પછી તો પૂછવું જ શું? તેની દુકાન આગળ લોકોની પડાપડી થવા લાગી.

આટલેથી સંતોષ માની એ બેસી ન રહ્યો. તેણે નવીનવી શાખાઓ ખોલવા માંડી, અને થોડાં જ વરસોમાં ગ્લાસગોથી તે છેક લંડન સુધી તેની શાખાઓની એક સાંકળ બંધાઇ ગઇ. બધે એક જ સરખી વ્યવસ્થા. અને એ વ્યવસ્થા પણ કેવી !—એને ત્યાં એક વખત ગએલું ઘરાક ફરીથી બીજે ક્યાંય ન જાય.

સમૃદ્ધિ ને શાખ એક સાથે વધવા માંડ્યાં. જાતમહેનત, ખંત, અને મહત્ત્વાકાંક્ષી બુદ્ધિએ તેના કિસ્મત આડેનું પાંદડું ખસેડી લીધું. હાથ પગ હલાવ્યા વિના કંઇ એની મેળે કિસ્મત ખુલતું નથી. પુરુષાર્થ વડે જ માણસ પ્રારબ્ધને હંફાવી શકે છે.

આજે અતિ પ્રચલિત થઇ પડેલી કાર્ટુન્સ, વ્યંગચિત્રો અને પોસ્ટર (ભીંતચિત્રો) દ્વારા જાહેરખબર કરવાની કળા લિપ્ટનના એ કાળે તો નવીસવી હતી અને તે પણ માત્ર અમેરિકામાં જ. વિલાયતમાં પોસ્ટરની પદ્ધતિનો ફેલાવો કરવામાં લિપ્ટનનો અગ્ર ભાગ હતો. એક દિવસ એકાએક સાત લાંબા તાડ મુડદાલ જેવા માણસો 'અમે લિપ્ટનમાં જઇએ છીએ'ના પોસ્ટર સાથે ગ્લાસગોમાં નીકળ્યા ત્યારે લોકો પ્રથમ તો સમજ્યા જ નહિ કે તે શું કહેવા માગે છે. પણ જ્યારે તે જ દિવસે બપોર પછી બીજા તેટલા જ જાડા તડંગા માણસો 'અમે લિપ્ટનમાં જઇ આવ્યા'ના પોસ્ટર સાથે નીકળ્યા ત્યારે લોકોને તેનો મર્મ સમજાયો! આમ લિપ્ટનની જાહેરાત કરવાની રીત તદ્દન ભિન્ન પ્રકારની અને બુદ્ધિયુક્ત હાસ્ય તથા મર્મવાળી હતી. એકાએક કંઇક નવીન કરી બતાવી લોકોમાં છાપ કેમ પાડવી તે એ બરાબર સમજતો.

એક વાર સીલોનથી ગ્લાસગો જતા ચાહ વગેરે માલથી ભરેલા એક વેપારી વહાણમાં સર ટૉમસ લિપ્ટન સફર કરી રહ્યા હતા. રાતા સમુદ્રમાં વહાણ ખરાબે ચડ્યું ને પવનનું તોફાન વધી પડ્યું. બીતિ લાગતાં કપ્તાને અમુક પ્રમાણમાં બોજો ઓછો કરવાનું ફરમાન કાઢ્યું, ત્યારે બધાના આશ્ચર્યની વચ્ચે મગજનું જરાપણ સમતોલપણું ખોયા વિના કે લેશ પણ ગભરાટ વિના શાંતિથી ડામર ને કૂચડા લઇને દરિયામાં ફેંકી દેવાના સરસામાનના એકેએક દાગીના ઉપર તેણે 'લિપ્ટનની ચાહ વાપરો'ની જાહેરખબર લખી નાખી!

ગિલિંડર

એના માથા પર લાંબા અને જાડા વાળ આમતેમ વિખરાએલા હતા. તે એટલા ઘટ અને અવ્યવસ્થિત હતા કે તેમાં હજી સુધી ચકલીએ માળો કેમ નહિ બાંધ્યો હોય તે જ નવાઇની વાત હતી! દાઢી લગભગ તસુતસુ ઊગેલી. કોઇ વણકરને તાણાની પવાયત કરતાં કૂચડાની જરૂર પડે તો આ દાઢી જરૂર ઉપયોગમાં આવે. ખેળ કે કાંજીથી ચોંટી ગએલા તારને જુદા પાડે અને છતાં તોડી ન નાખે તેટલાં કડકાઇ ને કુમાશ તેમાં હતાં. તેનાં ચશ્માં સોનેરી રંગનાં હતાં, પણ હમણાં તેનો રંગ પીળો દેખાતો હતો. મેલાં કપડાંને હોય છે તેવો વિશિષ્ટ જાતનો રંગ તેણે પહેરેલાં પહેરણ અને પંચિયાનો હતો.

'આપ કહાંસે તશરીફ લાતે હો?' મેં એને પૂછ્યું. ઉર્દુ ઝબાન વાપરવાની અમને હોંશ હતી એટલે હાથ આવતી 'તશરીફ'ને મેં જવા ન દીધી.

પહેરેગીર જગરૂપસિંહ તેને અમારા બરાક સુધી મૂકવા આવેલો. અમે રહ્યા ખાદીધારી, અને આ નવા આગંતુક પણ ખાદીધારી. એટલે ધંધાભાઇ માનીને તેણે આ નવા આરોપીનો અમારી સાથે ભેટો કરાવ્યો. જેવો તે ચાવીનો ઝુમખો ખખડાવતો ને હૉલણુટથી ફરસબંધી ગજવતો ચાલ્યો કે તરત મેં આ નવા મહાશયને ઉપલો સવાલ પૂછ્યો.

અમે પાંચસાત જણ એ નવા આરોપીને વીંટાઇ વળ્યા. જેલમાં કોઇ નવા આગંતુકની પધરામણી થાય ત્યારે જૂના મિત્રને મળ્યા જેટલો આનંદ થાય છે. અને આ તો પાછી ગુરમટાની (પંજાબી) સબ–જેલ!

'જી, મૈં જિલ્લા બુલંદશહરકા રહનેવાલા.' તેણે કહ્યું.

'આપકા નામ?'

'જી, મેરા નામ રામદુલારીલાલ.'

એ બોલતો હતો ત્યારે એના બે હોઠ વચ્ચેથી પીળા દાંતની હાર વારંવાર દેખાતી હતી.

'આપ કૌન સે જિલ્લે મેં રહતે હો?' રામદુલારીલાલે મને સવાલ કર્યો.

મેં તેને મારી હકીકત કહી. તેણે અમને કહ્યું: 'દેખો, મૈં કૉંગરેસકા કામ કરતા હૂં. અભી મૈં પકડા ગયા હૂં. હમારે પર પુલીસ કડી નિગાહ રખતી હૈ. હમારે ચચા ઉસ સાલ જેલમેં ગયે થે....'

દેશને માટે કામ કરનાર આ માણસ તરફ અમે બધા માનથી જોઇ રહ્યા.

'અચ્છા, દેખો; હમારે સબ કપડે પુલીસને છીન લિયે હય' તેણે મુદ્દાની વાત કાઢી. આપકી પાસ કોઇ કપડા હૈં?' અમારી પાસે વધારાનાં કપડાં ન હતાં એટલે કાંઇ આપી શકાય તેમ ન હતું. ઊલટું અમે જ કપડાં મળે તો સ્વીકારવા તૈયાર હતા. થોડીઘણી બીજી વાતો કર્યા પછી તે દિવસે એ પોતાની બરાકમાં ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારમાં અમને એક વિચિત્ર દૃશ્ય જોવાને મળ્યું. કપડાં પહેરવામાં પ્રણાલિકાભંગ કરીને રામદુલારીએ પહેરણને સ્થાને પંચિયું અને પંચિયાને સ્થાને પહેરણ પહેર્યું હતું! આમ કરવામાં તેનો હેતુ શો હશે એ હું વર્તી ન શક્યો. દિવાનખાનામાં ફરતો હોય એટલી શાંતિથી તેણે જેલના જાહેર ફળિયામાં આંટા મારવા શરૂ કર્યા. પોતાના પહેરણનું તેણે કોપીન કરેલું અને ધોતિયાને ઉત્તરીય તરીકે ઓઢેલું. તેની સાથે જટા જેવાં ભીંસાં અને દાઢી ભળતાં શોભામાં ઔર અભિવૃદ્ધિ થતી હતી.

તેને માટે આ બધું સ્વાભાવિક હતું. જેલમાં પ્રવેશ કરવાથી તેના માનસિક વાતાવરણમાં કશીય ઊથલપાથલ થઇ ન હતી. વરસો સુધી પરદેશમાં રહીને ઘેર પાછા ફરતાં માણસને તે પારકું કે અજાણ્યું લાગતું નથી, પરંતુ પોતીકાપણાની જ લાગણી રહે છે. રામદુલારીને જેલને વિષે આવી કંઇક આત્મીયતાની લાગણી હોય તેવાં ચિહ્નો દેખાતાં હતાં. તેને કશો શોક ન હતો; કશો ક્ષોભ ન હતો. પહેલે આણે આવેલી વહુના જેટલી શરમ અને ભડક જેલમાં પ્રથમ વાર આવેલા ગુનેગારોમાં હોય છે. આવો કશો ય સંકોચ રામદુલારીએ રાખ્યો ન હતો.

તેણે આ કાચી જેલમાં પૂરાએલા આરોપીઓની ઓળખાણ કરવાનું અને વાતો વધારવાનું કામ ઉપાડ્યું.

અમારી, બીજા આરોપીઓની અને આ રામદુલારીની– ત્રણેની બરાકો જુદીજુદી હતી. આરોપીઓની મુખ્ય બરાકમાં જવાની તેની હિંમત ન હતી, એટલે બહારની બારીના સળિયા આગળ ઊભો રહીને અંદરના આરોપીઓ સાથે તે વાતો કરતો. એક બારી આગળ ઊભા રહીને ધરાઇ રહ્યા પછી તે બીજી બારી આગળ આવતો અને ત્યાં નવા ભાઇબંધો બનાવતો. પછી ત્રીજી ને ચોથીનો વારો આવતો. આખો દિવસ તેનો આ કાર્યક્રમ ચાલુ રહેતો.

આમ બે દિવસની અંદર તો તેણે જેલ વિષેની તમામ જરૂરી માહિતી મેળવી લીધી. દરેકેદરેક આરોપીનું નામ, ઉમર, ધંધો, ગુનો, તેની ઉપરના ફરિયાદી, વારંટ બજાવનાર ફોજદાર વગેરે વગેરે હકીકતોનું તે ટૂંક સમયમા માહિતીધામ બની ગયો, એટલું જ નહિ પણ પછી તો તે માહિતીના જોરે અને પોતાના પાછલા અનુભવોને બળે દરેક કેદીને તે કહી શકતો કે તેને કેટલી સજા થવાની છે.

આ માણસના 'કૉંગરેસી આદમી' હોવા વિષે હવે મને શંકા ઉપજી. મેં આ શંકા મણિલાલને કહી.

'અરે, ઉસ્તાદ છે! પક્કો ગિલિંડર!' મણિભાઇએ અનુભવીના અવાજથી કહ્યું. મારા ભોળપણ પર તેઓ હસ્યા પણ ખરા.

ગુરમટાની આ કાચી તુરંગમાંના આરોપીઓનું રસોડું ચલાવવા માટે સેંટર (જેને કેટલાક ભણેલા લોકો સેન્ટ્રલ કહે છે) જેલમાંથી પાંચ પાકા કેદીઓને ઉછીના માગવામાં આવ્યા હતા. તેઓ રસોડું ચલાવતા. તેમને કેદીઓના ખોરાક ઉપરાંત રોજ પાશેર પાશેર ગોળ પણ મળતો. આ ઉપરાત બીજા પણ એકબે પાકા કેદીઓ હતા. તેમને પણ રિવાજ મુજબ આ 'રાસન' (રેશન) મળતું.

એક દિવસ સાંજે હું જોઉં તો રામદુલારીલાલ મલકાતા મલકાતા ચાલ્યા આવે છે. એક હાથમાં ગોળનું મોટું દડબું છે, ને તેમાંથી નાનાનાના ગાંગડાઓ મોમાં નાખતા ફળિયામાં તેઓ ફરે છે! ચહેરા ઉપર પ્રસંગોચિત સ્મિત છે અને કોઇક પળે તેમાંથી હાસ્યના ફુવારા પણ ફૂટી નીકળે છે.

આ દૃશ્ય મેં મારા મિત્રને અને તેણે બીજાને બતાવ્યું. સૌ રામદુલારીનાં બુદ્ધિચાતુર્ય ઉપર ફિદા થયા. કદાચ કોઇકે તેના ધન્ય ભાગ્યની અદેખાઇ પણ કરી હોય. તે તો હતો આરોપી, એટલે મૅજિસ્ટ્રેટને હાથે સજા ખાતાં સુધી તો તેના મોંમાં ગોળ હોઇ શકે જ નહિ! અને તેમ છતાં ય તેણે ક્યાંકથી તે પેદા કર્યો એ પણ ચોક્કસ વાત! એણે કોઇ પાકા કેદીનો ગોળ તફડાવ્યો હોય અને રીઢા ઉઠાઉગીરને પણ પાઠ ભણાવ્યો હોય એ બનવાજોગ હતું.

પણ આનો ભેદ થોડે અંશે ઉકલ્યો. બેત્રણ દિવસ પછી રસોડાના વડા કેદીએ રામદુલારી સાથે તકરાર કરી. તેનું કહેવું એમ હતું કે રામદુલારીએ હજી પાછલા દિવસના ગોળના પૈસા ચૂકવ્યા ન હતા. રામદુલારીએ કહ્યું કે તે તરત ચૂકવવાની શરત ન હતી. બને વચ્ચે ઉડી. પણ છેવટે સમાધાન થઇ ગયું. શું સમાધાન તે તો કંઇ સમજાયું નહિ. બે રાજ્યના પ્રધાનો વચ્ચેના કરાર જેટલું જ તે ગુપ્ત હતું. આ ઝગડામાં અપીલ પણ થઇ ન હતી. પરંતુ આવી બાબતમાં કેદીઓ કદી અમલદારો પાસે ન્યાય માગવા જતા જ નથી. તેઓ સમજે છે કે તેમના સ્થાનિક સ્વરાજ્યમાં ઉપરીઓને માથું મારવાની તક જ ન આપવી.

રામદુલારી ગિરફતાર શાથી થએલો એની ખરી વાત તો અમને હવે જ મળી. જોકે તેને પકડનાર ફોજદારના કહેવા પ્રમાણે તો તે ટ્રેનમાં લોકોનાં ખીસાનો ભાર હળવો કરતો હતો; પણ પોતાના નવા ભાઇબંધોની આગળ કરેલો તેનો ખુલાસો વધારે ભરોસાદાર ગણાય! હું મારી બરાકને ઓટલે બેઠો હતો અને તે તેની બરાકના ફળિયા આગળ ઊભો હતો.

'અજી બાત તો એસી હૈ,' તેણે મિત્રો સમક્ષ પોતાનું રહસ્ય ખુલ્લું કરતાં કહ્યું: 'કે ઉસ થાનેદાર કી લડકી સે મેરી મહોબ્બત થી. . .'

પોલીસે તેની સાઇકલ ખૂંચવી લીધી અને કપડાં ઝૂંટવી લીધાં એ વાત જેટલી શાંતિથી તેણે કરેલી તેટલી જ શાંતિથી તેણે આ પ્રેમકિસ્સાની વાત કહી. તેના ચહેરા પર કોઇ પણ જાતનો ભાવ કદી પૂર બહારમા ખીલતો જ નહિ. તેની આંખો ઘણી વાર ભાવશૂન્ય જણાતી. જો તે સાધારણ ગંભીર દેખાતો ન હોય તો તેના મોં ઉપર લુચ્ચાઇભરેલું સ્મિત ફરકતું

હોય. તેમાં પણ સ્મિત કરતાં લુચ્ચાઇનો ભાગ વધારે લાગે. આવું લુચ્ચાઈભરેલું સ્મિત (અથવા તો સસ્મિત 'લૌચ્ય') તેના ચહેરા પર ફરક્યું.

ભેગા થએલા મિત્રો તો તેને સાબાશી આપવા મંડી પડ્યા. એ ખીલ્યો. પણ અધૂરી રહેતી વાર્તાની જેમ વધુ રસિક ભાગ તો હવે આવવાનો હતો.

'ઔર ઉસ લડકી મેરે સે મહોબ્બત કરતી થી.'

તેના ભાઇબંધોમાં ખડખડાટ કરતા હાસ્યનું એક મોટું મોજું ઊછળ્યું. કેટલીક વારે સૌ શાંત થયા.

'ઇસ વાસ્તે થાનેદારને મેરે પર જૂઠા ઇલજામ લગવાયા.' ઉપસંહાર કરતાં તેણે કહ્યું.

હજુ સુધી મૅજીસ્ટ્રેટે તેને સજા કરી ન હતી એ મૅજિસ્ટ્રેટનું ધન્યભાગ્ય. એ પાકો કેદી બને ત્યારે પોતાના નવા દોસ્તદારોને શું કહેવાનો એ કળવું મુશ્કેલ ન હતું. થાણદારનું સ્થાન ત્યારે મૅજિસ્ટ્રેટને લેવું પડશે એ નક્કી હતું.

અમે ક્યારે છૂટવાના તે કોઇ જાણતું ન હતું. એક દિવસ પાકે પાયે ખબર આવી કે ઉપરથી હુકમ આવી ગયો છે અને અમારી રિહાઇ—મુક્તિ થવાની છે. હું મારો સામાન સંભાળવા મંડ્યો. એટલામાં રામદુલારી ત્યાં આવી પહોંચ્યો. કોણ જાણે ક્યાંથી એને આ બાતમી તરત જ મળી ગએલી.

'અજી, સુના હૈ કિ કલ આપ છૂટનેવાલે હો! ક્યા બાત હૈ?' તેણે પૂછ્યું.

મારો જવાબ સાંભળે તે પહેલાં તેની નજર મારા એક પરબિડિયા પર પડી. ટિકિટવાળું હોવાથી તરત તેનું મન લોભાયું હતું. યોગ્ય સ્થળે ગોઠવું તે પહેલાં તો ઝપ દઈને તેણે મારા હાથમાંથી તે લઈ લીધું. તેનો હાથ પોતાના ધંધામાં કેટલો પાવરધો હતો તેનો પ્રત્યક્ષ પરચો મને અહીં મળી ગયો.

'દેખો, હમ ચિઠ્ઠી લિખ કે ઇસમેં ડાલેંગે. આપ યે લિફાફા બાહિર જા કર ડાક મેં છોડ દેના.' તેણે પોતાના લુચ્ચાઇભર્યા સ્મિતથી કહ્યું.

આ ધૃષ્ટતા મને અસહ્ય લાગી. મેં કડક અવાજે કહ્યું: 'સુનો જી, યે બાત ઠીક નહિ હૈ.' અને પછી મેં તેને સમજાવ્યું કે બહાર નીકળતી વખતે મારી 'જામાતલાશી' લેવાય અને જો તેમાં આ તારી 'ચિઠ્ઠી' પકડાય તો તારો સત્સંગ કરવા દરવાજેથી જ મારે પાછા વળવું પડે. અને મારા કરતાં તો તારા જ વધારે ભોગ મળે એ વાત પણ માની લેજે. વળી અત્યારે તારી ઉપર એક કલમ પ્રમાણે કામ ચલાવવાનું છે તેને બદલે બે કલમ પ્રમાણે ચાલશે.

રામદુલારી પર કામધંધા વિના રઝળતા ફરવાનો અને ચોરી વગેરે કરવાનું મળે તો તે ચૂકે નહિ એવો શક હતો ને એક સો નવમી કલમ પ્રમાણે તેને એક વરસની સજા થાય તેમ હતું.

'ઔર તુમારે પર દો દફા લગ જાયગા.' મેં છેલ્લું વાક્ય પૂરું કરતાં કહ્યું.

આ શબ્દોની તેના પર કંઇ અસર થઇ કે નહિ તે હું કળી ન શક્યો. કાચના લંબગોળ મણકા જેવી ભાવશૂન્ય દેખાતી આંખોથી તે મારા તરફ તાકી રહ્યો. પછી મેં જોયું તો તેના મોં પર સહેજ લુચ્ચાઇભર્યું સ્મિત—પેલું સસ્મિત 'લૌચ્ય' ફરકી રહ્યું હતું.

તનસુખ ભટ્ટ

ઉત્કંઠા

· પૃથ્વી ·

થઇ કુસુમવૃષ્ટિ ને અરુણતેજ પૃથ્વી ભરે,
વદે સહુ 'કુમારસંભવ' થયે વધાઈ અને
અહા સરસ શોભતી કિરણકેલિ હેમંતની,
હદે નવલ સોણલાં રસવસંતને ઝંખતા.

ગયો રસવસંત એ, હૃદય ના, નમેરો બની
અને વદન બાળતો કઠણ ગ્રીષ્મ આ આવિયો:
'મરું,સહન શે થશે? જલદ ચેહ! તૃષા વધી!!
સુધા વરસ!
વદી શકુન, ચાતકે અમિત કંઠ ઊંચો કર્યો.


ઠાકોર ચોકશી



દિવસ ને રાત એક પછી એક વીતવા માંડયાં; પણ બેહુલા તો, એ જ રીતે ને એ જ ભાવથી, જેમની તેમ, મૃત સ્વામીને ખોળામાં રાખી, તરાપાની સાથે તણાયે જાય છે.

(બેહુલા)

ચિત્રકાર · રવિશંકર રાવળ



મથુરામાં જયપુરના મહારાજાએ બંધાવેલું મંદિર

ફોટો · પંચાણભાઈ વારા

દેવસ્વરૂપ તારાઓ*

પ્રસ્તુત લેખમાં કેટલાક તારાઓનો પરિચય કરી આપણા દેવોને ઓળખી લઈશું. વળી તેને પરિણામે આપણી જીવનચર્યા કેટલી યુક્ત છે કે અવળે માર્ગે ગઈ છે તેની પણ સિંહાવલોકન દૃષ્ટિથી સાથેસાથે તપાસ કરી ભૂલ્યા હશું ત્યાંથી પાછા ફરીશું. જ્ઞાન એ દીપક છે અને દેવનું જ્ઞાન આપણને સાચો માર્ગ અવશ્ય દેખાડશે.

શંકર

આપણે મહાદેવ શંકરનું ચિત્ર ખૂબ જોયું છે. પડખે પાર્વતી હોય ને જટામાં ગંગા હોય એ તેમની વિશિષ્ટતા છે. શંકરનું રૌદ્ર રૂપ કવિઓએ ત્રીજા લોચનથી કલ્પ્યું છે, ને તેનાથી કામને બાળીને ભસ્મીભૂત કર્યો છે. મૃગચર્મનું પરિધાન અને એકાંત નિર્જન સ્થળે વાસ એ પણ શંકર સાથે જોડાઈ ચૂકેલાં છે.

શાકુંતલમાં કવિ કાલિદાસે ઉત્પેક્ષા કરી છે: 'મૃગને અનુસરનાર સાક્ષાત્ શિવને જાણે જોઈ રહ્યો છું.' (અંક ૧, શ્લો. ૬.) એ મુજબ સારથી રાજાને કહે છે. આ ચિત્રમાં મૃગતારામંડળ પાછળ દોડી રહેલા અને સામાન્યતઃ 'વ્યાધ'–કે 'લુબ્ધક' ને નામે ઓળખાતા એક અત્યંત તેજસ્વી તારાનો નિર્દેશ છે. મૃગતારામંડળ અંગ્રેજીમાં ઓરાયન (Orion) નામથી પ્રસિદ્ધ છે. તેમાં વચ્ચે જાણે બાણ ફેંકયું હોય તેમ ત્રણ તારા છે ને તે ફેંકનાર તેજસ્વી તારો 'લુબ્ધક' તે અંગ્રેજીમાં Sirius (સીરિયસ) તરીકે ઓળખાય છે. આ તારો આપણા શંકરનું સ્વરૂપ છે. તેને આપણે શંકર યા 'રૂદ્ર' નામથી ઓળખીશું. રૂદ્ર સ્વરૂપ ક્રોધ સાથે યુકત થતાં સહેજે રક્તવર્ણ યાદ આવે છે. આજે આ તારો આપણને આસમાની તેજના અંબારરૂપ લાગે છે, પરંતુ ગ્રીક જ્યોતિષી ટૉલેમીએ (ઈ. સ. ૧૪૦) પોતે જોયું તેની જે નોંધ કરેલી છે તેમાં આ તારો એકદમ રક્તવર્ણનો નોંધેલો છે. વળી આ તારાના અંશનો સૂર્ય થતાં ગ્રીષ્મ ઋતુ હોય છે. (શાકુંતલમાં થોડા વખતથી ચાલુ થએલ ગ્રીષ્મનું સૂચન કવિએ વિવિધ રીતે કરેલું છે. સંધ્યા સમયે નાટક ચાલુ થયેલ છે ને આકાશ તરફ હસ્તનિર્દેશ કરી પાત્રો વસ્તુ સૂચવે છે.) મૃગમંડળના સાન્નિધ્યથી શંકરનું મૃગચર્મનું પરિધાન સમજી શકાય છે. વળી તે વિષુવરેખાથી દક્ષિણે હોઈ જાણે વસ્તીથી અલગ પડેલો પણ સમજી શકાય. તેની જટામાં–તારા પરત્વે તેના કિરણમાં (જટા=કિરણો) ગંગા રહેલી છે અને 'ગંગાધર' નામની રીતે તે યથાર્થ છે; કારણકે આ તારાની પાસેથી જ આકાશગંગા ચાલી રહેલી છે.* વળી આર્દ્રા નક્ષત્રના વિભાગમાં રૂદ્રના તારાનો અંશ છે તેની સાથે આર્દ્રા નક્ષત્રના અધિષ્ઠાતા દેવતા 'રૂદ્ર' છે તે વાત પણ જોડાઈ જાય છે. મૃગશીર્ષ નક્ષત્ર (મૃગમંડળમાં માથેના ઝીણા ત્રણ તારા) તેની પહેલાં આવે છે અને તેના અધિષ્ઠાતા દેવ 'સોમ' અર્થાત ચંદ્ર છે. ચંદ્રકળા શિવજીને માથે છે એ પુરાણોક્ત કલ્પનાનું સુંદર વર્ણન કાલિદાસે કર્યું છે: 'बाह्योद्यान स्थितहरशिरश्चन्द्रिका धौतहर्म्या' (मेघ०७) ઇ૦ જે દિવસે સૂર્યના અને રૂદ્રના તારાના અંશ સમાન હોય તે દિને શંકરના ઉપાસકો પૂજા અર્ચન કરી પોતાને કૃતાર્થ માને છે.

પશ્ચિમમાં આ તારાને Alpha Canis Majoris નામથી પણ ઓળખે છે. તેનો અર્થ 'મોટો કુતરો' થાય છે. આપણે ત્યાં પણ આ કલ્પના દાખલ થઈ લાગે છે, અને ત્રિમૂર્તિના સ્વરૂપમાં મહેશ-

---

* અપ્રસિદ્ધ સંશોધનસંગ્રહમાંથી તારવી કાઢેલું. આ લેખ વાંચતાં પહેલાં આની અગાઉના (૧૦૦ મા) અંકમાં પ્રકટ થએલો 'જ્યોતિષ્' વિષેનો પ્રાથમિક ભૂમિકાનો લેખ વાંચવાથી આની સમજણમાં સરળતા થશે.

* 'પાર્વતી' નામ હિમાલય પર્વતપુત્રી=નદી અર્થાત્ ગંગાસૂચક છે અને શંકરપાર્વતીનો સમાગમ તે રીતે સ્પષ્ટ થાય છે.

સૂચક વસ્તુ તરીકે ચિત્રમાં કુતરો મૂકેલો હોય છે. સ્વર્ગ તરફ (ઉત્તર તરફ) અંતિમ પ્રયાણ કરતા યુધિષ્ઠિરનો સહચારી કુતરો પણ વસ્તુતઃ આ જ હોય તેવો પૂરો સંભવ છે.

ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર ગૉસ્પેલમાં મહાપુરુષ 'જૉહ્ન બૅપ્ટિસ્ટ'ની કથા છે. તે એકાંતમાં રહેતો હતો, ઊંટના વાળનું વસ્ત્ર ધારણ કરતો હતો કડે કડબંધ રાખતો હતો વગેરે તેનું વર્ણન છે. સંભવ છે કે તેના વિષેની કલ્પના આ Sirius–રુદ્ર–ના તારા ઉપરથી ઊભી થઇ હોય. જે કોઈ આવે તેને પાણીની જોર્ડન નદીના ગંગોદકની અંજલિ આપી પુણ્યસંસ્કાર Baptism–(બેપ્ટીઝમ્) કરાવવાનું જૉહ્નનું વિશિષ્ટ કાર્ય હતું. આ તારાની પાસેથી આકાશગંગા ચાલી જાય છે. તેનો સંબંધ ઉપરની બેપ્ટીઝમની પાવન કરવાની હકીકતમાં તરી આવે છે. ને જૉહ્નની ભાષા જુઓ તો તેમાં જે તીખાશ છે તે સૌમ્ય કરતાં ઉગ્ર–રુદ્ર-સ્વરૂપની વધુ છે. વધુ હકીકત કન્યાપુત્રના પ્રસંગમાં આગળ ઉપર જોઇશું.

વિષ્ણુ

હવે આપણે 'વિષ્ણુ'નું સ્વરૂપ જોઇએ. ભગવાન વિષ્ણુનો મોટો ગુણ તેમનું ન બદલાવાપણું, અત્યંત સ્થિતપણું છે અને તારામંડળોમાં તે ગુણ માત્ર ધ્રુવના તારાનો પ્રસિદ્ધ છે. સદા કાળ તે એક જ સ્થળે ને એક જ સ્વરૂપે રહે છે. પરંતુ તેટલાથી તેનું સામ્ય નક્કી ન થાય. વિષ્ણુનું એક પ્રસિદ્ધ સ્વરૂપ "શેષશાયી ભગવાન" તરીકેનું છે. મહાસાગરમાં મહાન શેષ ઉપર ઢળતા બેઠેલા વિષ્ણુ, તેમના ચરણ પાસે લક્ષ્મી અને વિષ્ણુની નાભિમાં બ્રહ્મા રહેલા એવું એમનું ચિત્રદર્શન છે. કેટલાંક ચિત્રમાં એક બાજુ ગરુડ તથા અરૂંધતી સાથે સપ્તર્ષિને જોઇએ છીએ. આ સર્વ આકાશમાં પણ તારામંડળના એક મહાન ચિત્ર રૂપે આલેખાયાં છે. ધ્રુવ=વિષ્ણુ= Pole star (=Alpha Ursa Minoris) પોતાની પીઠે 'શેષ' સ્વરૂપ તે Draco 'ડ્રેકો' નામનું તારામંડળ છે, જેની ફણા વિષ્ણુને માથે આવે છે ને જેનો દેહ વિષ્ણુની પીઠ પાછળ હોય છે; અને તેની બરોબર સામે 'લક્ષ્મી' મંડળ – Cassiopeia–



'કાસીઓપીયા' નામનું તારામંડળ છે, જેની વચ્ચેથી આકાશગંગા પસાર થાય છે. શેષ અને લક્ષ્મી વચ્ચેના ભાગમાં Cepheus–'સીફ્સ' નામનું, નાભિકમળ પર બરાબર બ્રહ્માની આકૃતિ સૂચવતું તારામંડળ છે. 'રઘુવંશ'ના દશમા સર્ગમાં 'શેષશાયી ભગવાન'નું વર્ણન કવિ કાલિદાસે સુંદર શબ્દોમાં આપ્યું છે અને તેમાં નીચેનું વર્ણન ઉપરના તારામંડળોની રચનાને આબાદ લાગુ પડે છે.


ભગવાન વિષ્ણુના મુખમાંથી 'ભારતી'–વાણી બહાર પડી; અને તે કેવી હતી ! (રઘુ૦ ૧૦–૩૬, ૩૭) "વિભુ (વિષ્ણુ) ના વદનમાંથી દંત (પંક્તિના) કિરણો થકી, તે વાણી જાણે ચરણમાંથી ગંગા ઊંચે ચડી (વદનમાંથી) ફરી બહાર પડતી ન હોય !"

'ચરણમાં ગંગા' તે લક્ષ્મીના ખોળામાં વિષ્ણુના ચરણ અને લક્ષ્મી વચ્ચે ગંગા (આકાશગંગા) પસાર થાય છે. તે આ બંનેનું વર્ણન આકાશમાં બેસા

આવે છે. ચિત્રોમાં ને કાવ્યમાં શેષશાયી ભગવાન મહાસાગરમાં પોઢેલા હોય છે-એટલે ત્યાં ગંગા બીજી કઇ હોય ?

રઘુવંશમાં સર્ગ ૧૦–શ્લો૦૮ નું વર્ણન આ મુજબ છે:' પદ્મ ઉપર બેઠેલી, પાતળાં રેશમી વસ્ત્રથી અન્તરિત થયેલી, કટિમેખલા વાળી, ને કરપલ્લવો જેણે વિસ્તૃત કરેલા છે એવી લક્ષ્મીના ખોળામાં મૂકેલાં ચરણો વાળા વિષ્ણુને દેવોએ જોયા. '

ગંગા તો વહેતી હોય;અને સમુદ્ર વચ્ચે વહેતા પાણીમાં પદ્મ કયાંથી હોય ? કમળ=પંકજ : પંક–કાદવમાં જન્મવાવાળું. અર્થાત્ ગંગા નદી નહિ, પણ આકાશગંગા જ અહીં બેસતું આવે છે. વળી તે ચિત્રમાં ' પાતળાં રેશમી વસ્ત્ર ' કડના ભાગ પાસે છે તે વર્ણન, વચ્ચેથી આછી આછી આકાશગંગા આ તારામંડળમાંથી પસાર થઈ જાય છે તેનું દિગ્દર્શન કરાવે છે. આ રીતે, વિષ્ણુચરણને ' ગંગાસ્પર્શ ' થયો અને તેમાંથી ઉપર જણાવી તેવી દંતપંક્તિ પરત્વે કવિએ સુંદર કલ્પના કરી છે.



દેવશયની એકાદશી થતાં (તે કાળે) .વર્ષાઋતુ શરૂ થાય અને સપ્તર્ષિ તારામંડળ (Ursa Majoris) ચાલુ દેખાતાં હોય તેવી રીતે દેખાતાં બંધ થાય. પ્રબોધિનિ (એકાદશી) થતાં પુનઃ (તે કાળે) સપ્તર્ષિમંડળ રીતસર સંપૂર્ણપણે દેખાવા માંડે તેનું વર્ણન રઘુવંશ સર્ગ ૧૦, શ્લો૦૨૪ માં આમ સૂચિત છે: ' યોગનિદ્રા પૂરી થતાં વિષ્ણુને સુખસમાચાર પૂછનાર ભૃગુ વગેરે ઋષિઓ સાથે દેવોએ વિષ્ણુને જોયા.' સપ્તર્ષિના પ્રથમ તારાઓનો મઘા નક્ષત્ર સાથે સંબંધ છે અને તે રીતે ભૃગુઋષિનો સંબંધ યુક્ત થતો હશે. દેવશયનીનાં ઘણાં ચિત્રો તથા પથ્થર પર કોરેલા શિલ્પમાં અરુંધતિ સાથે સાત ઋષિઓ દર્શાવેલા હોય છે.

આ વિષ્ણુનું ચિન્તવન કવિના શબ્દોમાં નીચે મુજબ છે: ' તમને જ્યોતિર્મયને યોગી પુરુષો વિમુક્તિ માટે ચિન્તવી રહ્યા છે.' (રઘુ૦, ૧૦, ૨૩)

ગણેશ

ત્રીજું દેવસ્વરૂપ આપણે શ્રી ગજાનનનું નિહાળીશું. દરેક મંગળ કાર્યમાં ગણેશને યાદ કરી આરંભ કરવાનો હોય છે. વિઘ્નને ટાળનાર, સમૃદ્ધિ કરનારા આ દેવ હિંદમાં અને અન્યત્ર ખૂબ પૂજાપાત્ર થયા છે. સમાજનો પ્રત્યેક વર્ગ આ દેવનું અર્ચન કરી પ્રસાદ મેળવે છે. મુખ્યત્વે હાથીના માથાને લીધે તેમનું સ્વરૂપ અન્ય દેવોથી જુદું પડે છે. તેમનું વાહન ઉંદર છે ત્યાં કલ્પનાની પણ ગમ્મત લાગે છે. કાયામાં ઉદરપૂર્તિની ભાવના ખૂબ છે ને આખું બાળસ્વરૂપ છે. પાર્વતીજીએ તેમનું નિર્માણ કરી દ્વારપાળ તરીકે રાખ્યા. પોતાની માતાનો હુકમ બજાવતાં શંકરના ક્રોધનો પોતે ભોગ થઈ પડ્યા. પછી જ્યારે સાહસ થયાની જાણ થઈ ત્યારે નિવારણ કરવા માટે બહાર જતાં શંકરે મરેલો ' હાથી ' જોયો અને તેનું માથું મૂકી તે બાળકની પ્રાણપ્રતિષ્ઠા કરી. આ રીતે ગજાનન દેવનો મહિમા થયો.



હાથીનું સૂચક આપણે ત્યાં "હસ્ત" નક્ષત્ર છે. હાથીને હાથનું કામ સૂંઢ આપે છે એટલે હસ્ત શબ્દ સૂંઢદ્વારા હાથીનો સૂચક પણ બને છે. વર્ષાઋતુમાં ' હાથીઓ વરસ્યા 'નું કહે છે ત્યારે તે દિવસોમાં સૂર્ય સાથે હસ્ત નક્ષત્રનો યોગ હોય છે. સૂર્યથી આ હસ્ત નક્ષત્ર સૂર્યતેજમાં લોપ પામ્યું હોય ત્યારે તેને 'મૃત્યુ' પામેલું ગણીએ. તે હસ્તના લોપ થવા સાથે આકાશમાં દક્ષિણ તરફ પૂર્વમાં જે અત્યંત તેજસ્વી–રુદ્રના તારાથી જ ફક્ત થોડા ઊતરતા તેજવાળો–તારો પ્રગટ થાય છે તે, દક્ષિણ દિશાનો અધિપતિ વિખ્યાત ' અગસ્ત્ય ' (' Canopus '=' alpha

Argo Navis') છે. આ તારાના દર્શનની સાથે પૃથ્વી પર મંગળ વર્તી રહે છે. ગણેશનું તે પ્રતીક છે. (ઓછામાં ઓછા બે હજાર વર્ષ પહેલાંની આ કથા ગણીએ.)

વર્ષાઋતુ પૂરી થાય છે અને ખેતરો ધાન્યપૂર્ણ થાય છે, રસ્તાઓ અને નદીઓ ચોકખાં થાય છે, ભંડારો ભરપૂર થાય છે તથા તમામ વ્યવહાર ચાલુ થાય છે. મહેનતનું પરિણામ બેઠેલું હોય છે. ગ્રીષ્મ ને વર્ષામાં મહેનત કરેલી હોય તે બધી સફળ થયેલી હોય છે. તેમાં ઉંદર પણ ભાગ પડાવે ખરોને? એ પણ કુદરતનો પ્રતિનિધિ છે. ધાન્યથી કોઠીઓ ભરાય તેની સાથે 'લંબોદર'ની સાર્થકતા કેમ ન હોય?

એથી વિશેષ:-વર્ષાના (અને તે રીતે Hydra સર્પમંડળરૂપ દાનવોના) ત્રાસનું નિવારણ કરનાર પણ આ મહાન તારો ગણાયો અને તેથી વિઘ્નહર થયો. અગસ્ત્ય ઋષિનો જન્મ કુંભમાં થયાની કથા છે. રઘુવંશમાં અગસ્ત્ય વિષે શ્લોક છે:"કુંભમાં (ઘટમાં? કે કુંભસ્થળ સૂચિત હાથી એવા હસ્તનક્ષત્રમાં?) જેની યોનિ છે એવા મહાન તેજવાળા અગસ્ત્યના દર્શનથી પાણી નીતરી નિર્મળ થયાં." (રઘુ૦, ૪, ૨૧)

ખૂબ નીચે દક્ષિણમાં છે તેથી દ્વારપાળ જેવો થયો. પૂર્વ ક્ષિતિજમાં આ તારો કિંચિત આશ્લેષા ને મઘા નક્ષત્રની સાથે રોજ સાંજે ઉદય થાય છે. સંભવિત છે કે સર્પમંડળ (હાઈડ્રા)ની ફેણા જે આશ્લેષા નક્ષત્ર છે તેને નાથનાર બાળ કનૈયાની કલ્પના પણ આમાંથી જ ઉદ્ભવી હોય. અગસ્ત્યપૂજાએ આર્યજીવનમાં જુદાજુદા યુગમાં જુદોજુદો અપૂર્વ ભાગ ભજવ્યો છે. *પ્રાચીન પરશુરામનું સ્વરૂપ,તેથી પ્રાચીન કાર્તિકેયનું સ્વરૂપ, પછી શ્રી કૃષ્ણનું સ્વરૂપ આ તારાના અને જુદાજુદા તારામંડળ તથા સૂર્ય સાથેના યોગોમાંથી પ્રકટ થાય છે. અહીં તેનો વિસ્તાર નહિ કરીએ, પરંતુ તેની છાયા બીજે નવીન સ્વરૂપે ખ્રિસ્તી ધર્મમાં ઊતરી છે તેનો થોડો ઉલ્લેખ કરીશું.

ક્રાઇસ્ટના જન્મ વખતે પૂર્વમાં જે તારો દેખાયો તેનો ભાવપૂર્ણ ઉલ્લેખ ગૉસ્પેલ ગ્રંથમાં છે. ભરવાડો કહે છે: 'We saw his star rise in the east' (અમે તેના તારાનો ઉદય પૂર્વમાં થતો જોયો). તે નિર્દેશ અગસ્ત્ય દર્શન પરત્વે છે. જે રાશિમાં અગસ્ત્યનું દર્શન છે તે કન્યા રાશિ છે અને તે રીતે આ "કન્યા-પુત્ર"—ક્રાઇસ્ટ પ્રસિદ્ધ થાય છે. Virgin birth—કન્યાને પુત્ર અવતરે-તે કલ્પનાનું આ મુખ છે અને તે કલ્પના પ્રતીત ન થવાથી તે વિષયમાં અપરંપાર વિવાદો ને વિતંડા ચાલ્યા છે. સુતારનો પુત્ર પણ યોગ્ય જ છે. કારણકે કન્યા રાશિમાં 'ચિત્રા' Spica=Alpha Virginis નક્ષત્ર છે તેના અધિષ્ઠાતા દેવ 'ત્વષ્ટ' =વિશ્વકર્મા છે. વિશ્વકર્મા એટલે મહાન સર્જન કરનાર દેવ અને લોકભાષામાં સુતાર પણ થાય છે. ક્રાઇસ્ટ વિશ્વકર્માનો કહો કે સુતારનો પુત્ર છે. વળી અગસ્ત્ય જે મંડળમાં છે તેનું નામ નૌકામંડળ છે અને ક્રાઇસ્ટના ઉપદેશો ઘણે ભાગે સંધ્યાવખતે થોડો વખત જ નૌકામાં થતા રહ્યા છે તે ગૉસ્પેલ વાંચનારા સારી રીતે જાણે છે.



અગસ્ત્ય તારાનો સૂર્યના કિરણમાં લોપ, વૃષ રાશિમાં સૂર્ય આવે કે થવા માંડે છે. તે સમયે સાંજે ક્રૉસ આકારનું Southern Cross (દક્ષિણનો ક્રૉસ) નામનું તારામંડળ દક્ષિણમાં દેખાવા માંડે છે. ક્રાઇસ્ટની અંતિમ કથા સાથે 'ત્રીશ' સિક્કા જોડાયા છે. જાણે ત્રીશ સિક્કા માટે-For thirty pieces of silver'-આ પરિણામ આવ્યું! આ ત્રીશ સિક્કા નથી પણ વૃષ રાશિના 'ત્રીશ' અંશ છે. જે રીતે એ કથા લખાઈ છે તે રીતે આ કૃત્ય અત્યંત નિન્દનીય થયું છે અને 'જ્યુડા'ના તે પ્રકારનો 'ગુન્હો' સમય જતાં આખી જ્યુ-યહૂદી જાતિનો મનાઈ ગયો છે! ક્રૉસ તારામંડળ ગ્રીષ્મ ઋતુ થતાં દેખાવા માંડે છે અને તેનો નિર્દેશ શાકુંતલમાં બીજા અંકમાં વિદૂષકના મુખમાં આ રીતે મૂકેલો છે: 'ત્રિશંકુની જેમ લટકતો રહે.' તે તારામંડળને આપણે 'ત્રિશંકુમંડળ' નામથી ઓળખીશું. રુદ્રના તારાનો લોપ થયા પછી તેનું (રૂદ્રતારાનું) પાછું દર્શન થાય છે તે અગસ્ત્યના દર્શન કરતાં વહેલું થાય છે કારણકે અગસ્ત્ય બહુ દક્ષિણમાં છે જ્યારે રુદ્ર તેની પરત્વે ઉત્તર તરફ છે. આ વસ્તુસ્વરૂપ સાથે જૉહ્ન બૅપ્ટિસ્ટનું

* ઋગ્વેદના બૃહસ્પતિ તથા વિષ્ણુ દેવનું ને તે પછીનું.

વાક્ય યાદ કરવા જેવું છે: " He who comes after me, is greater than me " (જે મારી પછી પ્રકટ થયેલો છે તે મારા કરતાં પણ મોટો છે.) અગસ્ત્યના આ સંબંધો પ્રતીત નહિ થવાથી ક્રાઈસ્ટની જન્મતારીખમાં પણ 'કન્યાપુત્ર'ના ભાવાર્થ જેવો ગોટો રહ્યો છે. ઈ. સ. ૫૩૨ લગભગ ખ્રિસ્તનો સંવત તો પહેલી જ વાર ગોઠવવામાં આવ્યો ! ગુરુત્વાકર્ષણની શોધ કરનાર સર આઈઝેક ન્યૂટને પશ્ચિમનો જૂનો ઈતિહાસક્રમ (Chronology) તપાસી કહ્યું છે કે " ખ્રિસ્તી સંતપુરુષોના ઉત્સવો જુદીજુદી સક્રાન્તિના દિવસોએ ગોઠવી દીધાં; અને જુદાજુદા સંપાત તથા અયનોને પણ તેવી રીતે સ્થાન આપ્યું. તેમાં એક અયનનો સમય ક્રાઇસ્ટના જન્મદિનનો ઠરાવ્યો લાગે છે." ઘણાં કારણોસર આજે આપણે કહી શકીએ છીએ કે આ તા. ૨૫ ડિસેમ્બરનો દિન ખોટો છે પરંતુ તેનો દિન શરત્સંપાત પાસે મૂકવો જોઈએ. ' જ્યારે તે આવે છે ત્યારે કોઠાર ભરાઈ ગયેલા હોય છે, તે મતલબનું ગૉસ્પેલ વાક્ય (Harvest) નું શરત્સંપાત સૂચક છે.

જીવતો સંબંધ

ઉપરનો સંક્ષેપમાં દર્શાવેલો દેવસ્વરૂપનો નિર્દેશ એટલું સૂચવશે કે ' સત્ય પ્રતીતિ થતાં માન્યતાફેર જરૂર થશે; ' અને જૂની માન્યતાથી ઊભા થએલા સમાજના દોષો દૂર થતાં પછી વિલંબ નહિ થાય. મંદિરોમાં તારામંડળના સ્વરૂપ પરથી દેવસ્વરૂપની રચના છે એટલે ' સ્પૃસ્યાસ્પૃસ્ય ' ની વાત મંદિરો પરત્વે નિર્મૂળ થશે. પૅલેસ્ટાઈન માટે અનેક રાજ્યોને પૈસાથી હથેલીમાં રાખી લડી મરતા દુનિયાભરના યાહુદીઓ અને નિરાધાર આરબો વચ્ચેનો ઝઘડો અર્થહીન થઈ પડશે. કારણકે અગસ્ત્યદર્શન અક્ષાંશ ઉત્તર ૩૫ સુધી તો દુનિયાના ગમે તે સ્થળે રહી કરી શકાશે તથા તે વખતે ગૉસ્પેલ વાંચી તેનો મર્મ પ્રાપ્ત કરી શકાશે. પરંતુ તેને માટે પૅલેસ્ટાઈનમાં દાખલ થઈ ત્યાંની વસાહની ગરીબ આરબી વસ્તીને હાંકી મૂકવાની કે પૅલેસ્ટાઈન પાછળ ઇંગ્લંડમાં તથા બીજે ધન વેડફી નાખવાની કશી જરૂર નહિ રહે.

વળી બ્યૂડાની કથા ક્રાઈસ્ટ પરત્વે ઉપરોક્ત રીતે સમજાતાં યાહુદી જાતિ માટે જે તિરસ્કાર જમાનાઓ થયાં ખ્રિસ્તી વર્ગમાં ફેલાઈ રહ્યો છે તે નિર્મૂળ થશે. યોગ્ય પ્રતીતિના અભાવે દોઢ હજાર વર્ષ ઉપરાંત તમામ ખ્રિસ્તી દેશોમાં યાહુદીઓ ઉપર સામાજિક તથા રાજકીય પ્રકરણમાં અને પ્રજાકીય વ્યવહારમાં અન્યાય ને તિરસ્કાર સાથે જુલમો થતાં રહ્યાં છે. હવે તે વસ્તુઓ યથાર્થ સમજાતાં યાહુદીઓને સર્વત્ર સ્થાન તથા વિશ્રાન્તિ મળશે અને તેમને દેશાટન કરવાં નહિ પડે. હાલ તો જેમ તેમને ખ્રિસ્તીઓને હાથે અન્યાય સહન કરવો પડયો છે તેમ તેમના નિમિત્તે અને તેમની સંમતિથી તથા તેમના પૈસાની હુંફથી આરબોને અન્યાય થવા માંડયો છે. એ બંને પ્રકરણ પાછળ ભ્રાંતિ જેનું મૂળ છે એવી ધર્મકથાની વિપરીત સમજણ છે. જ્ઞાનના લોપ સાથે દુનિયામાં કેટલીકેટલી વિકૃતિ થાય છે તેનો એક દાખલો એ યાહુદી–ખ્રિસ્તી–આરબોના દાખલામાં છે. જ્ઞાનનો પુનરૂદ્ધાર થતાં તે વિકૃતિ શાંત થશે (તેમાં શંકા નથી) ત્યારે જ્ઞાનના પ્રભાવનો ઉત્તમ દાખલો પૂરો પડશે.

હવે આપણે વિદ્યાર્થીવર્ગની પૂજ્ય શારદા દેવીની નોંધ લઈ આ લેખ સમાપ્ત કરીશું.

શારદા

સૂર્ય જ્યારે ચિત્રા (Spica=alpha Virginis) નક્ષત્રમાં હોય છે તે વખતે (આસો શુદિ સાતમ–નોમ આસપાસ) સરસ્વતીનું આહ્વાન, પૂજન, વિસર્જન ઇત્યાદિ થાય છે. આ નક્ષત્ર લક્ષ્મીમંડળ (કાસીઓપીયા) સામે લગભગ રહે છે એટલે વિક્રમોર્વશીય નાટકમાં કવિ કાલિદાસે નિર્દેશ કરેલી વસ્તુ " પરસ્પરનો વિરોધ કરી રહેનારી અને જેનો એક સંશ્રય (સ્થાન) દુર્લભ છે એવી શ્રી અને સરસ્વતી " ને હવે યાદ કરી લઈએ. શેષશાયી ભગવાનનું સ્વરૂપ જોયું ત્યારે શ્રીનું નિરુપણ કર્યું છે. હવે શારદાનું સ્વરૂપ જોઈએ. સરસ્વતીનું અન્ય નામ શારદા છે જે શરદૃઋતુજન્ય છે. શરત્કાળનો પ્રાદુર્ભાવ (એક વખતે) ચિત્રા નક્ષત્રનો સૂર્ય હતો ત્યારે થતો હતો અને આશ્વિન સુદિ ૧૫ શરત્પૂનમ તરીકે પ્રસિદ્ધ છે. શરદિભવા= શારદા એ પ્રકારે શારદાનું મૂળ સ્વરૂપ પ્રકટ થાય છે.

ચિત્રા નક્ષત્ર કન્યા રાશિનું અંગ છે અને એ રીતે શારદા સદા કાળ કન્યકા છે. ચિત્રાનો વર્ણ ઉજ્જવળ મોતી જેવો કહ્યો છે ને આજે પણ તેનો તેવો જ સુંદર વર્ણ છે. તેના અધિષ્ઠાતા દેવ ત્વષ્ટ છે તે જોતાં તેને બ્રહ્માની પુત્રી કહી છે તેમાં શું ખોટું છે ?

શારદાનું નામ ઋતુ સાથે જોડાતાં ચિત્રા નક્ષત્ર સમયના ઋતુના ફેરફારો કલ્પનામાં ઓતપ્રોત થાય છે. વર્ષાઋતુનાં પાણી ઓસરી જતાં નિર્મળતા આવે છે; એટલે હંસ પણ પ્રકટ થાય છે. (જૂની માન્યતા પ્રમાણે વર્ષાકાળ ગાળવા માન સરોવરમાં હંસ ચાલ્યા જાય છે. અને વર્ષા પૂરી થતાં પાછા ફરે છે.) શારદાનું વાહન હંસ થાય છે. કેટલેક સ્થળે શારદા મયૂરવાહિની પણ છે અને તે પણ અયોગ્ય નથી; કારણકે તે સમયે સપ્તર્ષિનું પુનર્દર્શન સંપૂર્ણ થયેલું હોય છે. સપ્તર્ષિનું બીજું નામ ચિત્રશિખંડી છે જે મોર અર્થનું સૂચક છે અને તે રીતે શારદા હંસવાહિની ઉપરાંત મયૂરવાહિની પણ થાય છે.

શરત્કાળના તુષાર, શરત્કાળનાં કુન્દ પુષ્પો, શરત્કાળનાં ધવલ વસ્ત્રો તથા કુદરતી અલંકારો શારદાના સ્વરૂપમાં આલેખાય તે તદ્દન સ્વાભાવિક છે.

તે વખતે–તે રાશિમાં–દુનિયાભરમાં અગસ્ત્ય દેખાય છે. ગણેશ પ્રકરણમાં અગસ્ત્યનો વિચાર કરતાં આપણે 'કન્યા પુત્ર' નું મહત્ત્વ પણ જોયું. તેમાં કન્યકા (ચિત્રા) નો હિસ્સો જેવોતેવો નથી.

પશ્ચિમમાં કન્યા રાશિના ચિત્રમાં કન્યાના હાથમાં ધાન્યનું ડૂંડું આપેલું હોય છે. આ વખતે ખેતરો સમૃદ્ધિપૂર્ણ થયાં હોય છે અને કુદરતની કૃપા સંપૂર્ણપણે વિસ્તાર પામેલી હોય છે. આ નક્ષત્ર આસપાસ પૂર્ણ કળાવાન ચન્દ્ર હોય ત્યારે તે પૂર્ણિમાને ચૈત્રી પૂનમ કહેવાય છે અને તેવા સુંદર યોગનું વર્ણન 'चित्राचन्द्रमसोरिव' (રઘુવંશ૦ ૧, ૪૬) ઉપમાથી કવિ કાલિદાસે કર્યું છે. શારદા શબ્દનો બીજો અર્થ વીણા થાય છે અને તે રીતે શારદા વીણાધારિણી થાય છે. આ શારદાનું પૂજન વિદ્યા તથા અર્થની સિદ્ધિ માટે પ્રજાના સર્વે વર્ગો કરે છે, કે જેથી પોતાનો પુરુષાર્થ ફળદાયી થાય. ગણેશાય નમઃ અને શારદાય નમઃ એ રીતે બંનેને યાદ કરી પ્રજાવર્ગ પોતાના કાર્યમાં તત્પર થાય છે.

આકાશદર્શનનો મહિમા આપણા જીવનમાં ભૂતકાળમાં ખૂબ હતો અને જુદીજુદી રીતે વર્તમાન જીવનમાં પણ છે. ભવિષ્યજીવન માટે આપણે દરેકે આકાશદર્શન અને દેવસ્વરૂપ સમજી લેવાં પડશે તે વિષે લેખકને પોતાને લેશમાત્ર સંદેહ નથી.

હીરાલાલ અમૃતલાલ શાહ

હડતાળ

'વખતથઈ ગયો છે. આજ તો તમે મિલમાં જવાના છો ને ?'

'ના, ના. ક્યાં હજી હડતાળ ખોલાણી છે ?' સોમાભાઈએ ઊંઘમાંને ઊંઘમાં જવાબ આપ્યો.

'પણ તમે જાગો તો ખરા.' તેની વહુએ ઢંઢોળતાં કહ્યું. 'કાલ ઘરવાળો આવ્યો'તો તે કહેતો, 'તો કે બે મહિનાનું ભાડું ચડી ગયું છે તે, એ આજે સાંજે આવશે, અને એક મહિનાનું ય ભાડું નહિ આપીએ તો મકાન તુરત ને તુરત ખાલી કરાવશે.'

નિઃશ્વાસ નાખીને એ પથારીમાંથી ઊભો થયો.

મિલમાં પંદર દિવસથી હડતાળ હતી. મજૂર મહાજન અને બીજાઓના પ્રયાસ છતાં કાંઈ નિવેડો આવ્યો નહોતો. મજૂરોએ પણ હઠ પકડી હતી. પગાર મળવાને બે દિવસની રાહ હતી અને હડતાળ પડી હતી, એટલે પગાર પણ મળ્યો નહોતો. ટૂંકા પગારના નોકરોને પગાર મળતાં એકબે દિવસ મોડું થાય તોપણ કેટલી મુશ્કેલી પડે છે એ અનુભવે સમજાય તેવું છે. તેને બદલે પંદર દિવસ થઈ ગયા હતા. થોડા દિવસ તો ઓળખીતાઓ પાસેથી રૂપિયો બે રૂપિયા, એમ ઉછીનું લઈને ચલાવ્યું. હવે ઉછીના માગવાનું કોઈ ઠેકાણું રહ્યું નહોતું. છતાંય મળે તો લેવા. તે મોઢું ધોઈ બહાર નીકળ્યો.

મિલની બાજુમાં હોટેલ હતી. તે હોટેલમાં, મિલ ચાલતી ત્યારે દરરોજ ચ્હા પીવા તે જતો. ઘણા

દિવસના પરિચયે તેની સાથે ઓળખાણ થઈ હતી. રૂપિયા દોઢ રૂપિયા સુધી તે તેને ઉધાર આપતો અને મિલનો પગાર આવતો ત્યારે તે પાઈ જમા કરાવતો. આજે તેના પગ તે તરફ યંત્રવત ઊપડયા.

હૉટેલથી મિલનો દરવાજો દેખાતો હતો. મિલમાં સ્મશાનની શાંતિ હતી. રડયાખડયા કોઇ કોઈ મજૂરો આજુબાજુ આંટા મારતા હતા. કોઇ અંદર જોવાની પણ હિંમત કરી શકતું નહિ. થોડીવાર એ બધું જોતો તે ઊભો રહ્યો. હૉટેલવાળો થડા ઉપર બેઠો હતો. મિલમાં હડતાળ પડી હતી તેથી તેને પણ ઘરાકી ઓછી હતી. તેને જોતાં તેણે પૂછયું, 'કાં, સોમાભાઇ, આ હડતાળ કયારે ઊઘડે છે?'

'ભગવાન જાણે!' કહી તે હૉટેલમાં ગયો. હૉટલના અંદરના ઓરડામાં અંધારૂં હતું, છતાં બધા અંદર જ ચ્હા પીવા બેસતા. બેત્રણ ટેબલ અને બાંકડા ગોઠવ્યા હતા. ચ્હા બહાર થતી. 'એક સિંગલ'ની વરધી આપી તે અંદર ગયો અને હૉટેલવાળા પાસે કેવા રીતે પૈસા માગવા તેનો વિચાર કરવા લાગ્યો. સામા ખૂણામાં કોઇ ધામેથી વાતો કરતા હતા. ત્રુટક ત્રુટક સંભળાતું હતું. હડતાળ, શેઠ અને મજૂર એવાં વાકયો સંભળાતાં હતાં. વખતે હડતાળ ઊઘડવાની વાતો થતી હશે એવી આશાથી તેણે પ્યાલામાંથી રકેબીમાં ચ્હા નાખતાં કાન માંડયાં. તેને એક જણનો ઘોઘરો ઘાટો સંભળાયો: 'સા—આપણી મજૂરી ઉપર મોટરોમાં મ્હાલે, પલંગમાં પોઢે અને તાગડધિન્ના કરે, પણ સા—ને આપણા માટે આટલુંય કરતાં મોત આવે છે! હડતાળથી તો હવે કંટાળી ગયા. કાંઈક નવાજૂનું હવે તો કરવું જોઇએ.'

'મિલ જ સળગાવી મૂકવી. જાણે તો ખરો કે મળ્યા'તા.' બીજાએ જવાબ આપ્યો.

'પણ કેવી રીતે?'

'બૉઇલર વરાળ ચડાવીને તોડી નાખવું.'

'હવે તો ભૂખ ભેગા થઈ ગયા. આજ રાતે જ કરી નાખો.'

'જરૂર'

'સાંજે તું અને રામલો મારે ત્યાં આવજો.'

'લ્યો ભૂલતો નહિ, હો! જરૂર'

સોમાભાઈના કાન ચમકયા. આ શું? આ બધા મિલ ઉડાડી નાખવાની વાતો કરે છે! તો તો પછી...' તેના વિચારોની ગતિ અટકી ગઈ. પેલા બે જણા ચાલ્યા ગયા. ઊઠીને પાછળ જઈ ઓળખવાની મરજી થઇ પણ તેને તે ઠીક ન લાગ્યું. તે ચ્હા પી રહ્યો હતો એટલે છોકરો આવી ચ્હાના પ્યાલારકેબી લઈ ગયો. હવે કઈ રીતે પૈસા માગવા તેનાં વાકયો ગોઠવતો તે ઊઠીને બહાર આવ્યો. છોકરાએ બૂમ પાડી. 'બે પૈસા...' હૉટેલવાળાએ હાથ ધર્યો.

'પૈસા આપવા તો બાજુએ રહ્યા, પણ હું તો આજ થોડાક પૈસા માગવા આવ્યો છું.'

'હમણાં સોમાભાઈ, પૈસાની વાત કરશો મા. તમે જુઓ છો ને, કેટલી ઘરાકી હતી અને કેટલી રહી છે? હૉટેલનું ખર્ચ નથી ચાલતું.'

'મારે ઝાઝા નથી જોઇતા. પાંચેક રૂપિયા આપો. આ હડતાળ ઊઘડશે એટલે ચડયો પગાર આવશે તેમાંથી તુરત જ આપી દઈશ.'

'ભાઈ, બધાની સાથે સંબંધ; સહુ માગે. મારે તે કેટલાકને આપવા?'

'પણ રૂપિયે બે આના વ્યાજ લેજો, પછી છે?'

'હડતાળ કયાં સુધી ચાલશે એ નક્કી છે? રૂપિયા હોય તો તમને ના પાડું?'

સોમાભાઈનું મોઢું ઊતરી ગયું. કેટલી આશાઓ બાંધીને તે અહીં આવ્યો હતો! તેનો આશાબંધ તૂટી જતાં રડતા હૃદયે 'ઠીક. આ બે પૈસા તો નોંધી લેજો.' કહી તે હેઠે ઊતર્યો.

'આવી ઘરાકી સારી' એમ હૉટેલવાળાએ કહ્યું તે સાંભળ્યું પણ નહિ, અને તે રસ્તે પડયો.

૨

રસ્તામાં તેને પોતે સાંભળેલા શબ્દો ફરી યાદ આવવા લાગ્યા. શેઠ તો એ જ લાગનો છે. પણ જો મિલને નુકસાન થાય તો પછી મિલ કયારે ઊઘડે? અને કેટલા માણસો તેના જેવી ભૂખમરાની સ્થિતિમાં પીડાય? મિલ સળગી જાય તો શેઠને કેટલુંક નુકસાન? એને કરોડોમાં નહિ વરતાય, પણ પોતાની બાર આનાની દાડી બંધ થાય; અને મજૂરી શોધતાંય મળે નહિ. પછી ચોરી કરવી, ભીખ માગવી કે શું કરવું?

સોમાભાઈ મિલમાં પીલાઇ ગએલો પણ જુવાન હતો. તેની નસોમાં જરા ધીમી ગતિએ પણ જુવાનીનું લોહી વહેતું હતું. તેણે નિશ્ચય કર્યો. મૃત્યુ અને જીવનવચ્ચે તેને મન ઝાઝો તફાવત નહોતો.

'અત્યારે પૈસા નથી મળ્યા; સાંજે થાય તે ખરૂં.' કહી તે જમવા બેઠો. જરા સૂતો અને સાંજે વહેલા ખાવાનું કહી તે બહાર ગયો. પૈસા અને મજૂરી કે નોકરી માટે ચારે તરફ આંટા માર્યા. સાંજે ઘેર આવ્યો. જમ્યો. મિઠાશથી વાતો કરી. ઘર તરફ ફરીફરીને જોયું અને ઝડપથી મિલ તરફ ઊપડ્યો.

તે ફરી પાછો હૉટેલ પાસે આવ્યો ત્યારે સંધ્યાકાળ વીતી ગયો હતો. થોડીવાર તે હૉટેલમાં જઈને બેઠો. હજી તેના હૃદયમાં ગડમથલ થઈ રહી હતી. તેને 'જાઉં કે ન જાઉં'નો પ્રશ્ન હજી ગૂંચવ્યા કરતો.

'સોમાભાઈ, બહુ વાર બેઠા. શું વિચાર કરો છો?'

'જુઓને આ હડતાળનું તે શું થાશે? ખાવા દાણા ય હવે તો ખૂટવા માંડયા છે.'

'વખત બહુ બારીક આવ્યો છે. કાલની કાંઇ ખબર પડતી નથી.'

સોમાભાઈ ઊઠીને બહાર આવ્યો. હવે તેને લાગ્યું કે જવાનો વખત થયો છે. મિલની પછવાડેની વંડીની ઈંટ ખવાઇ ગએલી હતી, એટલે જઈ શકાય તેમ હતું. તે અંદર ઊતર્યો.

બૉઈલરરૂમ એક બાજુના છેડે હતો. મિલ ઘણા દિવસથી બંધ હતી એટલે કોઇ તે તરફ જતું નહોતું. ચોકીદારો પણ નાકાના પહેરાવાળા પાસે બેસી ગપ્પાં મારતા હતા. તેને બૉઇલર તરફ ઉજાસ જણાયો. હડતાળ ક્યારે ઊઘડશે એ નક્કી નહોતું અને સંદેશા ચાલતા હતા, એટલે બૉઈલર ગરમ રાખવા માટે થોડાથોડા કોલસા ફાયરમેન નાખતા હશે એમ લાગતું. પવન ન આવે અને દિવસે તાપ ન લાગે એટલે શણિયાનો પડદો બૉઇલરરૂમ આડો નાખ્યો હતો. તે ત્યાં ગયો અને પડદાના કાણામાંથી જોયું તો એક ખૂણામાં બે માણસો મોઢામાં ડૂચા મારી બાંધેલા પડ્યા હતા. ત્રણ માણસો આંખો મીચીને જોશભેર બૉઇલરમાં કોલસા ઠલવ્યે જતા હતા. વરાળ માપવાના ઘડિયાળમાં વરાળની ડિગ્રી વધતી જતી હતી અને વરાળનો અવાજ આવ્યે જતો હતો. એક કલાક વીતી ગયો. હવે વરાળનું જોર વધતું જતું હતું. થોડીવાર પછી પાછળ જોતાજોતા એ માણસો ચાલ્યા ગયા. બૂમ પાડવી કે શું કરવું તે તેને કાંઇ સૂઝ્યું નહિ. પ્રલયના ઝંઝાવાત શો વરાળનો ભયાનક અવાજ આવતો હતો. હવે જો ક્ષણની ઢીલ થઇ તો આ બધુંય ઊડી જવાનું. ચોકીનાં માણસો પણ અવાજ વધતાં આવ્યા હતા. ચારે તરફ દોડાદોડ થઈ રહી હતી. પરંતુ કોઈ અંદર જવાની હિંમત કરી શકતું નહિ.

સોમાભાઈ આંખો મીચીને અંદર કૂદી પડ્યો. વરાળથી તેનું શરીર દાઝતું હતું. એક હાથમાં તેણે કોલસાનો પાવડો લીધો. દોડીને એક સ્ટીમ કૉક ખોલી નાખ્યો. બીજી તરફથી ભયંકર વજ્રપાત શા કડાકા સાથે બૉઇલરમાં નાનો ચીરો પડ્યો. તેમાંથી વરાળ અને ગરમ પાણી ઊડવા માંડ્યું તેણે વેદનાથી હોઠ બીડી ગભરાયા સિવાય પાવડાથી પાણી માપવાની કાચની શીશી ફોડી નાખી. પાવડો ફેંકી દીધો. ફોલ્લાં પડેલા હાથે પાણીનો કૉક ખોલી નાખ્યો ત્યાં તેના પગ પર ગરમ પાણી પડવાથી દાઝ્યો અને એક ચિત્કાર નાખી તે જમીન પર પડ્યો.

બે કલાક સુધી પ્રલયના પ્રચંડ ગડગડાટને ભૂલાવે તેવા ભયંકર કડાકા સાથે વરાળ ઊડતી રહી. મહામહેનતે તે શાંત કરીને લોકોએ અંદર જોયું તો સોમાભાઇનું શરીર પીડાથી તરફડતું પડ્યું હતું. અને મિલ તથા તેના સંચા જેવા ને તેવા ઊભા હતા.

'રસનિધિ'

ચંદુને નખ કરડવાની ટેવ પડી હતી તેની બાએ કેટલીયે વાર ના પાડી પણ ચંદુની ટેવ ન ગઈ એટલે એણે યુક્તિ કરી કહ્યું કે, 'ચંદુ, જો તું નખ કરડવાનું છોડી નહિ દે તો તારૂં પેટ ગોળા જેવું ફૂલી જશે.'

ચંદુને હવે બરોબર બીક લાગી. બે દિવસ સુધી તેણે બીલકુલ નખ કરડ્યા નહિ. ત્રીજે દિવસે એમને ઘેર થોડાક મહેમાન આવ્યા ચંદુ ધીમે પગલે તેમાંના એક જાડા મહેમાન પાસે ગયો. થોડી વાર એમના સામું તાકી રહ્યો ને પછી મોટેથી બોલી ઊઠયો, 'હં......મને ખબર પડી ગઈ. તમે નખ કરડો છો ને?'

દેવોનું કાવ્ય

સવારે એક પછી એક તારા અલોપ થતા હોય ત્યારે એક જાતનું આકર્ષણ હોય છે. આ એક તારા ગઇ, બીજી અલોપ થઈ; એ ત્રીજી પાણી ઉપર માથું રાખવાનો કેટલો પ્રયત્ન કરે છે! અરર, આખરે એ પણ ડૂબી ગઈ:—એમ આપણે જોયા જ કરીએ છીએ, અને કોણ કેટલો વખત ટકી રહે છે એ જોઈને એકએકની કદર કરીએ છીએ. અને જ્યારે સૂરજ ઊગ્યા છતાં શુક્ર પોતાનું મોઢું ઊજળું રાખે છે ત્યારે એની બહાદુરી વિષે અસાધારણ આદર ઉત્પન્ન થાય છે.

સૂર્યાસ્ત પછી એથી બરાબર ઊલટો આનંદ હોય છે. સૂર્ય ગયો એટલે આકાશ ચાંદલા વગરની વિધવાના કપાળ જેવું થાય છે. વાદળાં ન હોય અને સંધ્યાની રક્તિમા ઓછી થઇ ગઇ હોય એટલે આકાશ તરફ જોવાનું યે મન ન થાય. (આજે અમાસની રાત છે, એટલે ચંદ્રનું સ્મરણ ક્યાંથી જ થાય? સૂરજ ગયો તેની સાથે ચંદ્ર પણ ગયો. दर्श: सूर्येन्दु संगमः પછી આતુરતાથી આપણે દરબારમાં કોણ કોણ પ્રવેશ કરે છે એની રાહ જોઇએ છીએ. સ્વર્ગના એ દેવો બીજે ક્યાંયથી આવીને પોતાને સ્થાને નથી વિરાજમાન થતા, પણ જ્યાં છે ત્યાં જ છતા થાય છે. એમનું સવારનું અલોપ થવું અને સાંજે છતા થવું એ જોઈને જૂના લોકોને तिरस्कारिणी विद्या નો ખ્યાલ આવ્યો હોય. ગમે તે સાંજ હોય, શુક્ર ગેરહાજર ન હોય તો પહેલવહેલું દર્શન દેવાનું માન એનું. ત્યાર પછી જ બીજાઓનું પ્રાકટ્ય થાય. નાનપણમાં કોકે કહેલું કે સાંજે એક જ તારા દેખાય એ અશુભ છે. એટલે તરત બીજીની શોધમાં આંખો દોડ્યા જ કરે. પરિણામે જ્યાં તારા નથી ત્યાં પણ દેખાયાનો ભાસ થાય છે. આજે શુક્ર સાથે પુનર્વસુના પ્રશ્વનનું દર્શન સૌથી પહેલું થવું જોઇતું હતું; પણ એ વાદળાંમાં ઢંકાયો હતો. માથે એક તારા દેખાતી હતી. એ મઘાની છે કે ફાલ્ગુનીની એનો નિર્ણય ન થાય. તારાના તેજથી એમને ઓળખવા અશક્ય નથી, પણ સાંજે એ કસોટી કામ નથી આવતી. સૂર્યના અવશિષ્ટ તેજમાં પણ તારાઓને ઝાંખા પાડવાની શક્તિ હોય છે. એટલે નજર જરા પૂર્વ તરફ દોડાવી; ત્યાં સ્વાતિએ દર્શન દીધાં. ચિત્રા કહે હું હાજર છું, હો! પણ હસ્ત દેખાય નહિ. ચિત્રા સ્વાતિ જોયા પછી પેલી તારા મઘાના દાતરડાનો હાથો છે એ વિશે શંકા ન રહી. થોડા જ વખતમાં ફાલ્ગુનીએ (ડેનેબોલાસે) ચિત્રા સ્વાતિ સાથેનો પોતાનો સુંદર ત્રિકોણ પૂરો કર્યો. આ તારાત્રયીનો આનંદ નિહાળતો હતો એવામાં મઘાની ત્રણ તારાઓએ એક કાટખૂણ ત્રિકોણ કરી બતાવ્યો. મઘામાં એવા બે કાટખૂણો પાસે પાસે પડેલા હોય છે એમ કહીએ તો ચાલે.

હવે તો ફાલ્ગુનીના ચોરસમાંથી કર્ણની બે તારાઓ દેખાવા લાગી અને હસ્તની પણ બે આંગળીઓ પ્રગટ થઈ છે. અંગૂઠો પણ હવે તો કલ્પનાથી જોઇ શકાય છે. સ્વાતિ કહે છે કે આ કિરીટ પરનો કોહિનૂર જોયો? કોહિનૂર જોતાં જોતાં જાણે પારિજાતના ઝાડને ફૂલનો બહાર આવ્યો હોય તેમ આકાશમાં કેટલી યે તારાઓ એકસામટી દેખાવા લાગી. કોઈ સામ્રાજ્યનો અસ્ત થાય અને પછી દેશના કર્તવ્યવાન લોકો પોતપોતાના પરાક્રમનો પરિચય અનાયાસે બતાવવા જાય તેમ અસંખ્ય તારાઓ જ્યાં જુઓ ત્યાં ચળકવા લાગી. સપ્તર્ષિ આવ્યા; હસ્ત આવ્યો; પુનર્વસુની હોડીનો પૃષ્ઠ વંશ દેખાવા લાગ્યો. હવે કંઇ બેસી રહેવાય? આંખોએ કહ્યું, પગે માન્યું અને અમે દર્શને ઊપડ્યા. ઓ પેલો દક્ષિણ તરફનો પીપળો, જે આખો દિવસ પોતાનાં પાંદડાં દ્વારા બોલાવી બોલાવી આનંદ દે છે એ હવે વેરી થયો છે. એ ન હોત તો સ્વર્ગના દ્વારપાળ સમા જયવિજય બંને બરાબર દેખાત. પણ પીપળાની ઘટા બહુ ભારે નથી એટલે એમાંથી એક તો દર્શન દીધાં. ત્રિશંકુના ત્રણ તારાઓ છાપરા ઉપર મોભની નળીઓ બેસે એવી રીતે બરાક ઉપર બેઠા છે અને બે હાથ ઊંચે ફેલાવ્યા હોય તેમ ઉપર બે તારાઓ ચળકે છે.

કોઈ નવી સુગંધ હવામાંથી આવે એટલે સ્મરણ-શક્તિ તરત એ જ જાતની સુગંધ ક્યારે અનુભવી હતી એ શોધીને એ સંસ્કારને તાજો કરે છે, તેમ આ તારા વિશે પણ થાય છે. સપ્તર્ષિને જોઉં એટલે શ્રીનગર (કાસ્મીર) માં નારાયણમઠમાં બેસીને હું તારાઓ જોતો હતો એનો આનંદ જાગૃત થાય છે. ત્યાં તો સપ્તર્ષિનું પૂછડું બરાબર માથે આવી પહોંચતું. જે જય-વિજય અને ત્રિશંકુ હું મહા મુસીબતે અહીં જોઉં છું અને પીપળા ઉપર ચીડાઉં છું એ જય-વિજય બેલગામમાં તો કેટલાયે ઊંચા હોય છે. અને કન્યાકુમારી કે સીલોનમાં જતાં કોરંબા બેટમાં જે તારાઓ જોયા હતા એની તો વાત જ શી કરવી? જ્યાં જુઓ ત્યાં કાળુંકાળું પાણી અને ઉપર એટલું જ કાળું પણ નિર્મળ આકાશ; અને એ આકાશ ઉપર આકાશગંગાની યાત્રાએ આવેલી તારાઓ. ઉપર આકાશગંગાનો પટો અને નીચે સમુદ્રમાં અમારા જહાજે સમુદ્ર ઉપર ખેડેલી ચળકતી લીટી; કેટલું મજાનું સામ્ય હતું!

હવે પુનર્વસુને આથમવા દઈએ. નહિ તો શ્રવણને માબાપની કાવડ લઈ આવતાં મુશ્કેલી પડશે. અને વૃશ્ચિકનો ડંખ ત્યાં દૂર પાંદડાંમાં સપડાયો છે એ પણ બહાર નહિ નીકળે.

તારાઓ જોતા હોઈએ એટલે એ આનંદ લખવાનું મન થાય છે. અને લખતા હોઇએ એટલો વખત દર્શનનો આનંદ ખોયાનું દુઃખ થાય છે. નરહરિ લખે છે એટલે બંને કામ એકસામટાં થઈ શકે છે, પણ આનંદ લેતી વખતે વાણી મૌન રહે એ જરૂરનું છે. આનંદની સીમા વાણીની દખલ પણ સહન ન કરે. અને લખાવતી વખતે આંખો તારા તરફ હોય તો યે નવો નવો આનંદ નથી લઇ શકતી. આંખો અંતર્મુખ થાય છે ત્યારે જ શબ્દોનું ઝરણું વહે છે. એટલે દર્શન અને લેખન બંને વ્યાપાર વેણીની પેઠે વણાય છે; કેમકે એમાં ત્રીજી લટ કલ્પનાશક્તિની હોય છે. **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

બેહુલા

ભગવાન ચંદ્રમૌલીશ્વર એક દિવસ સરયૂના કાંઠા ઉપર એક પરમ રમણીય પદ્મવનમાં ફરી રહ્યા હતા. આ પ્રસંગે પાર્વતી તેમની સાથે નહોતાં. એ પદ્મવનના સૌંદર્યથી મહાદેવનું મન ક્ષુબ્ધ બની ગયું અને એમના મનમાં કન્યાસ્નેહનો એકાએક ઉદય થયો; એટલે પોતાની ઈચ્છાશક્તિના બળથી ત્યાં જ એમણે એક માનસકન્યા જન્માવી.

પદ્મવનમાં તેનો જન્મ થયો તેથી તેનું નામ પડયું 'પદ્મા': અને સદાશિવની માનસપુત્રી હોવાથી બીજું નામ પડયું 'મનસા'.

કન્યા રૂપરૂપનો ભંડાર હતી. તેના તેજનો પાર નહોતો; છતાં પાર્વતીના ડરથી ભગવાન શંકર તેને કૈલાસ લઈ જઇ શકયા નહિ, અને એને પાતાલમાં નાગલોકમાં એ મૂકીને ચાલ્યા.

વય વધવાની સાથે પદ્માના મનમાં પિતાનું ઘર, પોતાનાં ભાંડુ તથા પોતાની માતાને મળવાની ઘણી હોંસ થઇ આવી. એક દિવસ એણે મહાદેવનું સ્મરણ કર્યું. મહાદેવ આવ્યા. પણ વયમાં આવેલી પુત્રીને એ તરત ઓળખી શકયા નહિ. માનભંગ થવાથી, પદ્માએ રીસમાં મહાદેવ સામે વિષ-નયનથી જોયું. મૃત્યુંજય શિવ એના વિષનો પ્રકોપ સહન કરી શકયા નહિ અને એ સ્થાનમાં જ તે મૂર્ચ્છા ખાઇને પડયા.

પદ્મા હવે ખૂબ મૂંઝાઇ. એને મનમાં ભારે દુઃખ થયું. અત્યંત શોક થવાથી ફરીને એણે પિતા તરફ અમૃત-દષ્ટે જોયું. મહાદેવની મૂર્ચ્છા વળી અને આ વખતથી પદ્માનું ત્રીજું નામ પડયું 'વિષહરી.'

મહાદેવ કન્યાને લઇને કૈલાસ ગયા; પણ એવી સ્વરૂપવાન છોકરીને ઘરમાં સાથે લઈ જવાની તેમની હિંમત ચાલી નહિ. ચંડી પાર્વતીના ડરથી, તેને

ફૂલની છાબમાં તેમણે સંતાડી દીધી. પરંતુ પાર્વતી પાસે શું છાનું રહી શકે?

મહાદેવે પદ્માને 'બેટા' કહીને બોલાવી. પદ્મા ફૂલછાબમાંથી નીકળી બહાર આવીને ઊભી રહી, માતાને પગે લાગી; છતાં પાર્વતીનું મન માન્યું નહિ. મનસાને તેમણે સપત્ની જ જાણી, એના તરફ એમણે અણવિશ્વાસથી જ જોયા કર્યું, અને તેની હીલચાલ ઉપર પાર્વતીએ પહેરો ભરવો શરૂ કર્યો.

એવા ઊંચા મનથી કંટાળી મનસાએ શિવને ફરિયાદ કરી. છતાં શિવ તેને આશ્વાસન આપવા સિવાય બીજું કંઈ કરી શકયા નહિ. ઘરમાં કલહ ચાલુ રહ્યો. એક વખત પાર્વતીનો અણગમો ક્રોધમાં ફેરવાઇ ગયો. બંને વચ્ચે ઝપાઝપી થઈ. મનસાને એક આંખમાં વાગ્યું અને તે એક આંખે કાણી થઈ. તેથી એનું ચોથું નામ પડયું 'કાણી.'

હવે, આવી સ્વરૂપવતી છતાં કાણી પુત્રીને પરણાવી દેવાથી જ કલહનો અંત આવશે એમ સદાશિવને લાગ્યું. મહાદેવે જરત્કારુ મનિ સાથે મનસાનો વિવાહ કરી દીધો. પરંતુ મુનિ, કોણ જાણે કેમ, પદ્માની સાથે લાંબો ગૃહસ્થાશ્રમ ભોગવી શકયા નહિ. વિવાહને બીજે જ દિવસે પદ્માનો તેમણે જન્મભર માટે ત્યાગ કર્યો અને વનમાં તપ કરવાને ચાલ્યા ગયા. સ્વામી પોતાનો ત્યાગ કરીને ગયા તે વખતે હીનભાગી મનસાએ ઋષિની ખૂબ ખૂબ વિનવણી કરી, આજીજી કરી અને રોવા માંડયું.

મુનિએ પત્નીનું સાંત્વન કરવા મનસાને વર દીધોઃ 'તું રો નહિ. મારા વરદાનથી તને નવ પુત્ર થશે. તે પુત્રો જોઈને તારો શોક મટી જશે.'

એક એક એમ કરીને પદ્માએ આઠ સર્પને જન્મ આપ્યો. એ 'સર્પ અષ્ટ નાગ' નામથી જગતમાં વિખ્યાત છે. છેલ્લો, મુનિ આસ્તિકે તેના ગર્ભમાં જન્મ લીધો.

છતાં હજી પદ્માને ઘરમાં જરાયે જંપ નહોતો. ચંડીના કલહકંકાસ તથા કનડગતને લીધે કૈલાસ પર રહેવું એને બહુ ભારે પડયું. આખરે પોતાના નાગ પુત્રોને લઇને એ પાતાલમાં ગઈ અને ત્યાં નાગ લોકની રાણી બનીને રહી.

મહાદેવના પ્રસ્વેદમાંથી એક બીજી કન્યા જન્મી હતી. એ પદ્માની મોટી બહેન નેતા. એ 'સ્વર્ગની ધોબણ' કહેવાતી. મનસાને કોઈ અંતર ખોલવાનું સ્થાન હોય તો તે હતી.

મનસાને થયા કરતું કે 'મને દુઃખ દેનારી ચંડીના જેવી હું પણ પૂજ્ય ગણાઉં તો મારી રીસ ઊતરે. તેથી તેણે પૃથ્વી ઉપર ફરવા માંડયું. બધી જગાએ ચંડીનું સન્માન, પૂજન તથા આરાધના ચાલી રહ્યાં છે. મનસાને, માનવીઓની એવી પૂજા આરાધના મેળવી ચંડીના માનમાં ભાગ પડાવવા પ્રબળ ઈચ્છા થઈ. એને થયું. ચંડી દેવી વરદાન દઇને માનવીઓની મનઃકામના પૂરી કરે છે તો હું પણ તેમ કેમ ન કરી શકું? તેમ ચંડીના કોપથી લોકોનું નિકંદન થાય છે અને તેમનું સર્વસ્વ હણાઈ જાય છે, તો હું પણ એક વખત રોષમાં વિષદષ્ટિથી જોઈને પૃથ્વીને હલાહલથી કાં ન ભરી શકું? મારામાં અને ચંડીના પ્રતાપમાં એવો શો ભેદ છે? પરંતુ મારી નવી પૂજાનો પ્રચાર પૃથ્વી ઉપર કેમ કરાવાય?'

પદ્માએ આખરે પોતાના મનની વાત મહાદેવ પિતાને જણાવી. મહાદેવે અપમાનિત પુત્રીનું આશ્વાસન કર્યું ને કહ્યું: 'ભલે, તેમ થઈ શકશે. ચંપકનગરનો ચાંદ સોદાગર જ્યારે તારી પૂજા કરશે ત્યારથી તારી પૂજા પૃથ્વી ઉપર પ્રચાર પામશે.'

પદ્માને તો હવે એક જ ધૂન લાગી: 'કયારે ચાંદ સોદાગર મારી પૂજા કરે અને હું ચંડીના માનમાં ભાગ પડાવું?'

ચંપકનગરનો ધનવાન શ્રેષ્ઠી ચંદ્રધર, 'રાજા' કહેવાતો; કારણકે એની ધનસંપત્તિ અગાધ હતી. એ મોટો 'સોદાગર' હતો. વહાણની દરેક ખેપે એ અઢળક ધન ખેંચી લાવતો. એનાં ચૌદ ઝાઝ જેમાં વહાણનું જૂથ 'મધુકર' નામથી ઓળખાતું.

એની પત્ની સનકા સાક્ષાત્ ગૃહલક્ષ્મી હતી. સનકા રૂપમાં લક્ષ્મી, વિદ્યામાં સરસ્વતી ગૃહકાર્યમાં કુંતી, રસોઈમાં દ્રૌપદી, અને અન્નદાનમાં સાક્ષાત્ અન્નપૂર્ણા હતી. એ છ સુંદર પુત્રની માતા હતી.

બંને શિવશક્તિનાં અનન્ય ઉપાસક હતાં. તેમના દેવઘરમાં મંગલચંડીનો ઘટ સ્થાપેલો હતો. કોઇપણ

કાર્ય મંગલચંડી તથા શિવના પૂજન વગર એ કરતાંનહિ.

ચંદ્રધરને, પ્રાકૃત લોકો 'ચાંદ સોદાગર' કહીને ઓળખતા. જેવો એ શિવશક્તિનો અનન્ય ભક્ત હતો તેવું એનું ચારિત્ર પણ તેટલું ઉન્નત હતું. એ વીર, ધીર, સાહસિક, સહિષ્ણુ તથા બોલ્યું પાળે તેવો દૃઢ પ્રતિજ્ઞ હતો. કોઈપણ પ્રસંગ તેને ડારવાને કે હતાશ કરવાને પૂરતો નહોતો. પ્રલયની ઝડી એના માથાપર વરસે તો પણ એનું ધૈર્ય જરાપણ ડગે તેમ નહોતું. શોક સાગરમાં ડૂબવા છતાં તેની આંખમાંથી એક પણ આંસુ પડે તેમ નહોતું. તેથી જ એ છત્ર સટાના વેપાર પણ ખેડી શકતો હતો.

'છત' સાથે 'છૈયાં' પણ એને હતાં. કેળના ગર્ભ જેવા ચડા ઊતરી ૭ છોકરા તેને હતા. આમ પરમ સુખમાં તેમનો સંસાર નભી રહ્યો હતો. પરંતુ એટલામાં તેમના વિમલ સંસારાકાશમાં એક કાળું વાદળું દેખાયું.

મનસા દેવીને માનવલોકની પૂજાની ભૂખ લાગી હતી. ક્યારે ચંડીના જેવી એની પૂજા અર્ચના થાય એ જ એ ઝંખી રહી હતી. એણે ચંપકનગરમાં બે સામાન્ય સ્થિતિના માણસોને સ્વપ્ન આપ્યાં, ભય બતાવ્યો અને પૂજા કબૂલાવી વર પણ આપ્યો. અને પોતાનો ઘટ સ્થાપન કરાવ્યો. પૂજાના પ્રચારનો આમ એણે પ્રારંભ કર્યો. એ બેનું જોઇને બીજાં પણ બે ચાર માણસોએ મનસાની ઘટસ્થાપના કરી. છતાં મધ્યમ લોકો દ્વારા થતી પૂજાથી મનસાને ક્યાંથી તૃપ્તિ થાય? પૂજા ભેગો વૈભવ તથા ઠાઠમાઠ ભળે તો જ પોતાની મહત્તા ખૂબ વધે એમ એને લાગ્યું.

એટલે એણે ચાંદના ઘરમાં પ્રતિષ્ઠા મેળવવા પ્રયાસ આરંભ્યો. એણે સનકાને સ્વપ્ન આપ્યું અને કહ્યું: 'તમે જેમ ચંડીની પૂજા કરો છો તેમ મારી પણ પૂજા કરો અને વરદાન પામો. જો પૂજા નહિ કરો તો હું તમને વંશસહિત ઉખાડી નાખીશ. પૂજાનો વિધિ મારા ભક્તો પાસેથી જાણી લ્યો.'

આ વખતે ચાંદ સોદાગર વેપારને અર્થે પરદેશમાં હતો. સનકાને પતિ ઘેર ન હોવાથી સ્વપ્નથી ખૂબ બીક લાગી. આજ્ઞા પ્રમાણે એણે ગામમાંથી મનસાનો ઘટ મંગાવ્યો અને ચંડીના ઘટની પાસે જ તેનું સ્થાપન કર્યું. સનકાએ ભાવપૂર્વક સોળ પ્રકારની પૂજા કરી અને વર માગ્યો: 'મારા સ્વામી સાજાતાજા તથા વહેલાવહેલા ઘેર આવી જાય.' દેવીએ વર દીધો: 'તથાસ્તુ.' સનકાએ પૂજા કરી એમ જાણીને બીજી નગરસ્ત્રીઓએ પણ મનસાની પૂજા શરૂ કરી દીધી.

મનસાનું વરદાન તત્કાળ ફળ્યું. બાર બાર વર્ષથી ગયેલો ચાંદ બીજે દિવસે જ વેપાર ખેડીને આવ્યો. સનકાએ પતિ ઘેર આવ્યા પછી દેવીની કૃતજ્ઞતાપૂર્વક પ્રાર્થના કરી. ચાંદને એમાં કંઈ સમજણ પડી નહિ. એણે તટસ્થપણે પૂછ્યું, 'આ બધું શું થાય છે?' સનકાએ મનસાના સ્વપ્નથી માંડીને તેના સુખરૂપ પાછા આવ્યા સુધીની વાત કહી. ચાંદનો રોષ વાત વધવાની સાથે વધતો ગયો. એ ગાજી ઊઠ્યો: 'આપણા કુળમાં કેવળ શિવશક્તિની જ પૂજા થતી આવી છે. તો આ બીજી દેવીની પૂજા શા માટે? અને તેયે તે વળી ચંડીની પાસે જ?'



ચાંદે મનસાનો ઘટ ત્યાં ને ત્યાં ફોડી નાખ્યો; સનકાને પ્રાયશ્ચિત કરાવ્યું; મંદિર ફરીથી શુદ્ધ કરાવ્યું; અને નગરમાં પણ નવી દેવી-પૂજાની ખૂબ નિંદા કરવા માંડી. મનસાને આ અપમાનથી પારાવાર દુઃખ થયું. એ ક્રોધથી બળવા લાગી. અનેકાનેક ઉપદ્રવોથી ચાંદને મૂંઝવવા તથા ગભરાવવા એણે નિશ્ચય કર્યો.

એક દિવસ ચાંદના બગીચા કોઈએ ઉજાડી નાખ્યા. ચાંદનાં માણસોને માંદાં પાડ્યાં. ભયંકર સર્પ-

રૂપે દેખા દઈ બધાંને બીવડાવવા માંડ્યાં. પરંતુ આવાં ક્ષુદ્ર કારણોથી ચાંદ કંઈ ડરી જાય તેમ નહોતું.

મનસા હવે વિશેષ ઉગ્ર બની. અશક્તિમાન અશક્ત બને ત્યારે સાધુ થાય છે; શક્તિમાન અશક્ત બને ત્યારે ઝનૂની બને છે. મનસાએ પ્રચંડ હલ્લો આરંભ્યો. તેણે ચાંદના છ યે છોકરાના સર્પદંશથી પ્રાણ લીધા.

ચાંદને હવે સમજાવા માંડ્યું કે દેવીનો જ આ બધો કોપ છે. પણ એમ ડરી જઈને બીજું બચાવવાના લોભથી પોતાની અનન્ય ભક્તિને જતી કરે એવો એ વણિકબુદ્ધિનો નહોતો. પુત્રોની વિધવા વહુઓનાં આક્રંદ તથા સનકાનો છાતી ફાટે તેવો વિલાપ ચાંદથી સાંભળ્યો જતો નહોતો. હૃદય ગમે તેટલું કઠણ કરીએ તો પણ દુઃખના હલ્લાથી તે હલમલ્યા વગર રહેતું નથી. એકવાર એની આંખમાંથી સ્ત્રીઓની અકળામણ સાંભળી બે આંસુ ટપકી પડયાં.

પણ તરત જ ચાંદે ચંડીનું નામ સ્મરણ કર્યું અને હૃદયને કઠણ બનાવ્યું. આંસુ લોહી નાખ્યાં. રુદ્ર તેજથી ઝગઝગતા એના હૃદયમાંથી પુત્રશોક જાણે ધોવાઈ ગયો.

મનસાની ગણત્રી ખોટી પડી. દુઃખનો માર્યો ચાંદ પોતાની પૂજાનો સ્વીકાર કરશે એમ એની પાકી ખાત્રી હતી. પણ તે તો શરદનાં વાદળાંની પેઠે વિખેરાઇ ગઇ. એણે બીજી યુક્તિ અજમાવી.

રાજા ચંદ્રધરની મહોલાતોમાં દારુણ શોકનો અંધકાર છવાઈ રહ્યો હતો. તેમાં એક ઝીણું તેજનું કિરણ પ્રગટ્યું. સનકાએ એક નાના બાલકને જન્મ આપ્યો. બીજના ચંદ્રની જેમ તેજથી આખું ઘર જાણે આશા તથા ઉલ્લાસથી ઝળહળી ઊઠયું. જોષીએ ખૂબ વિચાર કરીને તેનું નામ પાડયું 'લક્ષ્મીન્દ્ર.' આ નામ સામાન્ય લોકોની જીભે 'લખીન્દર' એવો વિકાર પામ્યું.

દુનિયામાં સૌનો અનુભવ હશે કે દારુણ શોકમાં સહજ પણ સુખ કે આનંદ આવવાથી એ જૂનું દુઃખ પ્રબળ બને છે. લખીન્દરનું મોં જોઇને સનકાને પહેલા છ પુત્રોનાં મોં સાંભરી આવ્યાં. સનકા શોકથી વ્યાકુળ બની ગઇ. આ પુત્ર સરખું નાનકડું ફૂલ મનસાના કોપનો પ્રચંડ તાપ કેમ ખમી શકશે ? આ ચિંતાએ એના મનમાં ઘર કર્યું હતું.

ચાંદને પણ આ વાતનો પૂરો અંદેશો હતો. છતાં એણે પોતાની કુલદેવી ચંડીમાતાની આશીષ માગી અને મનમાંથી ચિંતાનો કાંટો કાઢી નાખ્યો. તો પણ આઠે પહોર શોકના વાતાવરણમાં ગૂંગળાયા કરવા કરતાં વેપારની ખેપ ભરવા જવાનું ચાંદને ગમતું આવ્યું. તેણે વહાણનો કાફલો તૈયાર કરાવ્યો. એક એક વહાણ નાના ગામ જેવડું વિશાળ હતું. સનકાને તથા પુત્રવધુઓને આશ્વાસન દઈ, ચંદ્રધર વેપાર કરવા નીકળી પડયો.

આ વખતની ખેપમાં ચાંદને ખૂબ લાભ મળ્યો. એ ચૌદે વહાણ ભરીને ધન, રત્ન, હીરા અને માણેક કમાયો અને હરખાતો હરખાતો એ સ્વદેશ ભણી આવવા નીકળ્યો.

વહાણ શાંતિથી પાણી કાપતાં કાપતાં જાય છે, એટલામાં કાલીદ્રહ નામે ઊંડાં પાણી ઉપર વહાણ આવી પહોંચ્યાં. ત્યાં આગળ પદ્માનું મંદિર હતું. અને પદ્મા તો ચાંદને નમાવવા ટાંપી જ રહી હતી. એટલે એકાએક કાળા મેઘથી આકાશ છવાઇ ગયું. પર્વતના શિખર જેવાં, આકાશને અડે તેવાં મોટાં મોટાં મોજાં ઊછળવા માંડયાં. તોફાનનો પ્રચંડ અવાજ આખા વાતાવરણને ભયાનક બનાવી રહ્યો.

ચાંદે મનમાં ભયવિનાશિની ચંડીનું અનન્ય ભાવથી ધ્યાન ધરવા માંડ્યું, સ્મરણ કરવા માંડ્યું અને આવી પડનાર વિપત્તિ માટે તૈયાર થઇને બેઠો.

જોતજોતામાં ચૌદે વહાણ પાણીમાં ઊંધાં વળ્યાં અને તળિયે બેઠાં. એકલો ચાંદ એ બીષણ જલની છાતી ઉપર, જેમતેમ કરતો મોજાં ઉપર અથડાવા લાગ્યો અને જેમતેમ પ્રાણ ટકાવી શકયો.

ચાંદની આંખ આગળ મૃત્યુની ભયાનક મૂર્તિ નાચવા લાગી. એની આવી નિરાધાર અસહાય અવસ્થા જોઈને એક વાદળી ઉપર ચડી મનસાદેવી તેની સામે આવી. 'મને માત્ર એક ફૂલની અંજલિ તું આપે તો તારું ધન, જન, પુત્ર અને કાફલો, બધુંયે ઉપર લાવી આપીશ.' તે બોલી.

મનસાની વાત સાંભળતાં જ ચાંદે આડું જોયું. મૃત્યુનો કોળિયો થઈ જવાની અણી ઉપર હતો, છતાં એણે એ દેવીની સહાય ન સ્વીકારી. દેવીના અપમાનનો પાર ન રહ્યો.

મનસા ધારત તો ચાંદને જરૂર મૃત્યુશરણ કરી શકત. પરંતુ એને મારી નાખે તો પોતાની પૂજાના પ્રચારનું શું થાય? આ દૂરદર્શી વિચારથી અપમાનિત મનસાએ ચાંદને બચાવવા તેની સામે એક પદ્મફૂલ ફેંક્યું. ચાંદે જોયું કે એતો પદ્માએ ફેંક્યું છે એટલે દેવીના નામધારી એ ફૂલને તે અડક્યો પણ નહિ, ઊલટું તિરસ્કારથી બીજી બાજુ એણે મોં ફેરવ્યું.

આખરે મનસાને, અનુકૂળ મોજાં વડે ચાંદને જેમ તેમ કરી કિનારે પહોંચાડવો પડ્યો. મરી ગયા જેવો ચાંદ બહુ જ મુશ્કેલીથી, લગભગ નાગા જેવો કાંઠા ઉપર આવ્યો. ત્યાં એક ભિક્ષુક બ્રાહ્મણે પોતાના ધોતિયામાંથી ફડક ફાડીને તેને અંગે વીંટાળવા આપી. ચાંદ ધોતિયાનો એ કકડો વીંટાળી તેનો લંગોટી વાળી ત્યાંથી ચાલતો થયો.

સાત સાત દિવસના તેને ઉપવાસ હતા. ભૂખના દુઃખથી એની આંખે અંધારાં આવતાં હતાં. છતાં લથડતો લથડતો એ ગામ ભણી વળ્યો. માર્ગમાં એક ઠેકાણે એણે કેળાની છાલ પડેલી દીઠી. એ જોતાં જ કોટિપતિ રાજા ચંદ્રધરે, ભૂખના માર્યા એક ભિખારીની જેમ, તે ખાવાને માટે ઊંચકી લીધી!

પરંતુ મનસાનો કોપ અહીં પણ એનો કેડો મૂકે તેમ નહોતું. જેવો ચાંદ એ કેળાની છાલ કિનારે મૂકી નદીમાં નહાવા પડ્યો તેવો જ એક વાવટોળ થયો અને એ કેળાની છાલ ક્યાંને ક્યાં ઊડી ગઈ.

ચાંદ બધું પામી ગયો. એણે દીન ભાવે ચંડીનું સ્મરણ કર્યું. ચિત્તને ફરીથી સ્થિર અને દૃઢ બનાવ્યું અને ગામ તરફ જવા નીકળ્યો.

જોગજોગે આ ગામમાં એનો એક મિત્ર રહેતો હતો. એને ત્યાં એ ગયો. ચાંદની અવસ્થા જોઈને તેને પારાવાર દુઃખ થયું. એણે મિત્રને કપડાં પહેરાવ્યાં, ખૂબ આશ્વાસન આપ્યું અને આગતાસ્વાગતા કરી જમવા બેસાડ્યો. પણ ત્યાંયે એનું દુર્દૈવ એની મશ્કરી કરી રહ્યું હતું. જેવો ચાંદ પહેલો કોળિયો મોંમાં મૂકવા જાય છે તેવું જ એણે જાણ્યું કે તેનો મિત્ર પદ્માનો સેવક છે. એટલે એ કોળિયો એના હાથમાં એમ ને એમ રહી ગયો! એ થાળી ઉપરથી ઊભો થયો. સાત દિવસના ઉપવાસીને દાઝ્યા ઉપર ડામ જેવું થયું.

કોળિયો નાખી દઇ હાથ ધોઇ એણે પહેરેલાં મિત્રનાં વસ્ત્રો તરત ઉતારી નાખ્યાં, ફરીથી પોતાની જૂની લંગોટી પહેરી લીધી અને તત્કાળ એ ઘરનો ત્યાગ કરી સ્વદેશ જવા નીકળી પડ્યો.

અથડાતો કુટાતો છેક સાંજના ચાંદ પોતાના ઘર આગળ આવી પહોંચ્યો. શરમનો માર્યો ઘરને આગલે બારણેથી પેસતાં એ લાજ્યો. તેથી પાછલે બારણેથી ખડકીમાં થઈને એ ઘરમાં પેસવા ગયો. એ રીતે પેસતાં જ દાસદાસીઓએ એને ચોર જાણી મારવા લીધો. પરંતુ એટલામાં આ ઘૂમરાણ સાંભળી સનકા વ્હેલી વહેલી ઘરમાંથી ત્યાં આવી પહોંચી. એણે ઘરમાંથી દીવો મંગાવ્યો અને શકદાર અજાણ્યા માણસ સામે ધર્યો. જુએ છે તો ખુદ રાજા ચંદ્રધર.

આટઆટલી વિટંબણાઓ ચાંદે મૂંગે મોંએ વેઠી. છતાં એ પહેલાં જેવો જ નિશ્ચયમાં અડગ રહ્યો અને બાલક લખીન્દરનું નિર્દોષ તથા હસતું મોં જોઇ જોઇને તેના મનનું દુઃખ વિસારે પાડવા લાગ્યો.

એક દિવસ ચાંદે જોષીને બોલાવડાવ્યો અને લખીન્દરની જન્મકુંડળી જોવડાવી. વિધાતાના લેખ એવા નીકળ્યા કે 'બાલકના વિવાહની કાલરાત્રિમાં સર્પદંશ જેવું વિઘ્ન જણાય છે.' ભવિષ્ય સાંભળતાં જ ચાંદનો રહ્યોસહ્યો આનંદ પણ ઊડી ગયો. પદ્માની શત્રુતાની વાત ફરીથી તેની આંખ આગળ ખડી થઈ ગઈ. એ ઊંડી ચિંતામાં પડી ગયો.

ઘડીકવારમાં એ સ્વસ્થ થયો. એ વિચારવા લાગ્યો, 'મેં શું શું નથી સહન કર્યું? છ છ પુત્ર ગયા, ચૌદ વહાણ જોખમાયાં અને હમણાં જ મૃત્યુના મુખમાં ગયેલો ત્યાંથી બચ્યો છું. ભૂખને લીધે, ભાગ્યના પલટાને લીધે મેં કઈકઈ વીટંબણા જોઈ નથી? તે આજ લખીન્દરને માટે શા માટે આટલી બધી ચિંતા?

ચાંદને એક વિચાર આવ્યો અને સહસા એનામાં વીજળીનો સંચાર થયો. સાવિત્રીની વાત એણે એક સાંભળી હતી કે યથાર્થ સતી નારી કદી પણ વિધવ

બનની નથી; તો કોઈ સતી કન્યા સાથે લખીન્દરનો વિવાહ કરી દેવાથી એના સતીત્વ તેજથી પદ્માનો જરૂર પરાજય કરી શકાશે. એમ એના અંતરમાં ઊગી આવ્યું.

આ વાત એણે સનકાને કરી. એ તો બિચારી કુંડળીનો ફલાદેશ જાણ્યા પછી હતાશ બની ગઇ હતી. એ બોલી: 'ના, ના; મારો લખીન્દર ભલે જનમ-કુંવારો રહે; તો જ એ બચશે. પરણે નહિ તો પછી કાલરાત્રિ ક્યાંથી આવશે? છ પુત્રનો શોક માંડ વિસારે મૂક્યો છે, ત્યાં પાછી નવી મુસીબત આપણે શું કામ નોતરવી?'

ચાંદ બોલ્યો: 'છ છ વિધવાઓનાં ઊતરી ગએલાં અને કરમાઈ ગએલાં મોં જોઇને મારું ઘર સ્મશાન જેવું સૂમસામ બની ગયું છે. તેથી આપણા ઘરમાં એક કુંકુમની પીયળભરી વહુવારુ લાવ્યા વગર આ શોકાગ્નિ હોલવાશે નહિ.'

સનકાએ સાવચેતી સૂચવી: 'તો તો તેમ કરતાં પહેલાં તમે પદ્માની એક વખત પૂજા કરો—'

આ સાંભળતાં જ ચાંદે રૂદ્રમૂર્તિ ધારણ કરી. એની આંખમાંથી અગ્નિ વરસવા લાગ્યો. તેના મોં ઉપરની નસો તરી આવી. સનકા ભયની મારી ફિક્કી પડી ગઈ.

ચાંદે દાંત પીસીને કહ્યું: 'ખબરદાર, એ 'કાણી'નું નામ મારી આગળ દીધું છે તો? વિવાહ તો કરી જ નાખવો; નહિ તો એ જાણશે કે આપણે ડરી ગયાં. અને વળી તને સતીનું મહાત્મ્ય ક્યાં અજાણ્યું છે?'

સનકાએ મુશ્કેલી બતાવી: 'પણ એવી સતી કન્યા લાવીશું ક્યાંથી? કાચી હાંલ્લીમાં લોખંડના ચોખાનો ભાત કોણ રાંધી આપવાનું હતું? *

ચાંદ બોલ્યો, 'મેં સાંભળ્યું છે કે ઉજ્જયિનીના સુંદર × વણિકની એક કન્યા છે. તે અસાધ્ય સાધન કરી શકે તેવી છે. એ જો લોખંડના ચોખાનો ભાત રાંધી આપી શકશે તો એને આપણી પુત્રવધૂ બનાવીશું. પછી કાજલકૂટ પર્વત ઉપર એક એવું દુર્ભેદ્ય લોખંડનું વિવાહમંદિર તૈયાર કરાવીશ કે તેમાંથી વાયુ પણ સંચાર કરી શકશે નહિ. પછી જોઇશું પદ્મા શું કરે છે.

એક શુભ દિવસ જોવડાવીને ચાંદ સોદાગરે કન્યાની શોધમાં વહાણ તૈયાર કરાવ્યું અને ઉજ્જયિની જવા નીકળ્યો. સતી કન્યાની પરીક્ષા કરવા માટે થોડાક લોખંડના ચોખા પણ સાથે લઈ લીધા.

સાત છોકરાઓ પછી એક કન્યાનો જન્મ થયો ત્યારે સુંદર વણિકના તથા તેની પત્ની સુમિત્રાના આનંદનો પાર રહ્યો નહિ. અને એ કન્યા પણ જેવી-તેવી નહોતી. એના રૂપથી પ્રસૂતિગૃહમાં તેજતેજનો અંબાર છવાઈ રહ્યો હતો.

સુંદર સોદાગર ઉજ્જેણી નગરીનો ભારે સોદાગર. અગાધ એની ધનસંપત્તિ હતી. વિપુલ એનું સન્માન થતું હતું. રાજમહેલ જેવી તેની હવેલી હતી. એને બધું યે હતું. હતી માત્ર એક કન્યાની ઊણપ, પણ ભગવાને આજ ટાળી હતી.

જોશીને બોલાવી ઘડી મુકાવી. જન્મોતરી બનાવી જોશીએ ભવિષ્ય ભાખ્યું કે, 'આ પુત્રીરત્ને એક એવી અપૂર્વ મંગલ ઘડીએ જન્મ લીધો છે કે એને કોઈ દિવસ વૈધવ્ય નહિ આવે. નહિ થયું હોય એવું એ કરી બતાવશે!'

વળી કન્યાની વૃદ્ધિ સાથે પિતાનાં સુખ, સંપતિ તથા માનસંબંધ વધતાં ગયાં. આને લીધે બધાંએ એ મંગળ પગલાંની કન્યાનું નામ રાખ્યું 'વિપુલા.' એ નામ લોકોને મોંએ ગવાતું ગવાતું 'બેહુલા' બની ગયું.

સુદ પખવાડિયાની શશિકલાની જેમ સુંદર વણિકનું ઘર ઊજળું બનાવતી વિપુલા મોટી થવા લાગી. બેહુલા તો વત્સલ માતપિતાની આંખની કીકી જેવી અને તેમનો શ્વાસ અને પ્રાણ બની ગઈ. બહુ લાડ લડાવ્યા છતાં બેહુલા જરાપણ ગર્વિષ્ઠ, આતડી કે ઉછાંછળી બની નહોતી. ઊલટી જેમજેમ એ મોટી થતી ગઈ તેમ તેમ તે ધીર ગંભીર, ઉલ્લાસથી ઊછળતી, નિર્દોષ તથા વહાલસોઈ બનતી ગ

* ગુજરાતમાં 'લોખંડના ચણા ચાવવા' ની વાત તથા 'લક્કડલાડુ ખાવા'ની વાત કોઇ અઘરા, અશક્ય કામ માટે સંભારવામાં આવે છે. બંગાળામાં આ આકરી કસોટીનો પ્રકાર. લોખંડના ચોખાનો ભાત રાંધી આપવારૂપી ગણાવવામાં આવે છે.

× બંગાળી કથામાં 'સાય વણિક' એવું નામ છે.

બેહુલાને નિશાળે બેસાડી. ત્યાં પૂર્વજન્મના સંસ્કારથી એ બધું વહેલી વહેલી શીખી જવા મંડી. લખવું, વાંચવું, ગાવું, નાચવું, પૂજાપાઠ, સેવાસુશ્રૂષા, ઘરનું કામકાજ,—એ બધામાં એ પારંગત બની. નૃત્ય અને ગીતમાં તો એ એટલી બધી આગળ વધી કે લોકો કહેવા લાગ્યા, ' આ કોઇ સ્વર્ગની વિદ્યાધરી શાપથી ભ્રષ્ટ થઇને પૃથ્વી ઉપર અવતરી લાગે છે.' તેથી લોકો હુલામણામાં તેને કહેતા ' બેહુલા નાચણી.'

વળી આ કોડભરી કુમારિકાને વ્રત, નિયમ, તથા ઉપવાસ કરવાની ખૂબ હોંસ હતી. એ જ્યારે સરખી સાહેલીઓને લઈ, બાલિકાસુલભ વ્રત તથા પૂજા કરવા જતી ત્યારે જાણે સાક્ષાત્ ગૌરી શિવની આરાધના કરવાને વ્રત ન કરતી હોય એવું લાગતું.

સ્ત્રીઓનો પ્રધાન ધર્મ સતીત્વ. બેહુલાને તો નાનપણથી જ એ સતીધર્મ ઉપર ખૂબ આસ્થા હતી. વય વધવાની સાથે એની ધર્મભાવના પણ દૃઢ બનવા લાગી. જ્યાં સીતા તથા સાવિત્રીની કથા ચાલતી હોય ત્યાં આ કુમારિકા જઈ પહોંચતી અને એ પુણ્યકથાઓ સાંભળતી. દક્ષને ઘેર સતીના પ્રાણત્યાગનો પ્રસંગ સાંભળીને એની આંખમાંથી ડળકડળક આંસુ ગરતાં હતાં. પાર્વતીની તપસ્યાની વાત સાંભળતાં એના આનંદની સીમા રહેતી નહિ.

એક રાતે બેહુલાએ એક અપૂર્વ સ્વપ્ન દીઠું. એક દેવીએ તેને કહ્યું: ' કાલે સવારે મુક્તેશ્વર તીર્થમાં જઇને ચંડીની પૂજા કર. બપોરે એક અતિથિ આવશે અને લોખંડના ચોખા રાંધી આપવાનું તને કહેશે. તું એ કુશનાં તણખલાં સળગાવીને, કાચા ઘડામાં તે ચોખાનો ભાત રાંધી આપજે. '

દેવીએ આપેલા સ્વપ્ના પ્રમાણે, બેહુલા માતપિતાની અનુમતિ લઈને તીર્થસ્નાન તથા ચંડી-પૂજન કરી આવી. તે જ દિવસે ચાંદ પોતાનું વહાણ નાંગરીને કિનારે ઊતર્યો હતો. ચાલ્યો ચાલ્યો એ સુંદર સોદાગરને ઘેર આવી પહોંચ્યો.

બંને વેપારીઓ એકબીજાને ઓળખતા હતા. આજે નિકટ પરિચયમાં આવવાના હતા. અતિથિની ભોજનવ્યવસ્થા માટે વાત નીકળતાં જ ચાંદે કહ્યું કે,



' મારે આજે ઉપવાસનાં પારણાં કરવાનાં છે, તે માટે આ ચોખા હું લાવ્યો છું તેનો જ ભાત રંધાવજો.'

સુંદર તથા સુમિત્રાને જરા અચંબો થયો. બેહુલાના સ્વપ્નની વાત સાચી પડતી હોય એમ એમને લાગ્યું. એટલામાં બેહુલા જ ત્યાં આવી પહોંચી. એણે ચોખાનો ભાત કુશનાં તણખલાંથી રાંધી આપ્યો અને તત્કાલ અતિથિની મૂંઝવણ ટાળી. ચાંદે વાતવાતમાં પુત્રના વિવાહની વાત કાઢી અને બેહુલાનું માગું કર્યું. બંને કુટુંબ કુલવાન, ધનવાન તથા ધર્મપરાયણ, એટલે સોનું અને સુગંધ મળ્યાં.

ચાંદના પગમાં એકાએક જોર આવ્યું. હવે વિવાહ કરીને, સતી સાધ્વી પુત્રવધૂ ઘેર લાવીને, પોતે પદ્માને ઠીક હંફાવશે એ વિચારથી એનો આનંદ માયો નહિ. વિવાહનો દિવસ ત્યાંને ત્યાં નક્કી કરાવી થોડેક દિવસે એ ઘેર આવ્યો.

ઘેર આવી તેણે સનકાને આ શુભ સમાચાર કહ્યા અને અભેદ્ય એવું વિવાહમંદિર બંધાવવાની તજવીજ કરી. એક ઊંચા ટેકરા ઉપર લુહાર પાસે એણે લોહમંદિર રચાવ્યું. તેમાં એક વાળ પણ પેસે એવું છિદ્ર રહેવા દીધું નહોતું. મંદિરની ચોતરફ વિષ ઉતારનાર જડીબુટ્ટીઓ વેરાવી હતી; તેથી આગળ ચોતરફ અગ્નિ સળગાવવાનો હતો; મંત્ર જાણનાર વાદીઓને પણ ત્યાં પહેરો ભરવા બેસાડવાના હતા. અને આખી રાત, બહારથી ખુદ ચંદ્રધર પોતાની ડાંગ લઈ બારણું સાચવવાનો હતો. આમ વિધાતાની રેખ ઉપર મેખ મારવા ચાંદે સજ્જડ તૈયારી રાખી હતી.

પણ પદ્મા યે પોતાનું બળ અજમાવ્યા વગર જંપે

તેમ નહોતી. એણે કારીગરને સર્પદર્શનથી સ્વપ્નામાં ખૂબ બીવરાવ્યો અને કબૂલાવ્યું કે 'પ્રવેશદ્વારની નીચે એક સોયના અગ્ર જેટલું છિદ્ર રાખીશ; અને તે ઉપર લાખ પૂરી દઈશ.'

મંદિર તૈયાર થઇ ગયું. વિવાહનો દિવસ પણ આવી પહોંચ્યો. ભારે ધામધૂમથી લખીન્દરનાં લગ્ન ઊજવાયાં. બીજે દિવસે વરકન્યા ઘરમાં આવ્યાં. સનકા, વહુને કેડે બેસાડી ઘરમાં લઈ આવી. એકાએક એને પહેલી છ વહુઓના વિવાહપ્રસંગ સાંભરી આવ્યા. તેની આંખમાંથી અજાણતાંજ બે ઊનાં આંસુ ટપકી પડયાં.

તે જ દિવસે કાલરાત્રિ હતી. સાંજનો પહોર થવા આવ્યો અને વહેલાં વહેલાં વરવહુને પેલા વિવાહ-મંદિરમાં વદાય કરી દીધાં. મંદિરમાં પગ મૂકતાં જ બેહુલાને એક અકથ્ય કંપારી આવી ગઈ. એણે સ્વસ્થ થવા પાનેતરના પાલવ વડે આંખ લ્હોઇ. લ્હોતે લ્હોતે સેંથામાંનું સીન્દુર જરા લ્હોવાઈ ગયું.

ચાંદે બહાર રહ્યે રહ્યે સાવચેતી આપી, 'બેટા, આજે જ કાલરાત્રિ છે. સાવધાન રહેજો. વહુબેટા, સજગ રહીને પતિને સંભાળજે.'

ઘરમાં જતાંવેંત લખીન્દરની આંખમાં ઊંઘ ભરાઈ અને એ સૂઇ ગયો. બેહુલા પાસે બેસી રહી અને પતિનું નિદ્રાવશ મોં જોઇ રહી. મધરાતે લખીન્દરની ઊંઘ જરા ઊડી ગઈ. બેહુલા એકીનજરે તેને જોઈ રહી હતી.

પહેલવહેલી વાતમાં જ લખીન્દરે ભવિષ્યની અમંગલ વાત સંભારી. એ બોલ્યો, 'બેહુલા, કદાચ દૈવ સાચું પડે તો તું શું કરે? કહે જોઇએ.'

લજ્જાભરી બેહુલાનો રૂપાની ઘંટડી જેવો અવાજ પહેલવહેલો સંભળાયો. વહાલનો ઊમળકો દાબી ન રખાતાં, વરનું માથું ખોળામાં લઈ એ બોલી, 'એમાં શું? થવાનું હશે તે થશે. સાવિત્રીની જેમ તમારો દેહ અમૃતનો બનાવીશ. તમને લઇ હું વિશાલ સાગરમાં નીકળી પડીશ અને આપણી આખરની યાત્રાને અમર બનાવીશ.

લખીન્દરે વાત બદલી. એ બોલ્યો: 'બેહુલા મને જાણે ખૂબ ભૂખ લાગી છે. અને એમ થાય છે કે તારે જ હાથે રાંધેલો ભાત હું જમું—'

વરને જમવાની ઈચ્છા થાય અને વહુ પોતે રાંધી તેને જમાડે એ કેટલો સુંદર યોગ! પણ બેહુલાની મૂંઝવણનો પાર નથી. એને થયું, બધું સાહિત્ય અહીં લાવવું ક્યાંથી? એણે ખંડમાં નજર ફેરવી તો જણાયું કે નૈવેદ્યના ચોખા ત્યાં પડેલા હતા. ઘરમાં દીવો બળતો હતો. નારિયેળની કાચલી તથા નારિયેળનું પાણી હતું. તેમાં ઉતાવળા ઉતાવળા નૈવેદ્યના ચોખા મૂકી, બાલગૃહિણીએ ભાત ચડાવ્યો; અને પોતાના પાનેતરનો પાલવ ફાડીને દેવતા સળગતો રાખ્યો. જગતમાં સતીને શું અસાધ્ય છે?

ભાત સીઝાવા આવ્યો એટલે બેહુલા પતિ તરફ આંખ ફેરવી જુએ છે તો ભૂખ્યા સ્વામી ફરીથી નિદ્રાધિન થયા છે. તેમને ઊંઘમાંથી જગાડવાનું તેને ગમ્યું નહિ. તોપણ જગાડવા તો જોઈએ જ ને? તેથી એણે લખીન્દરના પગ મૃદુ હાથેલીઓ વડે દબાવવા માંડ્યા. રાત પણ હવે પૂરી થવા આવી હતી.

રાતના છેલ્લા પહોરમાં, લખીન્દરના પગ ચાંપતાં-ચાંપતા, અચાનક બનવા કાળ, તે બેહુલાની આંખમાં રોકી રાખેલી ઊંઘ ભરાઈ આવી અને પલકવાર તેનાથી આંખ મીંચાઈ ગઈ.



આ જ ઘડીએ લાગ જોઇને બેઠેલો કાલનાગ પેલા સૂક્ષ્મ છિદ્રમાંથી સરસર કરતો આવ્યો અને લખીન્દરને કરડીને ચાલ્યો ગયો.

દુઃખનો માર્યો લખીન્દર 'બેહુલા, બેહુલા, અરરર, ઊંહ...' કહેતોક ને જાગી ઊઠયો અને તરત જ તેની જીભ ટુંકાઈ ગઈ. કાલવિષથી એ લીલોછમ થઈ ગયો અને તેણે ફરીથી આંખ મીંચી દીધી.

બેહુલાએ આ બધું જોયું અને બધું સમજી ગઈ. સ્ત્રીને માથે આવી પડતું ભારેમાં ભારે દુઃખ એને માથે આવી પડ્યું હતું. જાણે માથે આભ તૂટી પડતું હોય એમ એને થયું. વિવાહની મંગલ રાત્રિએ જ આવો અઘોર અકસ્માત !

બેહુલાએ આવેશમાં, પતિનું માથું ખોળામાં લીધું અને સહસા એનાથી રડી ઉઠાયું. સવારમાં વહેલાં પુત્ર તથા પુત્રવધૂને ઘરમાં લાવવાના ઉમંગમાં ચાંદ વહેલો જાગી ગયો હતો. એણે ઓચિંતો રડવાનો સ્વર સાંભળ્યો. એ સ્થમ્ભિત થઈ ગયો. આખરે દૈવ ન જ છેતરાયું !

ચાંદના ઘરમાં છાતી ફાટી જાય તેવી રોકકળ થઈ રહી. સનકા ગાંડા જેવા લખાન્દરની છાતી ઉપર માથું મૂકી પોકેપોક મૂકી રોવા લાગી. સાત વહુઓના વિલાપથી ચારે દિશાઓ ભરાઈ ગઇ.

આ તરફ લખાન્દરની ઉત્તરક્રિયા માટે તૈયારી ચાલી રહી હતી. ત્યાં શરમને વેગળી મૂકી નવવધૂએ કહ્યું, ' સસરાજી ! સાપ કરડયો છે તેથી તેમને અગ્નિદાહ નહિ થઈ શકે. તમે કેળના થાંભલા મંગાવી તેનો તરાપો તૈયાર કરાવો અને હું મારા પતિને લઈને દરિયામાં એ તરાપો હંકારી મૂકીશ; પછી અમૃત દેશમાં જઈ સ્વામીને જીવતા કરી લાવીશ. એક ઘડીભર પણ માગથી વિધવા તરીકે રહ્યું નહિ જાય !'

બધાં વિચારવા લાગ્યાં કે પતિના મૃત્યુથી એ અત્યારે ગાંડી થઈ ગઈ જણાય છે. પરંતુ ચાંદને લોખંડના ચોખાનો ભાત જમાડનારી કુલવધૂના શબ્દોમાં અજબ શક્તિ જણાઈ. એને તરત યમને જીતનાર સાવિત્રીની વાત સાંભરી આવી.

બેહુલા ફરીથી બોલી: ' પદ્માએ તમને હરાવવાનો નિશ્ચય કર્યો છે, પણ હું એને જીતીને તમારો બધો ખેદ ટાળીશ. '

ચાંદે તત્કાળ પચાસેક કેળના થંભ મંગાવ્યા અને એક તરાપો તૈયાર કરાવ્યો. જ્ઞાતિબંધુઓએ લખીન્દરના શબને ગુજરી નદીના જળમાં સ્નાન કરાવી તેને તરાપા ઉપર ગોઠવ્યું. જેની આંખમાં આંસુ માતાં નથી એવી બેહુલા સાસુ સસરાને પગે પડી અને બધાંની એણે વિદાય માગી. બધાંએ બેહુલાને ખૂબખૂબ સમજાવવા માંડી. પરંતુ પતિના પડછાયા જેવી સતી પતિથી વિખૂટી કેમ રહી શકે ?

બેહુલા દૃઢતાથી બોલી, ' મા ! મારા શિયળની કસોટી તો જુઓ. હમણાં મારી વાત તમે નહિ માનો પણ અમૃત દેશમાં જઇ પતિને જીવતા કરી હું અબઘડી આવું છું. પરંતુ મારૂં આટલું કહ્યું તમે કરજો; વિવાહમંદિરનાં બારણાં છ મહિના સુધી તમે ઉઘાડશો નહિ. ઘરમાંનો લગ્નનો મંગલદીપ ત્યાં સુધી અખંડ બળ્યા કરશે. કાચલીમાં ઓરેલા ચોખા પણ એમ ને એમ રહેશે. જો મદિરમાંનો દીવો હોલવાય તો જાણજો કે મારા સત્યનો ભંગ થયો છે. નહિ તો તેમ નહિ થાય. પુરા છ મહિને લોખંડનાં કમાડ એની મેળે ઊઘડી જશે અને તે દિવસે હું પતિને જીવતા લઇ અહીં આવી પોહોંચીશ. ! '

કોઈ સતીના વરદાન જેવી આ ભવિષ્યવાણી સાંભળી કોઇને વિસ્મય થયો, કોઈને હસવું આવ્યું, કોઈને એમાં ઘેલછા લાગી, કોઇને પૂજ્યવૃત્તિ થઈ.

બેહુલા એમને શું કામ સાંભળવા રહે ? એણે બધાંની ચરણરજ માથે ચડાવી, તરાપા ઉપર કૂદી પડી અને પતિનું માથું ખોળામાં મૂકી બેઠી. એને સત ચડયું હતું તે કાંઇક ઊતર્યું. આકાશ સામે જોઈ નિરાધારીમાં એ રોતે રોતે બોલી : ' ઓ પ્રભુ ! જાગજો; આંખ ઉઘાડજો ' એણે પ્રાર્થના કરી કે ' આ તરાપો દેવદેશ તરફ ચાલજો. ' જોતજોતાંમાં ગુજરીનદીના વહેણથી ઊલટી જ દિશામાં તરાપો તણાવા લાગ્યો. કાંઠે ઊભેલા લોકોએ આવી અચરજ વાત જોઈને સતીનો જયજયનાદ પોકાર્યો. એ અવાજથી આખું વન, ઉપવન, નદી, આકાશ બધું ગાજી ઊઠયું. તરાપો તણાયો તણાયો જાય છે. બેહુલાને તો એક જ લગની લાગી છે. એણે ખાધું નથી, પીધું નથી, અને સ્વામીનું માથું ખોળામાં છે એમ બેસી રહી છે. એને નથી જરાયે ભૂખ જણાતી, કે નથી ભય જણાતો. નથી ઊંઘ, નથી વિશ્રામ, નથી કષ્ટ. કરુણ કંઠે એ પોકાર્યા કરે છે : ' પ્રભુ ! જાગો, જાગો રે. '

દિવસ આથમી ગયો; રાત પડવા માંડી. એ રાત પણ વીતી ગઈ; ફરી દિવસ ઊગ્યો; છતાં એ જ રીતથી અને એ જ ભાવથી જેમની તેમ, મૃત સ્વામીને ખોળામાં રાખી બેહુલા તરાપાની સાથે તણાયે જાય છે.

તરાપો નદીના એક વાંકમાંથી બીજા વાંકમાં અને બીજામાંથી ત્રીજામાં થઈને તરવા લાગ્યો. એક વાંક આગળ કેટલાક કાગડા અને ગીધ મડદાની ગંધથી તરાપાની ચારે તરફ વીંટાઈ વળ્યાં. બેહુલાએ તેમને ઉડાડી મૂક્યાં. ત્યાં વળી એક કેકાણે શિયાળ ધસી આવ્યાં અને શબને ચૂંથવા તલપી રહ્યાં. સતીત્વના બળથી એ શક્તિસમી છોકરી તેમને પણ હાંકી શકી.

એમ અનેકાનેક વિપત્તિઓ વેહતી વેઠતી, તરાપો જ્યાં લઈ જાય ત્યાં એ ખેંચાવા લાગી. આટલો બધો વખત પાણી પીપીને લખાન્દરનું શબ ફૂલી ગયું. એમાં અનેક જાતના કીડા તરવરવા માંડયા. દુર્ગંધથી શ્વાસ પણ ન લેવાય એવું થયું. તોપણ સતીને મન જરા પણ અણગમો કે કંટાળો નથી. આંખનાં આંસુથી નવડાવી નવડાવીને એ શરીરમાંથી એકએક કીડો વીણીવીણીને તેણે પાણીમાં ફેંકવા માંડ્યો.

છેવટે એ દેહમાં જરા પણ માંસ ન રહ્યું. થોડે થોડે માંસના લોચા પાણીમાં પડવા માંડયા. ચોતરફ જલજંતુઓ માંસની લાલચથી તરાપાને ઘેરી વળ્યાં. પણ સતી કાંઈ તેથી ડગે તેમ હતી? એક એક હાડકું પાણીમાં ધોઈને પોતાના પાલવમાં તેણે બાંધી લીધું. અકસ્માત એક મોટો મગરમચ્છ આવ્યો અને લખાન્દરના પગનું હાડકું ગળી ગયો! બેહુલા રડતી રડતી હાડ પાલવમાં બાંધે છે, તેને છાતી સરસાં ચાંપી રાખે છે, ને બોલે છે: 'નાથ! જાગો જાગો.'

એમ કરતાં કરતાં તરાપો કેદાર તીર્થ ઓળંગી ગયો અને મંદાકિનીના વહેણમાં તરવા લાગ્યો. દિવસનો ત્રીજો પહોર થયો હતો. એવામાં બેહુલાએ એક ઘાટ ઉપર એક આશ્ચર્યકારક ઘટના જોઇ.

એક અલૌકિક મૂર્તિ–એક ધોબણ ઘાટ ઉપર લૂગડાં ધોઈ રહી હતી. તેની પાસે એક છોકરો રમ્યા કરતો હતો. વચમાં વચમાં એ ધોબણને ખૂબ પજવતો હતો. ધોબણ એકદમ એના ઉપર ચીડાઇ, એટલે જોતજોતામાં એ છોકરો, જાણે વિષની લહેર આવી હોય તેમ, તરત ત્યાં ઢળી પડયો. કપડાં ધોવાઈ રહેતાં, ધોબણે છોકરા તરફ અમીદૃષ્ટિ કરી અને છોકરો આળસ મરડી ઊઠયો!

બેહુલાએ આ બધું જોયા કર્યું. એને થયું, 'નક્કી આ બાઈ જન્મ મૃત્યુનું રહસ્ય જાણતી હોવી જોઇએ. એને પગે પડવાથી, એના પગ ઝાલવાથી મારું કાર્ય જરૂર સિદ્ધ થશે.' એણે તરાપો કાંઠે લીધો અને એકદમ કિનારીને ધોબણના પગ ઝાલી લીધા.

ધોબણે બેહુલાને તેમ કરતાં ખૂબ વારી. એ બોલી: 'બેટા, હું એક હલકી જાતની છું–ધોબણ છું. મારું નામ નેતા. શું કામ આવું કરે છે? છોડી દે—' બેહુલાએ તેમ કરવાને બદલે રોતાં રોતાં પહેલેથી છેલ્લે સુધી પોતાની વીતકકથા એને કહી અને બોલી: 'મા, હું તમારે શરણે આવી છું. મારા સ્વામીને સજીવન કરો; નહિ તો હું અહીં જ મરીશ.'

મનસાની બહેન નેતા, બેહુલાના આંસુથી દયાર્દ્ર બની. એણે એને આશ્વાસન આપ્યું, 'બેટા, તારી આટઆટલી સાધના નિષ્ફળ જવાની નથી. પદ્માની કૃપાથી લખાન્દરનો પ્રાણ પાછો આવશે.'

નેતાએ બેહુલાને સાથે લીધી અને સ્વર્ગની વાટ લીધી. અમરાપુરી પહોંચ્યા પછી પણ બેહુલાની આકરી કસોટી થઇ. આવી અવસ્થામાં આવી પડેલીને દેવસભામાં નૃત્યગીતની આજ્ઞા થઈ. આમ અણચિંતવી ફરજ આવી પડવાને લીધે, પતિનો પ્રાણ જેમતેમ પાછો આવે છે એવી આશામાં ને આશામાં મર્માતિક વેદનાને શમાવી, ઉપર ઉપરથી મોં હસતું રાખી, અનેક પ્રકારના અંગમરોડ તથા હાવભાવથી બેહુલાએ નૃત્યગીત શરૂ કર્યું.



ધીમેધીમે બેહુલાએ એવું તો ગીત જમાવ્યું કે ગાનની પ્રત્યેક મૂર્ચ્છનામાં તથા નૃત્યના પ્રત્યેક તાલમાં કરુણરસની છાયા પ્રકટ થવા લાગી. કરુણરસની ધૂનમાં આખા વિશ્વનું દુઃખ જાણે પ્રવાહિત થઈ ત્યાં વહેવા માંડ્યું. આખું દેવનગર એ પ્રવાહમાં તરવા લાગ્યું અને દેવલોકો કરુણાથી આર્દ્ર બની રડવા લાગ્યા. દેવરાણીની આંખમાં અશ્રુબિન્દુ ભરાઈ આવ્યાં. સંગીતમાં આટલી બધી વેદના રહી શકતી હશે એ બેહુલાએ દેવગણને પહેલી જ વાર બતાવી આપ્યું. સાક્ષાત્ શિવ અને પાર્વતી પણ, આવું ગીત તથા નૃત્ય જોઇને, વચમાં વચમાં ઊભરાઈ આવતાં આંસુને લ્હોતાં હતાં.

દેવલોકોએ બેહુલાને પોતાનો પરિચય આપવા કહ્યું. બેહુલાએ ચૂંદડીના છેડા વતે બાંધેલાં હાડકાંના કકડા બતાવીને પોતાના દુઃખની કરુણ કહાણી કહેવા માંડી અને છેવટે પતિને જીવતા કરવાની ભિક્ષા દેવસભા પાસે માગી. બેહુલાના નૃત્યગીતથી જે દુઃખ જાગ્રત થયું હતું તે તેવી વાતથી સાક્ષાત્ મૂર્તિમંત થઇને દેવતાઓનાં હૃદયને પીગળાવવા મંડ્યું. ત્યાં જાણે આંસુનો સાગર ઊભરાવા લાગ્યો.

દેવતાઓએ આ ક્ષણે પદ્માને બોલાવી અને તેને બેહુલાની વીતકકથા તેમણે સંભળાવી. બેહુલાના દુઃખથી મનસાનું હૃદય પણ દ્રવ્યું, પણ જેવી બેહુલાએ પાલવ પાથરી પદ્મા પાસે પતિપ્રાણની ભિક્ષા માગી તેવું જ પદ્માએ મોં ફેરવી દીધું.

બેહુલાની પતિભક્તિ જોતી હોય એમ પદ્માએ કઠોર વચન કહ્યાં, 'તારા કર્મદોષથી તને આવું દુઃખ પડ્યું જણાય છે. હું શું કરૂં? પણ તને, અહીં આ સ્થિતિમાં આવતાં શરમ ન આવી?'

બેહુલાએ દૃઢ તથા સગર્વ ઉત્તર દીધો: 'દેવી! કહો, તમારો પણ આમાં દોષ નથી? જુઓને આખા સંસારમાં તમે ભટકો છો, પણ તમારૂં તમારા ઘરમાં જ સ્થાન નથી! સામાન્ય માણસો તમારી પૂજા કરીને તમારી કેટલી મશ્કરી કરી રહ્યાં છે. શંકરની કન્યા જાણીને એક મુનિએ તમારો સ્વીકાર કર્યો; પણ એમણે તમારો એવો કયો દોષ જોયો કે એ તમને છાંડીને જતા રહ્યા? "મહાદેવની કન્યા છું" એમ માનીને તમે આટલો બધો મનમાં ગર્વ રાખો છો, પણ તે છતાં તમને કયા માનવો માને છે?'

બેહુલાના કરુણ કંઠમાંથી ઝાળ ઊઠે તેવાં તિરસ્કારનાં વચનો સાંભળી પદ્માની આંખમાથી આંસુ છલકાવા લાગ્યાં; છતાં વચન ખરાં હોવાથી પદ્મા દેવસભામાં બહુ શરમાઈ ગઇ. એને લાગી આવ્યું કે પતિ પાછળ પ્રાણ પાથરનાર એક સતીને એ નાહક દુઃખી કરી રહી છે. પણ બીજી જ ક્ષણે તેના સસરા ચાંદનું વર્તન તેને સાંભળી આવ્યું અને એનું હૃદય પાછું કઠોર તથા નિષ્ઠુર બની ગયું.

પરંતુ દેવતાઓને દયા આવ્યા વગર ન રહી. બેહુલાની ખાતર તેમણે પદ્માની સ્તુતિ કરી અને લખીન્દરને જીવતો કરવા બહુ બહુ સમજાવી. આ ઘડીએ મહાદેવે કહ્યું, 'જો મનસા, હવે તારે શી બાકી છે? બધા દેવો તારૂં સામર્થ્ય અને શક્તિ જોઈ તારી સ્તુતિ કરે છે, તને પૂજ્ય ગણે છે. આવ, હવે લખીન્દરને બચાવ, જેથી સતીનો જય થાય.'

પદ્માના મનમાં હવે બીલકુલ વસવસો રહ્યો નહિ. દેવસભામાં એનું શ્રેષ્ઠત્વ સ્થપાયું અને ચંડીની પેઠે દેવીની ગણનામાં આવી એટલે એ કૃતકૃત્ય બની ગઈ. બેહુલાની પ્રાર્થના હવે એના હૃદયમાં ઊતરી શકી. છતાં તે માન્ય કરતાં પહેલાં એણે શરત કરી, 'બેટા, તું આ બધાં સમક્ષ આટલી પ્રતિજ્ઞા લે કે તારા સસરાને હાથે મારી પૂજાની પ્રતિષ્ઠા કરાવીશ, જો તેમ નહિ બને તો તેના ઘરમાં તું પગ નહિ મૂકે.'

બેહુલાએ એટલી શરત કબૂલ રાખી અને દેવસભાના દેખતાં લખીન્દરનાં ફૂલ પદ્માની પાસે મૂક્યાં. પદ્મા તથા નેતાએ મળી હાડકાં ભેગાં મૂકી ગોઠવ્યાં. તો ડાબા પગનું એક હાડકું ખૂટ્યું. પદ્માએ ધ્યાન વડે જાણી લીધું કે મગરમચ્છ તે ગળી ગયો છે. તરત જ નેતા એ હાડકું લઇ આવી. પછી બંને બહેનો લખીન્દરના હાડપિંજરની પાસે બેઠી અને મૃત્યુંજય શિવનું નામ દઈ પાણી છાંટવા લાગી. જોતજોતામાં હાડ સંધાઈ ગયાં; ધીમે ધીમે લોહી તથા માંસનો સંચાર થયો અને ઘડીક વારમાં લખીન્દર જીવતો જાગતો આળસ મરડી બેઠો થયો.

આનંદથી ઘેલી બનેલી બેહુલા પહેલાં પદ્માના પગમાં પડી, પછી પતિના પગમાં પડી અને પછી

આખી દેવસભાને પગે પડી. પદ્માના પગને ઉપકારનાં આંસુથી ધોઇને બેહુલા બોલી, 'મા! તારા મહિમાનો પાર નથી; તારી કરુણા પણ અપાર છે. મારા પર દયા આણી મારૂં મોં તેં હસતું કર્યું. તેમ મારા છ જેઠ જે મરી ગયા છે તેમને પણ જીવતા ન કરે?' સન્માન થવાથી પ્રસન્ન બનેલી પદ્માથી આ માગણીનો ઈન્કાર થઈ શકયો નહિ એ બોલીઃ 'તથાસ્તુ.'

બેહુલાએ ફરીથી વિનતિ કરીઃ 'મા, અમે ઘેર જઇશું તો અમારા ઘરમાં આનંદ આનંદ થઇ જશે, પણ આખા ચંપકનગરનું શું? વહાણ ડૂબેલાં સિત્તેર હજાર માણસોના ઘરમાં શોક જોઇને અમારાથી કેમ આનંદ મનાશે? તેથી મા, 'મધુકર'નો ઉદ્ધાર કરો, જેથી આખા નગરમાં આનંદકલ્લોલ થાય અને તે ભેગો તમારો મહિમા દેશભરમાં ગવાય.'

પદ્મા તો હવે આપવા જ બેઠી હતી. એટલે ચાંદના ચૌદ જહાજ ધન તથા જન સહિત એણે પાણી ઉપર આણી મૂકયાં. કાલીદ્રહનાં પાણી ઉપર સીત્તેર હજાર લોકોના આનંદકલ્લોલને લીધે જાણે એક વિરાટ નગર વસ્યું ન હોય એવું જણાવા લાગ્યું.

બેહુલાએ ધનસંપત્તિવાળાં વહાણ, છ જેઠ તથા સ્વામીને સાથે લીધા, પદ્માને પણ નૌકામાં બેસાડી, અને આનંદાશ્રુ સહિત ચંપકનગર તરફ હંકારવા માંડયું. છ છ મહિના સુધી જે માર્ગે તરાપા ઉપર પતિના શબ સહિત તે એકલી ઘસડાતી હતી તે જ માર્ગે આજે આનંદકલ્લોલ કરતી એ ઘર તરફ ચાલી રહી હતી.

બધાં સહિત બેહુલા ગુજરી નદીને કાંઠે તો આવી પરંતુ એકદમ સીધાં સસરાને ઘેર જવાય તેમ નહોતું. પોતાના ત્યાં સત્કાર થશે કે કેમ તે જાણવાની જરૂર હતી, અને વળી પદ્મા સાથે કરેલી શરત પણ પાળવાની હતી. એટલે બેહુલાએ એક યુક્તિ કરી. એને જાતજાતનું ભરતગૂંથણ આવડતું હતું. તેથી એણે વાંસની થોડીક ચીપો ભેગી કરી પંખા, છાબડી, ઝાંપી વગેરે ગૂંથીને તૈયાર કર્યાં. એમાં પોતાની તથા લખીન્દરની છબી ઊતરે તેવી ભાત પાડી. પછી વાંસફોડણનો વેશ લઈ, પંખા, છાબડી વગેરે લઇને બેહુલા એકલી નૌકામાંથી ઊતરી અને ચાલી ચાલી ઘર આગળ આવી. જ્યાં ઘરનો નોકરવર્ગ રહેતો હતો તે ભાગ આગળ આવી એણે પેલી વસ્તુઓ વેચવાની ઇચ્છા બતાવી. રૂપાળી આવી વાંસફોડણને તથા તેની અદ્ભુત ગૂંથણીનાં ચિત્ર જોઇને દાસીઓ એને શેઠાણી પાસે તેડી ગઈ.

લખીન્દરને ગયે આજે પૂરા છ મહિના થયા હતા. તે દિવસે જ તેનું છમાસિક શ્રાદ્ધ હતું. અવેરી અને બ્હાવરી સનકા આંસુ ભરેલી આંખે ઘરમાં હરફર કરી રહી હતી. એને ભૂતકાળનાં સ્વપ્નો સતાવી રહ્યાં હતાં. બેહુલાએ આપેલી અવધ પણ આજે પૂરી થતી હતી.

આ જ ઘડીએ વાંસફોડણને લઇને દાસીઓ સનકા પાસે આવી પહોંચી. તેને જોતાં જ સનકા ચમકી ઊઠી. જૂની વાતો સંભારતાં સંભારતાં એ અટકી પડી. અજાણી છોકરીને જોતાં એને આંખો, મોં, બોલાતુ, હસવું એ બધું પરિચિત લાગ્યું. મનની ગભરામણમાં એણે એનો હાથ ઝાલી લીધો અને બોલી, 'બેહુલા! ઓ બેહુલા!' એનાથી રડી પડાયું. વળી વિચાર આવ્યો, આ બેહુલા હોય તો આવો વેશ કેમ? એણે પ્રશ્ન ઉપર પ્રશ્ન પૂછવા માંડયા.

વાંસફોડણે પોતાની જાત જણાવ્યા સિવાય, બધીયે વાતોના ઉત્તર દીધા. સનકાને મનથી ખાત્રી થઈ ગઇ, પણ પોતાની પવિત્ર વહુનો આ વેશ કેમ? એ કોયડો અણઉકલ્યો રહ્યો. એટલામાં સનકાની નજર પંખા ઉપર ગૂંથેલાં ચિત્રો ઉપર પડી. એણે તત્કાલ બેહુલાનો હાથ ઝાલી લીધો અને ગાંડા જેવી પૂછવા લાગી, 'વહુ બેટા, તું કયાંથી? લખીન્દર કયાં? તારો આ વેશ કેમ? બોલી દે, મારૂં કાળજું ફાટી જાય છે.'

બેહુલાએ અથથી ઇતિ વાત કહી સંભળાવી. બધાંનું મન જોવા એ આવી હતી તે એણે કહ્યું, અને પદ્માને આપેલા વચનને પણ એણે સંભાર્યું. એ બોલી, 'પદ્માની કૃપાથી, એકલા સ્વામી સાથે જ નહિ પણ છયે જેઠ અને 'મધુકર' સહવર્તમાન હું આવી છું. હવે સત્યનું પારખું જોવું હોય તો વિવાહમંદિરમાં જઇને જુઓ, હું હવે જાઉં છું. સસરાજી જો અમને બધાંને પાછાં લાવશે તો જ ઘેર આવીશું.'

એ ઘરની બહાર નીકળવા જાય છે, એટલામાં સનકાની અકળામણ સાંભળી ચાંદ અંદર આવતો સામે મળ્યો. ચાંદે સીંદૂરથી ભરેલી સેંથી તથા રૂપેથી તેજ મારતા મુખવાળી એક કન્યાને અંદરથી નીકળતાં જોઈ. એના ઘરમાંથી સૌભાગ્યવતીઓએ ધારણ કરવાના સીં-

દૂરનો રિવાજ ઘણા વખતથી નીકળી ગયો હતો. એટલે ચાંદે આવીને સનકાને પૂછ્યું. 'એ સીંદુરભરી સેંથીવાળું કોણ ગયું?' સનકાએ રડતેરડતે રજેરજ વાત કરી. ચાંદને વહેમ પડ્યો કે આ કોઈ પદ્માની માયાજાળ તો નહિ હોય? તેથી એ સાવધ બન્યો, ને વાતનું પારખું જોવા વિવાહમંદિર તરફ દોડ્યો. જુએ છે તો બારણું ઉઘડી ગયું છે. દીવાની અખંડ જ્યોત બળે છે, ભાત એવો ને એવો પડ્યો છે ને છ મહિના પહેલાંનાં ફૂલ આજે જ આણ્યાં હોય તેવાં તાજાં અને સુવાસિત છે! હવે ચાંદને શેનો સંદેહ હોય?

એ આનંદથી અધીરો બની ગયો. સીધો ઘેર આવ્યો ને સનકાને સાબિતીઓ બતાવી. સનકાએ કહ્યું, 'ત્યારે ચાલો, આપણે બધાંને ઘેર તેડી લાવીએ.' એ આગળ કંઈ કહેવા જતી હતી, પણ એકદમ અટકી ગઈ. માણસો સાથે ચાંદ તથા સનકા જવાને તૈયાર થયાં. રસ્તામાં સનકાની છાતી કોઈ અનિશ્ચિત ભયથી ધબકી રહી હતી: 'જો સોદાગર પદ્માની પૂજા કરવાની ના પાડશે તો?'

સનકાએ માર્ગમાં ધીમેથી વાત છેડી. પુત્રવધૂ અજાણ્યા વેષમાં કેમ આવી હતી તે પણ કહ્યું. આવા અપાર આનંદ વખતે અકસ્માત આવી વાત સાંભળવી પડશે એનો ચાંદને ખ્યાલ સરખો નહોતો. પગ પાસે થઇને પસાર થતો સાપ જોઈ જેમ કોઈ ચમકે તેમ સનકાની આ વાતથી ચાંદને થયું. એ બોલ્યો, 'ત્યારે તો સનકા! આ બધું રહેવા દે. એની આપણે કાંઇ જરૂર નથી. જે હાથથી ભવાનીની પૂજા કરૂં છું તે હાથથી કાણી પદ્માનું પૂજન હું કરૂં? એ નહિ બને.'

ચાંદની આ વખતની દૃઢ નિષ્ઠા તથા પ્રતિજ્ઞા સાંભળતાં પદ્મા તો ઢગલો જ થઈ ગઇ. એટલામાં બેહુલા, તેમને દૂરથી આવતાં જોઈ, નૌકામાંથી નીચે ઊતરી. સસરાને તેણે કહ્યું, 'સસરાજી! તમે વૃથા અહંકાર કરો છો, આ ભેદભાવ મિથ્યા છે; કારણકે ચંડી–પદ્મા એક જ છે: રૂપ માત્ર જુદાં છે! અંધકારને ગમે ત્યાં મૂકો પણ તેમાંથી પ્રકાશ આવતો નથી, તેમ અમંગલમાંથી ક્યારે પણ મંગલ થતું નથી. એક જ મહાશક્તિ બે રૂપે પ્રકાશે છે. એકને છોડવાથી બીજી તમારો સ્વીકાર કેમ કરશે?'

ચાંદને આ સત્તાવાહી ખુલાસાથી ઘડીભર શાંત થવું પડ્યું, પણ એનો પૂરો સંશય ભાંગ્યો નહિ. એણે કહ્યું, 'બેટા, એ બધું સાચું, પણ આંખે દેખ્યા વગર આ વાતનો વિશ્વાસ મને આવતો નથી.'

બેહુલા બોલી, 'જુઓ જુઓ, ઊંચે આકાશમાં જુઓ.' ચાંદે વિસ્મયથી ઊંચે આકાશમાં જોયું—અપૂર્વ દૃશ્ય: એક સિંહાસન, અરધું રત્નમય, અરધું સર્પમય. એ ઉપર પ્રસન્નમુખી પદ્માસના મંગલ ચંડીની બાજુમાં સર્પભૂષિતા હંસારૂઢા વિષહરીની ઉજ્જવલ મૂર્તિ! નીચે જુએ છે તો મૂર્તિમતી, અમંગલના ચિહ્ન સમી ક્રુદ્ધ, શુષ્ક તથા વિધવા પુત્રવધૂઓની પાસમાં મંગલમૂર્તિ પ્રફુલ્લમુખી બેહુલા!

ચાંદનો ભ્રમ હવે ભાગ્યો. તોપણ એણે એવી પ્રતિજ્ઞા લીધી કે, જે હાથથી ચંડીની પૂજા પોતે કરે છે તે હાથથી તો ચાંદ પદ્માની પૂજા નહિ કરે તે નહિ જ કરે. પણ હા, બીજા હાથે મારા મૃત પુત્રોને જીવાડનાર પદ્માની હું નમ્રભાવે પૂજા જરૂર કરીશ.'

પદ્મા તો આટલાથી યે આભ આભ ખુશ થઈ ગઈ. આખરે ચાંદ સોદાગરને હાથે પૂજાપ્રતિષ્ઠા મેળવવાની તેની મનઃકામના આજે ફળી હતી.

સૌ આપ્તમંડળને લઈ રાજા ચંદ્રધર મોટું સામૈયું કાઢી, વાજતેગાજતે ઘેર આવ્યો. પદ્માનું એક નવું મંદિર નિર્માણ કર્યું અને બહુ ઠાઠમાઠથી તેની નવરાત્રપૂજા કરી.

બંગાળ દેશમાં ઘેરેઘેર પ્રત્યેક શ્રાવણ મહિનામાં મનસાનો ઘટ સ્થાપન કરવામાં આવ્યો ને મનસાદેવીની પૂજાનો પ્રચાર સર્વવ્યાપી બન્યો. *

મંજુલાલ રણછોડલાલ મજમુદાર

---

*આ બંગાળી લોકવાર્તાનો પ્રચાર દર વર્ષે લાખો નકલો દ્વારા થાય છે. આપણી ગજરામારુ અને સદેવંતસાવલિંગા કરતાં યે આ વાર્તા નાનેથી મોટામાં પણ ખૂબ પરિચિત છે. અસલ બંગાળી ઉપરથી આ વાર્તા ઉતારવાનું કાર્ય મારા મિત્ર ઓરિયન્ટલ ઇન્સ્ટીટ્યુટના ડાયરેક્ટર ડૉ. વિનયતોષ ભટ્ટાચાર્ય, એમ.એ., પીએચ. ડી. રાજરત્નની સાહાય તથા પ્રોત્સાહનને લીધે જ શક્ય થઇ શક્યું છે. એટલે આ કથાનો પરિચય ગુજરાતી વાચકોને કરાવવામાં હું જે નિમિત્ત થઇ શક્યો છું, તે બદલ બધો યશ એમને જ ઘટે છે.



માધુકરી

અહો યુગયુગાન્તરાલઘનઘોર વાંસે દ્યુતિ !
ન માર્ગ દીસતો ભલે; અચલ મારી શ્રદ્ધા તુંમાં :
ન માર્ગ દીસતો ભલે; લઘુ મળે જ કાર્યો ભલે,-
ભૂલું ન લઘુતા તથાપિ કરું શ્રેષ્ઠ નિષ્ઠા વની :
ન માર્ગ દીસતો તથાપિ લઘુતા ન ઉત્સાહમાં;
ન સાથ, ગુરુ, શિષ્ય ના; અચલ તો ય શ્રદ્ધા તુંમાં. —બ. ક. ઠાકોર

રૅંગ્લર નારળીકર

વિષ્ણુ કૉલેજમાં બાઘો ગણાતો. કૉલેજમાં આવ્યો તે વખતની એની લાંબી ચોટલી, બધી જ વસ્તુથી નવાઈ પામી જવાની વૃત્તિ, અને તે વૃત્તિ ભારેખમ મોઢું રાખી છુપાવી દેવાની કળાનો અભાવ : આટલી વસ્તુઓ કૉલેજના કોઈ પણ વિદ્યાર્થીને એના તરફ ધ્યાન આપવા માટે બસ હતી. કોલ્હાપુરના એક સાદા ભટજીનો છોકરો એવો જ હોય ને ! સ્વાભાવિક રીતે છોકરાઓ પૂછતા કે 'આ બાઘો કોણ છે ?' અને જ્યારે કોલ્હાપુરની રાજારામ હાઈસ્કૂલમાંથી પાસ થઈ આવેલો એકાદ છોકરો 'એ જ વિષ્ણુ નારળીકર, અને આ વરસે મૅટ્રિકની પરીક્ષામાં દસ હજાર વિદ્યાર્થીઓમાં એ જ પ્રથમ આવ્યા છે' એવો જવાબ આપતો ત્યારે તેઓના આશ્ચર્યનો પાર રહેતો નહિ.

પણ એ આશ્ચર્યચકિત થનાર વિદ્યાર્થીને આજે તમે રૅંગ્લર નારળીકર આગળ ઊભો કરો અને એને જે આશ્ચર્ય થાય તે તો અકલ્પ્ય જ હોઈ શકે.

એનું આખું નામ છે વિષ્ણુ વાસુદેવ નારળીકર. ખૂબ ગરીબ બ્રાહ્મણનો દીકરો. સ્વભાવે શાંત અને ઓછાબોલો, પણ અભ્યાસમાં અત્યંત નિયમિત અને ખંતીલો. એની નિયમિતતા તો એમના માસ્તરો પણ વખાણે છે. એક માસ્તર આગળ તો ભાઈસાહેબ સવારે પાંચ વાગે ભણવા જતા, કારણકે ગુરુજીને બીજે વખત જ ન હતો. પણ એમના એ ગુરુજીએ જ એકવાર કહેલું કે 'એકવાર એલાર્મ ન થાય એમ બને પણ વિષ્ણુ પાંચને ટકોરે હાજર ન થયો એવું બન્યું નથી.'

કોલ્હાપુરની રાજારામ હાઈસ્કૂલમાંથી ૧૯૨૪ની સાલમાં એ મૅટ્રિકની પરીક્ષામાં બેઠા. અને દસ હજાર છોકરાઓમાં પ્રથમ સ્થાને આવીને એમણે જેકબ શિષ્યવૃત્તિ મેળવી.

કૉલેજના અભ્યાસક્રમ દરમિયાન પણ એમણે પહેલો વર્ગ કદી છોડેલો નહિ. કૉલેજના પ્રથમ દિવસથી એમના નિયમિત અભ્યાસની શરૂઆત થાય તે પરીક્ષાને દિવસે પણ એટલા જ કલાક ચાલતો હોય. અને પરીક્ષા પછી બીજે જ દિવસે આગલા વર્ષનો નવો અભ્યાસ શરૂ થાય. આ તેમની નિયમિતતા હજી પણ ચાલે છે.

મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજને જોડેલી રૉયલ ઈન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સમાંથી તેઓ ૧૯૨૮ની સાલમાં બી. એસ. સી. ની પરીક્ષામાં બેઠા. તેમનો મુખ્ય વિષય ગણિત અને ગૌણ વિષય વિજ્ઞાન હતો. બી. એસ. સી. માં પણ તેઓ આખી યુનિવર્સિટીમાં નૈપુણ્યદર્શક (first class with distinction) પ્રથમ વર્ગમાં પ્રથમ તો આવ્યા જ (પણ તેમણે એ પરીક્ષામાં એટલા બધા માર્ક મેળવ્યા કે હજી સુધી તેટલા માર્ક કોઈ જ મેળવી શક્યું નથી. એમના માર્કનો સરવાળો પંચાણુ ટકા ઉપર થતો હતો.

મુંબાઇ યુનિવર્સિટીમાં બી. એ. ની પરીક્ષામાં જેમ ગુજરાતના પ્રખર ગણિતજ્ઞ ગુ. વ. રૅંગ્લર શાહ જેટલા માર્ક હજી સુધી કોઇને જ મળ્યા નથી, તેમ જ બી. એસ. સી. માં રૅંગ્લર નારળીકર જેટલા માર્ક કોઈને મળ્યા નથી. બી. એસ. સી. થયા પછી તે જ વર્ષે તેમનું ઉચ્ચ અભ્યાસ માટે વિલાયત જવાનું નક્કી થયું. અને એમાં ઉત્તેજન રૂપે કોલ્હાપુરના મહારાજાએ તેમને રૂ. ૮૦૦૦ ની મદદ આપી.

ઇંગ્લૅંડની કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં પણ તેમણે પોતાનું બુદ્ધિવૈભવ બતાવી આપ્યું. બે વર્ષનો અભ્યાસ કેવળ એક જ વર્ષમાં પૂરો કરી તેઓ સાયન્સની ટ્રાયપોસ પરીક્ષામાં બેઠા અને પહેલા વર્ગમાં પસાર થયા. એ જ વર્ષે એમને એક ૯૦ પૌંડની સ્કૉલરશિપ અને ૫૦ તથા ૨૫ પૌંડનાં બે ઈનામો મળ્યાં. તે સિવાય ૪૫ રૂ. ની કિંમતનો એક અમુલ્ય ગ્રંથ તેમને ઇનામ તરીકે મળ્યો. દૂરના દેશમાંથી

આવી બે વર્ષનો અભ્યાસક્રમ એક જ વર્ષમાં પૂરો કરી શિષ્યવૃત્તિઓ અને પારિતોષિકો લઈ જનાર આ હિંદી વિદ્યાર્થી હવે બધાની નજરે ચડયો. શિક્ષકો અને વિદ્યાર્થીઓ એના તરફ માન અને આશાથી જોવા લાગ્યા. વિદ્યાર્થીઓ જેટલો જ પ્રોફેસરોને પણ આ જુવાન એક અપ્રમેય પ્રતિસ્પર્ધિ ભાસે એમાં નવાઈ શું ?

૧૯૩૦ના જુન મહિનામાં કૅમ્બ્રિજની છેલ્લી પરીક્ષા પસાર કરી તેઓ 'બી' સ્ટાર રૅંગ્લર થયા. ગણિતની આ મોટામાં મોટી છેલ્લી પરીક્ષામાં પ્રથમ વર્ગમાં આવનારને જ ફક્ત રૅંગ્લર કહેવામાં આવે છે અને પ્રથમ વર્ગમાં પ્રથમ આવનારને સ્ટાર રૅંગ્લર કહેવામાં આવે છે. ગુજરાતમાં ગુ. વ. પ્રિન્સિપાલ શાહ સિવાય બીજો કોઈ સ્ટાર રૅંગ્લર નથી.

બી સ્ટાર રૅંગ્લર થયા ત્યારે શ્રી નારળીકરને જે ટાયસન મેડલ મળ્યું તે તેમની કૉલેજને છેલ્લા પંચોતેર વર્ષમાં કદી મળ્યું નહોતું. અને પ્રિન્સિપાલને બમણો આનંદ તો એથી થયો કે નારળીકરના રિવાજ મુજબ આ વખતે પણ એમણે ત્રણ વર્ષનો અભ્યાસક્રમ બે જ વર્ષમાં પૂરો કર્યો હતો. આટલું અપૂર્વ માન મેળવનારા ફિટ્ઝ વિલ્યમ કૉલેજના શ્રી નારળીકર એ પહેલા જ હિંદી વિદ્યાર્થી હતા. કૉલેજમાં તેમને તરત જ ફૅલોશિપ આપવામાં આવી.

૧૯૩૧ ની સાલમાં 'સર ઍઝેક ન્યૂટન સ્કૉલરશિપ નામની વાર્ષિક ૨૫૦ પૌંડની સંશોધનકાર્ય માટેની સ્કૉલરશિપ પણ શ્રી નારળીકરને મળી. અને સંશોધનકાર્ય સમાધાનકારક ચાલે તો તે આગળ ચલાવવી એમ નક્કી થયું. આમાં હિંદી તરીકે આપણને મગરૂર કરે તેવી વાત તો એ હતી કે સાડાચાર વર્ષ પછી જ આપવામાં આવતી આ શિષ્યવૃત્તિ આ હિંદના પ્રખર ગણિતીને ફક્ત બે જ વર્ષમાં આપવામાં આવી.

આટલું બધું થયા પછી મુંબાઈ યુનિવર્સિટી પણ જાગી અને એ બુદ્ધિમાન વિદ્યાર્થીનું સન્માન કરવા મુંબાઈ યુનિવર્સિટીએ તેમને ૩૫૦ રૂ. નું પારિતોષિક અર્પણ કર્યું. એમને સન્માન આપતી વખતે ડૉ. મેલ્કૂમે પોતાના ભાષણમાં યથોચિત ઉદ્ગાર કાઢીને સાથે સાથે એવી પણ આશા પ્રગટ કરેલી કે શ્રી નારળીકર જગતમાંના અદ્વિતીય ગણિતશાસ્ત્રીની જગ્યા જરૂર લેશે.

તે પછી કૅમ્બ્રિજ ઍન્યુઅલ કૉમેમોરેશન વખતે હિંદના માજી વૉઈસરૉય લૉર્ડ ઈરવિને પણ રૅંગ્લર નારળીકરનો યથોચિત ગુણગૌરવ કર્યો હતો. અને તે જ વખતે ઇંગ્લૅંડના માજી પ્રધાન અને કૅમ્બ્રિજ યુનિવર્સિટીના વાઇસ ચૅન્સેલર સર સ્ટૅન્લે બાલ્ડવિનને હસ્તે તેમને ટાયસન મૅડલ આપવામાં આવ્યો હતો.

આ વરસે રૅંગ્લર નારળીકરના ગણિતનૈપુણ્ય માટે કૅમ્બ્રિજ યુનિવર્સિટીએ તેમને 'રૅલે પ્રાઈઝ' અર્પણ કરીને તેમનું સન્માન કર્યું છે. અને તેમણે કરેલી પદાર્થવિજ્ઞાનશાસ્ત્રની નવી શોધોથી પ્રખ્યાત ગણિતી એડિંગ્ટન લૉર્મર, સે. જેમ્સ જીન્સ ઈ૦ લોકોમાં ખૂબ ખળભળાટ થયો છે.

'વેવઝ મૅકેનિક્સ' ની ગણિતશાસ્ત્રીય શોધો પ્રમાણે મૂળતત્ત્વો એકંદરે ૧૩૭ છે એમ શાસ્ત્રજ્ઞોએ સિદ્ધ કર્યું હતું. પણ આપણા આ હિંદી ગણિતીએ હાલ ઉપલબ્ધ છે એ મૂળતત્ત્વો ફક્ત ૯૨ જ છે એમ સિદ્ધ કરી આપીને ગણિતના પ્રદેશમાં જબરી ક્રાન્તિ કરી બતાવી છે.

ડૉ. મેલ્કૂમના શબ્દો ખરા નહિ પડે એમ હવે કોણ કહેશે ?

'ભાઉ'

હિંદુ સમાજના ખણાખાંચરા

'સ્ટુઅર્ટપુરમ્—કાબાનગરી'

હિંદુ સમાજની એક ખાસિયત છે કે એમાં બધુંજ મોટે પાયે હોય છે. એની નાતજાત હજારો છે, એની બોલી સેંકડો છે; એના સંપ્રદાયો અસંખ્ય છે, એના દેવતા તેત્રીશ કરોડ છે; એના સાધુઓ બાવન લાખ છે અને એના 'અસાધુ 'ઓની સંખ્યા સરકારી દફતરે એક કરોડ નોંધવામાં આવી છે. આ અસાધુની નાતને અમલદારી ઈબારતમાં 'ક્રિમિનલ ટ્રાઈબ્સ' કહે છે. એમાં વાઘરી જેવી સેંકડો પેટા નાતો છે. એમના પૂર્વજોનો ઈતિહાસ મહાભારત સુધી મળે છે. દ્વારકાની પડખેની ઝાડીઓમાં વસતા કાબાઓનો ઇતિહાસ તો અર્જુનના ગાંડીવને શિકસ્ત આપીને અમર બની ગયો છે. સ્ટુઅર્ટપુરમ્ એ આવી નાતોની કાબાનગરી છે.

આ કાબાઓનો ઈષ્ટદેવતા કાગડો છે. વળી દરેક કાબો આવતે જન્મે કાગડો થઈને અવતરે છે એવી એમની માન્યતા છે. કાકદેવની સ્તુતિ સ્તોત્રરત્નાકરમાં નહિ મળતી હોય, પણ આજના વેપારી કાબાઓના દેશના નર્મ પંડિત માર્ક ટ્વેને તે ખોટ પૂરી પાડી છે. ત્રીસેક વર્ષ પર હિંદુસ્તાનની મુસાફરી દરમ્યાન ઠેરઠેર ઊડતા કાગડાઓના પરિચય પછી તેણે નીચે પ્રમાણે કાકસ્તોત્ર લખ્યું છે: શ્રી માર્ક ટ્વેનોવાચ: 'આ કાગડાઓના અનેક ભવ થઈ ગયા છે અને એ દરેક ભવમાં એણે જાતજાતના ધંધાઓ કર્યા છે. વિવિધયોનિઓમાં જન્મ લીધો છે અને એ સૌનો ઉલ્લેખ મૂકેલ છે. પણ ટૂંકમાં કહીએ તો પણ કોઈકવાર આ કાગડો જુગારી હશે તો કોઈવાર ભાંડભવાઈયો હશે; કોઇવાર બેશરમ ઓરત હશે તો કોઈવાર અનેક ગુન્હા કરનારો પાપી હશે; વળી ધર્મની ઠઠ્ઠા કરનાર હશે, અસત્ય બોલનાર હશે, ચોર હશે, જાસૂસ હશે, ચાડીયો હશે; ધંધો ખાલી એ હેતુથી

જાહેરમાં ભાગ લેતો હશે, ઠગ હશે, દંભજીવી હશે. રોકડા મળે તે પક્ષે દેશસેવા કરતો હશે, સુધારક બનતો હશે, ભાષણ, વશીલાત, કાવતરાં, બંડ વગેરે કરતો હશે, વફાદારી સજી લેતો હશે, પ્રજાપક્ષ સ્વીકારી લેતો હશે, બીજાની ચોવટ કરતો હશે, ન ખપે ત્યાં પણ આગળ પડતો હશે અને પાપકર્મ તરફના અપ્રતિમ પ્રેમથી જ પાપાચરણ કરતો હશે; વગેરે.'

આ કાગડાને ઈષ્ટદેવ બનાવી પૂજનાર કાબાઓની નગરી સ્ટુઅર્ટપુરમ્ મદ્રાસથી ટ્રેન રસ્તે એક રાત દૂર છે અને હિંદુસ્તાનમાં આવા કોટીબંધ સ્ટુઅર્ટપુરમ્ છે.

કાબાઓ જન્મથી જ કાબા હોય છે અને ગુણકર્મથી કાબા જ રહે છે. તેથી જ દરેક કાબો જન્મે કે તરત જ તેની નોંધ સરકારી પોલિસખાતામાં લખી લેવામાં આવે છે. નાનપણથી જ આ બાળકો પોતાના ઘટકર્પર ધંધામાં મેળવતા થઈ જાય છે, અને બાલમંદિરથી માંડીને વિદ્યાપીઠનાં ઉન્નત મંદિરો સુધીની બધી રીતો જાતઅનુભવથી શીખી લે છે. મરઘાં બતકાં ચોરવાથી માંડીને કાલિઘાટની કાલીની બંગડીઓ ઉતારી લેવા સુધીનું તમામ વિજ્ઞાન કાબાઓ ડાયરેક્ટ મેથડથી જ મેળવી લે છે. કાબાઓની પાકી ખાતરજમા છે, કે ચોરી કરતાં કે ખાતર પાડતાં જેનો જીવ જાય તે હજાર વર્ષ સુધી સ્વર્ગમાં કાકભગવાન સાથે અમનચમન ઉડાવે છે. દીનને ખાતર ધાઝી બનવાથી કાકવૈકુંઠની સીધી ટિકિટ મફત મળવા વિષે કાબાઓને પૂરતું યકીન છે. એવું કહેવાય છે કે કાબાઓના રાજા જેવા બે ઠાકોરોને સામાન્ય ચોરીની જરૂર ન હોતાં અને છતાં ચોરી ન જ કરે તો ધર્મભંગનું સંકટ હોવાથી એ બે ઠાકોરો વર્ષમાં એકવાર અરસપરસની ચોરી કરે છે. આ વાર્ષિક મંગળ ઊજવવા એક ઠાકોર બીજાને મોટા મરતબાથી પોતાને ત્યાં ઈજન આપી બોલાવે છે. પછી જ્યારે લાગ ફાવે ત્યારે મિજમાન યજમાનની કોઈ કિંમતી વસ્તુ ઉડાવે છે અને વળતાં મિજમાનની કોઇ વસ્તુ યજમાન ચીલઝડપથી ઊડાવી લે છે. આ પ્રમાણે ધર્મપાલન કરી બેઉ ઠાકોરો મળી ભેટી જુદા પડે છે. આ મંગળ ન ઊજવાય તો ધર્મહાનિ થાય અને કાબાલોકમાં અપકીર્તિ થાય. 'સ્વધર્મે નિધનં શ્રેયઃ' એ હિંદુશિક્ષા આમ હિંદુજનતાને ખૂણેખાંચરે પણ વ્યવહારમાં ઊતરે છે.

કાબાઓએ હિંદુસ્તાનની ભૂગોળ પોતાના ખાનગી ઉપયોગ માટે નવેસરથી લખી નાખી છે, અને જેમ હિંદી સરકાર મહેસૂલી કારભાર માટે જુદાજુદા કારભારીને જુદીજુદી તહેસીલ વહેંચી દે છે તેમ આ કાબાઓએ પોતાના નિભાવ માટે હિંદુસ્તાનની સેંકડો તહેસીલો પોતાની સેંકડો નાતો વચ્ચે વહેંચી દીધી છે. દરેક નાત પોતાની તહેસીલમાંથી જ ચોરી કરે, ઘર ફાડે કે બીજી હાથચાલાકી કર્યે રાખે પણ બીજી નાતની તહેસીલમાં દાખલ ન જ કરે. દરેક નાતનો એક મુખી હોય છે, જે નાતના વાંધાવિષ્ટિ પતાવે છે. આ નાતના લોકો પોતાની નાત છુપાવતાં નથી પણ ઘણુંખરું મુખીનું નામ છૂપું રાખે છે.

સ્ટુઅર્ટપુરમના કાબાઓની ઉત્પતિ વિષે એવી કથા છે કે એ પ્રથમ કોઈ પ્રખ્યાત દેવમંદિરના પસાયતા હતા. એકવાર સખત દુકાળના વખતમાં મંદિર ઉપર નભતા ઉજળિયાતોએ આ પસાયતાઓને રઝળતા કરી દીધા. ત્યારપછી ભીખ માગતાં પણ પેટ ન ભરાતાં એમણે કાબાઓની રીતે રહેવા માંડ્યું અને દાયકાઓ વીતતાં કાબાઓ જ બની ગયા. દક્ષિણના બ્રાહ્મણો આ કાબાઓને ઢેઢગરોળી કહે છે. અને કાબાઓ મલબારી બ્રાહ્મણને વીંછીનાં ભીડા નામથી સંબોધે છે. કેટલાંક વર્ષ પહેલાં એક મલબારી બ્રાહ્મણે ગામના મુખ્ય માર્ગે એક કાબાને જતાં જોયો. આથી મુખ્ય માર્ગ અભડાઈ ગયેલો મનાય છે, એટલે એણે પેલા કાબાના ખૂબ બુરા હાલ કર્યા. કેટલાક દિવસ પછી ગામ બહાર એકાંતમાં એ બ્રાહ્મણ હાથ આવ્યો તેને ત્રણ પકા કાબાઓ પોતાના કૂબામાં ઉડાવી ગયા. ત્યાં એનું જનોઈ તોડી નાંખ્યું, એનાં ઘરેણાં પડાવી લીધાં. આટલો સ્પર્શ અને જનોઈના બેહાલ પણ પેલા બ્રાહ્મણ માટે કૃચ્છ્ર ચાન્દ્રાયણ જેટલાં તો હતાં જ; પણ કાબાઓનાં દિલમાં તે દહાડાનાં મહેણાં સાલતાં હતાં. એમણે તો પેલાને પકડી પોતાનો ખોરાક પરાણે ગળે ઉતરાવ્યો અને છેવટે એક કાબી ભેગો ઝૂંપડામાં આખી રાત પૂરી મેલ્યો. સવારે બ્રાહ્મણનો અહેવાલ ગમે તે હોય પણ પેલી કાબીના અહેવાલ પ્રમાણે તો પેલા અભાગી બ્રાહ્મણ માટે મનુસ્મૃતિનાં ક્રૂરમાં ક્રૂર પ્રાયશ્ચિત્તો પણ અપૂરાં થઈ પડયાં હતાં. કાબાઓ બ્રાહ્મણને ધિક્કારે છે કારણકે બ્રાહ્મણના ધિક્કારનો એ પણ પડઘો પાડે છે. જ્યારે એ બ્રાહ્મણ ફરી ગામ ભેગો થયો ત્યારે પ્રખર શાસ્ત્રીઓ અને પંડિતોએ એના માટે એવું ઠરાવ્યું કે એણે વાસ્તવિક રીતે સોનાની ગાયના મુખથી પ્રવેશી ફરી જન્મ લેવો જોઈએ. પણ પછી અનેક બ્રહ્મભોજનો અને ભૂરિદક્ષિણાથી માંડ માંડ વાત પતવા પામી.

જેમ બ્રાહ્મણને નાતભંગ માટે પ્રાયશ્ચિત્ત છે તેમ કાબાઓને પણ ન્યાત બહાર મૂકાયા પછી ફરી ન્યાતમાં આવવા પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. ખાસ કરી પોતાનો ચોરી વગેરેનો ધર્મ બજાવતાં જેલ જવું પડે તો છૂટયા પછી તરત ન્યાતમાં આવી ન શકે. એનું પ્રાયશ્ચિત્ત સાદું છે. દેશી દારૂની લહાણ કરે એટલે પત્યું. તેમાં એ પોતે જેમ વધારે છાકટો બને તેમ એની વાખવાખી વધી સમજવી. રાતોની રાતો જો એ ગટરમાં પડીને કાઢે તો તો એનું પ્રાયશ્ચિત્ત પૂરૂં થયું સમજવું.

ડાહ્યો કાબો આ કૃષ્ણછતપના દિવસોમાં વહુનો વાંસો હળવો કરવાનું કે જૂના ખખેડાનો બંગ વાળવાનું કામ સાથે સાથે આટોપી લેવાનું ચૂકતો નથી. અને ઘણીવાર તો એક જેલ-વાસનું પ્રાયશ્ચિત્ત બીજા જેલવાસે જ સમાપ્ત થાય છે.

આ કાબાઓનો ખોરાક પણ કાગડાના ખોરાક જેટલો મલિન છે. તળેલા સાપ અને ડુક્કર એ એમની માનીતી વસ્તુઓ છે.

જ્યારે આ લોકો બેચાર જણા મળી કોઇ સરસ લૂંટ વગેરે માટે બહાર પડવાના હોય છે ત્યારે પ્રથમ શુકન જોવામાં આવે છે. પછી બોગડી મહાલખમી દેવીને ભોગ ચડાવે છે. છતાં પણ રસ્તામાં અપશુકન થાય તો 'ફેર લડેંગે' કહી પાછા ફરી જાય છે. અપશુકનમાં શિયાળ બોલે, ઘડો છલકાય, સફેદ બિલાડી આડી ઊતરે, કે માથે શમડી ચક્કર મારે કે સામે ટાઘુ મળે, કે કોઇ છીંક ખાય તો કાબાઓ કામ કરવા જવાનું માંડી જ વાળે.

કાબાઓ ઘર ફાડવામાં બારીબારણાં તોડીને અંદર આવવાનું નિષિદ્ધ માને છે. ઘણુંખરૂં છાપરે ચડીને છીંડું પાડવાનો રિવાજ એ લોકોમાં પ્રચલિત હોય છે. ઉપરથી પ્રથમ બેચાર કાંકરા નાખી: જોયા છતાં કોઇ ન જાગે તો તરત નીચે કૂદી પડે અને એક દરવાજો ખુલ્લો કરી રાખે. સૂતેલાં માણસોના કાનમાંથી, કાંડેથી પગમાંથી વગેરે ઘરેણાં કાઢવામાં આ લોકોના હાથ એવા હળવા હોય છે કે નવાણું ટકા સૂનારને જગાડયા વગર કામ કરી લે છે!

અંગાડિ વેન્કટિગડુ એ સ્ટુઅર્ટપુરમના કાબાઓના દ્રોણ-ગુરુ છે. આવતે જન્મ એ કાગડો બની અવતરશે ત્યારે પેલા અમેરિકને વર્ણવેલા કાગડાના ગુણોને એ બધી રીતે દીપાવશે! આજે અંગાડિ વેન્કટિગડુ એંશી વર્ષ ઉપર પહોંચ્યો છે. પણ જુવાનીના દહાડામાં એ એટલો તો પંકાયેલો હતો કે દક્ષિણ હિંદુસ્તાનને શહેરે શહેર એની કીર્તિ ગવાતી, છતાં એના ઉપર છાપો મારનાર કોઇ મળતો ન હતો. એના એક પરાક્રમ વિષે કહેવાય છે કે એકવાર એ આખાને આખા જીવતા છ પોલિસ સિપાઇઓને ચોરી ગયો હતો. એના વિષે એન્સાઇન રોબિલાર્ડ નીચે પ્રમાણે કહે છે. રોબિલાર્ડ એ સાલ્વેશન આર્મિ–મુક્તિફોજનો–એન્સાઇન છે અને સ્ટુઅર્ટપુરમનો વહીવટ એ સંસ્થા તરફથી ચલાવે છે. પૂર્વાશ્રમમાં લંડનની છૂપી પોલિસના સરથાણાં સ્કૉટલૅન્ડ યાર્ડ–માં ઇન્સ્પેક્ટર હતો. રોબિલાર્ડ કહે છે કે અંગાડિ વેન્કટિગડુ મદ્રાસ ઇલાકાનો ધણીરણી હતો. ગામના પટેલો અને બીજા પોલિસ અમલદારોને એ શહેરમાં દાબી રાખતો. નાણાં તો છૂટે હાથે વેરતો. એના નાણાંને વશ ન થાય તેને જીવ લેવાની દહેશત દેખાડતો. અને એ પ્રમાણે એને પકડવાનું કામ બહુ જ મુશ્કેલ બની ગયું હતું. એના સાથીદારોને પણ કોઇ હાથ અડકાડી ન શકતું. ગમે તેટલા અને ગમે તેવડા ગુન્હા હોય પણ એ બધા પછી અંગાડિ વેન્કટિગડુ આબાદ છટકી શકતો અને એ રીતે એની જોહાકી એટલી તો વધી પડી કે ગામના લોક એના સામે સરકારનું રક્ષણ માગવા કરતાં એની પાસેથી રક્ષણ ખરીદી લેવાનું વધારે ડહાપણ-ભરેલું અને સલામત માનતા. આ વાત ઠેઠ મદ્રાસના નામદાર ગવર્નરને કાને પહોંચી. એણે ખાનગી તપાસ કરી ખાત્રી કરી કે સામાન્ય પોલિસથી અંગાડિ ગાંજ્યો નહિ જાય. પછી એકવાર દૂરની તહેસીલમાંથી છ ચુનંદા સિપાઇઓને એ કામ માટે રોકવામાં આવ્યા. થોડા દહાડા પછી એ છ જણ એક એકાંત જગ્યાએ અંગાડિના સપાટામાં આવ્યા, અને અંગાડિ છએ જણને ઉઠાવી ગયો. પછી અંગાડિના પાંચ ચૂંટેલા કાબાઓએ ચોરેલા સિપાઇના પોષાકપટા પહેરી લીધા, બંદૂકપિસ્તોલ લગાવી દીધાં અને ગામેગામ નવી ખાસ પોલિસ તરીકે આંટા દેવા લાગ્યા. બાકીના કાબાઓએ પહેલાં કરતાં બમણા ઉત્સાહથી લૂંટફાટ ચાલુ રાખી. છેવટે પેલા છ કેદી સિપાઇમાંથી એક નાસી છૂટયો ત્યારે જ અંગાડિની યુક્તિ પકડાઇ. હવે એક ગોરા ઇન્સ્પેક્ટર સાથે ત્રીસ પોલિસની ગીસ્ત ઊપડી અને કાબાઓનાં થાણાંનો શક હતો ત્યાં રાતનો પડાવ નાખી પડી. સવારના જુએ છે તો ઘણાખરાના ઘોડાઓના પૂંછડાની ચાળ કપાઇ ગઇ હતી. આજે અંગાડિ રોબિલાર્ડને બાપ કહે છે અને એની તહેનાતમાં રહેલો છે.

આ કાબાઓમાં જેને ઘણાં છોકરાં હોય તેનો ધંધો ધીકે માટે: સંતતિનિયમન વિષે કોઈ ચર્ચા કરતું જ નથી. એટલું જ નહિ પણ દરેક કાબો પોતાનાં હોય તે ઉપરાંત બને એટલાં છોકરાં દત્તક લેવા આતુર રહે છે. આ દત્તક-વિધાનની ક્રિયા સાવ સાદી છે. ગામમાં ફરતાં મજબૂત છોકરાંઓની બારીક તપાસ કરી કાબો ઉઠાવી જાય છે; અને એના કુબામાં વસ્તી વધે છે. કોઈ કાબો, બીજાને ત્યાં રાત વચ્ચે છોકરાંઓ વધી જાય તો તેના વિષે સવાલ પૂછતો નથી. આવાં છોકરાંઓને પોત્રો આવ્યો એમ કહી સૌને કાબો પોતે જ દેખાડે છે. છોકરાંઓને ધંધો શીખવાડતી વખતે ભૂખ્યાં રાખવામાં આવે છે. ભૂખ્યાં છોકરાંનું મગજ ઝટ કામ કરે છે એવો કાબા શિક્ષણશાસ્ત્રીઓનો મજબૂત અભિપ્રાય છે. જ્યારે કાબાનું છોકરૂં કિન્ડરગાર્ટન અને મૉન્ટેસોરી શીખવા જેવડું થાય છે ત્યારે તે નાનાં નાનાં જનાવરો પકડવાનું પહેલાં શીખે છે. જંગલમાં છટકાં વગેરે મૂકવા ઉપરાંત ગામની શેરીએ ફરતાં મરઘાં બતકાં કે પાદરે ચરતાં મેંઢાંબકરાં હાંસલ કરવાનું એને સોંપવામાં આવે છે. નાનકડાં પીલાં પાસે કાબાનું ટાબરિયું રમતુંરમતું જાય છે.

એના મોંમાં વગર છડેલી ડાંગરનો કોળિયો એ ચાવે રાખે છે અને પીલાં પાસે જઈ એ ઝડપથી ચાવેલો ગોળો નાખે છે. એમાં છોતાં ઊભાં હોય છે અને પીલું અધરાયાં પેઠે મોંમાં લે કે ગોળો એને ગૂંગળાવી નાખે છે અને તરત જ ગળું દાબી ટાબરિયું એને ગેબ કરી દે છે. આ જ પ્રમાણે કાટાંવાળા ડેડા નાખી હલવાનોને પકડે છે. કોઈકવાર આ કિન્ડરગાર્ટન શિક્ષકો બકરો, વાંદરો ને ડુગડુગિયું લઈ ગામલોકને ભેળા કરે છે અને એની અલારમલાર વાતો ચાલતી હોય છે ત્યારે બે ત્રણ ટાબરિયાં ધારદાર કાતરથી લોકોના પાઘડીના છેડા હળવા કરી લે છે. અને આ પ્રમાણે આ બાળકો છેવટે કાબાપીઠમાં સ્નાતક બને છે.

એકવાર કાબાઓની એક ટોળીએ કોઈ ગામમાં મારવાડીનું ઘર લૂંટયું, પણ લૂંટ લઇને ભાગે તે પહેલાં કેટલુંક ગામલોક ભેગું થઈ ગયું અને આસપાસ ફરી વળ્યું. જ્યારે કુંડાળું બહુ નજદિક આવ્યું ત્યારે કાબાના મુખીએ ઓચિંતા બે મૂઠી ભરી રૂપિયા ચોતરફ ઉડાડયા. આની અસર એવી થઇ કે ગામડિયાઓ નીચા વળી રૂપિયા લેવા ગયા ત્યાં તો એમની કાંધેથી ઠેક દઈ કાબાઓ અંતર્ધ્યાન થઇ ગયા. કેટલાક અમેરિકન મુસાફરો રોબિલાર્ડ પાસે આવ્યા હતા ત્યારે આ મુખીની એણે અમેરિકનોને ઓળખાણ કરાવી. આમાંના એકે ટોપી ઉતારીને કહ્યું કે: 'આ કાબાને હું મારી ટોપી ઉતારૂં છું, કારણકે જો એને આપણાં સાધનો મળ્યાં હોત તો એ મિલિયોનિયર થાત કે મારકિવસ થાત!'

જેને સરકારી દફતર ક્રિમિનલ ટ્રાઈબ્સ સૅટલમૅન્ટ કહે છે એવી એક કાબાપુરીમાંના મિશનરીને લાગ્યું: એ પુરીમાં માણસો કરતાં પણ કુતરાંઓની વસ્તી મોટી થઈ પડી હતી. તેથી એણે મુખીને બોલાવીને કુતરાંઓનો નિકાલ લાવવા કહ્યું. પણ મુખીએ બીજા કાબાઓની સલાહથી એવું કામ કરવા વિષે પોતાની અશક્તિ જણાવી. છેવટે મિશનરીએ દરેક કુતરો મૂએલો રજુ કરનારને ચાર આના ઈનામ જાહેર કર્યું. થોડીકવાર ધુસપુસ ચલાવી કાબાઓની કાઉન્સિલે એ ગોઠવણ કબૂલ રાખી. અને કલાક બે કલાક પછી તો મિશનરીના બંગલાનું કંપાઉન્ડ કુતરાંનાં શબોથી ઊભરાવા લાગ્યું. આ અણધારેલા કુરૂક્ષેત્રથી બિચારો પાદરી તો ડઘાઈ જ ગયો. એકાદ કલાક કુતરાંના મુડદાંનો વરસાદ વર્ષ્યો નહિ હોય ત્યાં તો પાસેના ગામનો સ્ટેશન માસ્તર ગામવાસીઓનાં ટોળાં સાથે હાજર થઈ પોતાનાં ગામનાં કુતરાંઓનાં અકારણ સંહાર માટે કાળી ધા નાખવા લાગ્યો. દરમ્યાન પેલી કાબાપુરીનાં કુતરાંઓ નિરાંતે પોતાનો દૈનિક વ્યવહાર ચલાવ્યે જતાં હતાં.

પણ આ કાબાઓ કરતાં કાબીઓ વળી ઓર જ વસ્તુ છે. કાબા સમાજમાં સ્ત્રીઓના ઉદ્ધારનો સવાલ સદીઓ થયાં ચર્ચાતો બંધ થયો છે, કારણકે કાબા સ્ત્રીઓ પુરુષો કરતાં ઊંચો દરજ્જો ભોગવે છે. ચીભડચોરી એ કાબા સ્ત્રીઓનો ધંધો છે. ઉઘાડચોરી કરતાં એ ધંધો વધારે સલામત છે એટલું જ નહિ, પણ એકધારે ચલાવી શકાય છે. એટલે કુટુંબના નિભાવ અર્થે સ્ત્રીઓની જવાબદારી મોટી સહેજે બને છે. અને જવાબદારી પૂરતો દરજ્જો કાબા સ્ત્રી મેળવી લે છે. આ કાબીઓ ગામમાં અનેક બહાને ફરે છે. સૂંડલા વેચે, નાડાં વેચે, છાણાં વેચે વગેરે રીતોથી ગામમ ચાલુ ભળે, એટલે કાબાપુરીમાં સી. આઈ. ડી. નો આખો વિભાગ સ્ત્રીઓ હસ્થુ રહે છે. કોઈ પણ મોટી યોજના હાથ ધરવા પહેલાં કાબાઓ સ્ત્રીઓની સલાહ લે છે. વળી સ્ત્રીઓની મદદ બીજી રીતે અમૂલ્ય થઈ પડે છે. કાબાઓ લંગોટીભર કામ કરે છે. એટલે લૂંટ છુપાવવા પૂરતાં કપડાં અંગે ન હોતાં સ્ત્રીઓને એ કામ કરવું પડે છે.

એકવાર એક કાબી રસ્તે જતી હતી. ગામમાં થોડા અરસા પહેલાં થયેલી ચોરીના મુદ્દામાલ માટે તપાસ કરતો એક પોલિસમેન પણ એ રસ્તેથી નીકળ્યો, અને કાબીના પેટનો ભાગ એકદમ આગળ પડતો જોઈ એણે એને ઊભી રહેવા હુકમ કર્યો. કાબીની કેડે છોકરૂં હતું. એણે તો તાબડતોબ તિતાલપા કરવા માંડયાં. છોકરાને જમીન પર પડતું મૂકયું એટલે એના સૂરમાં છોકરાંના સૂર ભળ્યા, અને થોડીવારે અત્યંત વેદનામાં હોય તેવો દેખાવ એણે એવો આબાદ કર્યો કે પોલિસ સિપાઈ તો કાચું કપાયું છે એમ સમજી રવાના થઇ ગયો. પૂરે મહિને હોય એવી બનીને નીકળવાના ફાયદા કાબી સ્ત્રીઓ બરાબર સમજે છે.

કાબાઓની લગ્નપ્રથા પ્રમાણે સ્ત્રીને માટે ૧૦૦ થી ૫૦૦ સુધી રૂપિયા આપી કાબો ઘર વસાવે છે. એની લગ્ન ક્રિયાનો આ મુખ્ય ભાગ છે. જો પાછળથી છેડો છોડી નાખવો હોય તો છોડેલી સ્ત્રીએ અસલ રકમ ધણીને ભરપાઈ કરવી પડે છે. પણ એ રકમ લેવી ન લેવી એ તલાકી આપનાર ધણીની મુનસફી ઉપર છે. જો એ રકમ ન સ્વીકારે તો તલાકી ઓરતને નાતરાના ધણીથી જેટલી સંતતિ થાય એના ઉપર પ્રથમના ધણીનો હક રહે છે. છોકરાઓના ધંધા માટેના ઉપયોગ વિષે કહ્યું છે તેથી આ રિવાજ સહેજે સમજી શકાશે. અંગ્રેજ સરકારે કેટલીક રસમોને જાળવી રાખી છે તેમાં આ રસમ પણ છે. જો તલાક કરતી વખતે તલાકી ધણી ઉપર જણાવેલી રકમ ન સ્વીકારે તો તે રકમ કાબાના સૅટલમૅન્ટ અફસરની તિજોરીમાં જમા થાય છે. અને એના પર દર સેંકડે દર વર્ષે બે ટકા વ્યાજ પણ મળે છે. એટલે તલાક કરે તો પણ બનતાં સુધી ધણી રકમ પાછી નથી લેતો કારણકે થાપણ પર વ્યાજે ય મળે અને વળી તલાકી બૈરીનાં નાતરાનાં છોકરાં પણ એને જમે થાય.

આખરે કાબો મરે ત્યારે એના બે પગના અંગૂઠાને સાથે બાંધી ભાતના પિંડ, તંબાકુ, વગેરે ભાથું મૂકી છીછરી કબરમાં દાટી દેવાનો રિવાજ છે. છીછરી કબર એટલા માટે કે એના શરીરને જંગલી જનાવરો વગેરે લઈ જાય. જે કોઈના શરીરને જનાવરો ન લઈ જાય તો એ ગતે ન જાય એવું મનાય છે. અને એ કાબો ધર્મમાં દીક્ષિત હશે એમ પણ માને છે. અંદરથી એ જરૂર લૂંટફાટને ધર્મ નહિ માનતો હોય એવો શક રહે છે અને આવતે જન્મે એને હલકી નાત કે વાઘ બિલાડી કે ઉંદરનો અવતાર આવવા વિશે કોઇને શંકા નથી રહેતી. અલબત્ત જે કાબો ગતે જાય તો તો એ કાગડાની યોનિમાં જ ફરી જન્મે છે!

એન્સાઈન રૉબિલાર્ડ કહે છે કે કાબાઓ એવા હોશિયાર હોય છે કે જો એમની શક્તિનો સારો ઉપયોગ થાય તો એ નાતો ખૂબ જ દીપી નીકળે. જે દહાડે એમ થશે ત્યારે વેપારમાં કાબાની જોડી નહિ મળે! (નાગરિકમાંથી)

ડાહ્યાનું ગાંડપણ

માણસ ગમે તેટલો સુધરેલો હોય, તો પણ એ બધા જૂના રીતરિવાજોનો સંપૂર્ણ ત્યાગ કરી શકતો નથી. એ પ્રમાણે વર્તવામાં એ પેલા રિવાજોને માન આપે છે એવું નથી; ઘણી વાર એ રિવાજોમાં શો અર્થ છે એ પણ એને સમજાતું નથી; છતાં એ રિવાજમાં કાંઇક ને કાંઇક તો હોવું જ જોઇએ એવો ભ્રમ એને હમેશ રહે છે. આરંભમાં તો એ રિવાજ પડ્યા તેનું કારણ હોય જ છે, પરંતુ પછી એ કારણ જતું રહે છે તેનો એને ખ્યાલ નથી હોતો. પણ કેટલીક વાર, મૂળમાં એને માટે કોઇ પણ કારણ હોતું નથી અને હવે પણ નથી એ જાણવા છતાં, એ જૂના રિવાજો પ્રમાણે માણસ વર્તે જ જાય છે. આવી રીતે વર્તવામાં કાંઇ વિશેષ મર્મ ભલે ન હોય તો પણ સહજ મજા તો છે જ એમ એને લાગે છે.

દક્ષિણી લોકોમાં ગતાનુગતિકત્વની એક વાત બહુ જ પ્રસિદ્ધ છે. એક માણસનો બાપ એટલો બધો ગરીબ હતો કે એને પહેરવા માટે એક બહુ જ નાના પંચિયા સિવાય કશું મળતું નહોતું. તેથી વૈશ્વદેવ કરતી વખતે ઊકડા બેસવામાં એની કાછડી વારંવાર છૂટી જતી. આગળ જતાં એનો છોકરો સારો પૈસાદાર થયો, અને જોકે એ હમેશાં દસ વારનું ફક્કડ ધોતિયું પહેરતો, તો પણ વૈશ્વદેવ કરતી વખતે તે કાછડી છોડવી જ જોઇએ એમ વિધિ માનીને કાછડી છૂટી રાખી બેસતો! આ વાત તો જોકે એક ભોળા ને ભાવિક બ્રાહ્મણની છે. પરંતુ અંગ્રેજો તો પુરાણમતવાદી નથી જ એવી લોકોની માન્યતા છે, તેમ એ ભોળા અને ભાવિક તો નથી જ નથી. એમ છતાં એમનામાં પણ ગતાનુગતિક રીતરિવાજો કેટલા બધા છે!

આવું આચરણ અમુક વ્યક્તિનું કે કોઇક કુટુંબનું હોત તો વાત જુદી છે. પણ ગંભીર અને સામુદાયિક બાબતોમાં પણ એ દેખાઇ આવે છે. (આવા orthodox રિવાજો ખાસ કરી ક્રિસ્ટમસના દિવસોમાં ઘણા જોવામાં આવે છે, પણ એતો ધાર્મિકતાની વાત થઇ.) પાર્લામેંટનું કામ એ કાંઇ અમુક વ્યક્તિનું, ખાનગી કે વાર્ષિક કામ નથી. તો પણ ત્યાં જૂના રીતરિવાજો અને વિધિનિષેધો પૂર્વવત્ આજ પણ જોવામાં આવે છે. એક બહુ જ સામાન્ય દાખલો લઇએ. અંગ્રેજોના મત પ્રમાણે 'તેર' નો આંકડો અશુભ અને અપજશ આપનારો માનવામાં આવે છે. અને તે એટલે સુધી કે કોઇપણ દિવસે પાર્લામેંટની સિલેક્ટ કમિટી ૧૩ સભ્યોની નિમાય જ નહિ; કાં તો બારની અથવા ચૌદની નિમવામાં આવશે. (આ તેર આંકડા સંબંધી એ પણ સંભળાય છે કે જેના ઘર ઉપર કે ટિકિટ ઉપર કે એવા જ કોઇ ઠેકાણે ૧૩ નંબર આવે તો કેટલી વાર તકરાર પણ ઊભી થાય છે) પણ એ કરતાં યે વધારે રમૂજી વિગતો હજુ હવે આવે છે.

પાર્લામેંટ ઉઠાડતી વખતે રાજા હાઉસ ઑફ લૉર્ડ્સમાં જ બેસવાનો; તે કદી પણ હાઉસ ઑફ કૉમન્સમાં ન જ બેસે. હિંદુસ્તાનમાં વૉઇસરૉય એસેંબ્લીમાં આવે છે અને ત્યાં તે વખતે સ્ટેટ કાઉન્સિલના સભાસદોને હાજર રાખવામાં આવે છે! પાર્લામેંટ ઊઘડતી વખતે વરિષ્ઠ (House of Lords) અને કનિષ્ઠ (House of Commons) સભાના સભાસદો હાજર હોય છે. છતાં રાજા તો વરિષ્ઠ સભામાં જ બેસવાનો, અને કનિષ્ઠ સભાનો સભાપતિ ત્યાં જાય છે. પરંતુ આ જવાને માટે એક વિધિ હોય છે.

રાજા જ્યારે વરિષ્ઠ સભામાં આવે છે ત્યારે કનિષ્ઠ સભા ભરાયલી હોય છે. અને તે વખતે રાજદૂત કનિષ્ઠ સભાના સભાપતિને બોલાવવા આવે છે એ પણ જાણીતું જ હોય છે. પરંતુ જૂના રિવાજ પ્રમાણે ખુદ રાજા અથવા એનો દૂત કનિષ્ઠ સભામાં પરવાનગી વગર અંદર આવી શકે નહિ. કારણકે પહેલાં રાજા અને આ સભા એ બે વચ્ચે હમેશાં તકરારો ચાલતી. માટે હાલ પણ આ દૂત આવે એટલે ઉઘાડાં બારણાં બંધ કરવામાં આવે છે. પછી દૂતે બારણાં ઉપર બેત્રણ વાર ટકોરા મારવાના હોય છે અને ત્યાર પછી જ એને અંદર દાખલ કરવામાં આવે છે. પહેલાં રાજદૂતનું સભામાં આવવું એ અનિષ્ઠ અને ભયસૂચક મનાતું માટે હવે પણ એ આવે એટલે એના આવવાનું કારણ ખબર નહિ હોવાનો ફારસ કરવામાં આવે છે. પછી આ દિગ્મૂઢ સભાને દૂત કહે છે; 'મહારાજ' આપને રાજા સાહેબ વરિષ્ઠ સભામાં

બોલાવે છે. એટલે પછી સભા પોતાના સભાપતિને રીતસર પરવાનગી આપે છે.

એ પ્રમાણે સભાપતિના ત્યાં ગયા પછી રાજાનું ભાષણ થઇ સભા ખુલ્લી મૂકાયા બાદ, સભાપતિ પાછા આવી રાજાએ આમ આમ કહ્યું એમ કહે છે. ખરૂં જોતાં રાજાએ વાંચેલું ભાષણ અહીંના (કનિષ્ઠ સભાના) મુખ્ય પ્રધાને જ લખેલું હોય છે. પરંતુ ડોળ એવો કરવાનો હોય છે કે કોણ જાણે રાજા શું બોલી ગયા. વળી એ કરતાં યે બીજું પાર્લામેંટની સ્વતંત્રતાનું એક ચિન્હ છે. રાજાના ભાષણ પહેલાં કનિષ્ઠ સભાનું કામ બેદરકારીથી ચાલુ જ હતું એવો દેખાવ કરવા માટે રાજાનું ભાષણ સભાપતિના હાથમાં હોવા છતાં, એનું વાચન થતાં પહેલાં એક બિલનું પ્રથમ વાચન (First reading) કરવામાં આવે છે. આ બિલ તો જાણે નામનું જ હોય છે, કારણકે પછી એનું બીજું વાચન કોઇ દિવસ થતું જ નથી. પરંતુ એવા એ નકામા બિલનું વાચન પ્રથમ થવું જ જોઇએ, પછી જ રાજાનું ભાષણ વંચાય !

પાર્લામેંટની બેઠક થતાં પહેલાં બીજો એક ફારસ થાય છે. એતો બહુ જ મજાનો છે. પહેલાં જેમ્સની વખતે ગાય ફૉકસ નામના એક કાવતરાબાજે પાર્લામેંટના ભોયરામાં દારૂગોળો ભરી સભાસદો સાથે પાર્લામેંટ ઉડાવી દેવાનો ઘાટ કર્યો હતો. પરંતુ એ એકાએક જાણવામાં આવ્યાથી એની બધી બાજી બગડી ગઇ. એ બનાવ બન્યા પછી ઘણા દિવસ સુધી પાર્લામેંટ ભરતાં પહેલાં એ પ્રસંગની યાદ અને ધાસ્તી રહેવાથી પાર્લામેંટના મકાનનું એકએક ભોયરૂં દીવા લઇ તપાસી જોતા. પહેલાંવહેલાં તો એ યોગ્ય હતું, પરંતુ હવે એ વાતને ૩૦૦-૩૨૫ વર્ષ થયાં તો પણ એની કાળજી હજુએ લેવાય છે ! અને તે એવી વિચિત્ર રીતે કે, હવે ભોંયરામાં અંધારૂં નથી, વીજળીની રોશની આંખોને આંજી નાખે એવી હોય છે, છતાં પણ પાર્લામેંટનો પહેરાવાળો અમુક પોષાક કરી, હાથમાં ફાનસ લઇ એમાં સળગતી મીણબત્તીઓ મૂકી ભોયરાં તપાસે છે; અને એ પ્રમાણે તપાસ્યા બાદ 'સઘળું બરાબર છે' એમ બૂમ મારી કહે છે, અને ત્યાર પછી જ સભા ભરવાનો હુકમ રાજા આપે છે.

તે જમાનામાં પાર્લામેંટની બેઠકમાં હાજર રહેવું અને રાત્રિએ પાર્લામેંટ બરખાસ્ત થયા પછી એકલડોકલ પાછું જવું એ જોખમભરેલું ગણાતું; ચોરડાકુની બીક હતી. રસ્તે અંધારૂં હોય, અને રાજાના માણસો રાજા વિરૂદ્ધના સભાસદોને મારે એવો સંભવ હોવાથી, એવી પ્રથા સહેજે પડી ગઇ હતી કે પાર્લામેંટનાં બારણાં બંધ કરતાં પહેલાં પહેરાવાળો 'કોઇ છે' એવો પોકાર કરી આવે. એટલે ભૂલ્યોચૂકયો એકાદ સભાસદ રહી ગયો હોય તો એને માણસો આપી પહોંચાડવાની વ્યવસ્થા થાય. હવે એમાંથી કશું એ રહ્યું નથી. પણ હજુએ શાતો તો શું પરંતુ ધોળે દહાડે પણ સભા ખલાસ થાય એટલે પહેરાવાળો 'કોઇ છે' એમ પોકારો કરી સભાગૃહમાંથી ચાલ્યો જાય છે !

હાઉસ, ઑફ લૉર્ડ્ઝનો સભાપતિ ખુરશી પર બેસતો નથી. પરંતુ ઊનની ગાદી પર બેસે છે. તે કાળમાં આને માટે કાંઇક કારણો હશે પણ હવે ખુરશી, કોચ વગેરે અનેક પ્રકારની સગવડો થઇ છે. પણ નહિ જ. કનિષ્ઠ સભાનો સભાપતિ ભલે ખુરશી પર બેસે, પરંતુ વરિષ્ઠ સભાના સભાપતિએ ઊનના કોથળા (Woolsack) પર જ બેસવું જોઇએ (રજપૂતોમાં રાણા પ્રતાપના વંશજો સૂવાની ગાદી તળે ઘાસ નાખી સૂએ છે એમ કહેવાય છે. તે તરફ ઘણા સુધારકો (!) નાકનાં ટીચકાં ચઢાવી જુએ છે. એમાં તો સ્વાતંત્ર્ય અને ત્યાગની યાદગીરી પણ છે. આ કોથળામાં શીત નિવારણધર્મ સિવાય બીજું શું હશે !)

કાછડી કાઢયા વગર વૈશ્વદેવકર્મ યથાવિધિ થતું નથી એ ઉપરની વાતને હવે કેમ હસી કઢાય ? કારણ એ વાત તો વખતે કપોલકલ્પિત હશે. પરંતુ પાર્લામેંટના ડાહ્યાડમરાઓનું ગાંડપણ વાતોમાંનું નથી. આજે છે ! ખરૂં છે ! અને પ્રત્યક્ષ છે.

ટીપઃ—લેખમાં કૌંસમાં આપેલું મારૂં છે.

" शास्त्राद् रूढिर्बलयसी । " આ વચન પુરાણમતવાદી અજ્ઞાની અને બીકણ માણસો માટે છે. સુધરેલા જમાનામાં પ્રગતિશીલ થયા પછી એ ન ચાલી શકે. 'જૂના રિવાજો તોડો' વગેરે બૂમો પાડનાર ભાઇઓ માટે રૂઢિનું પ્રાબલ્ય કેટલું છે તે જાણવા આ અનુવાદ આપવામાં આવ્યો છે. તેમ જ પાશ્ચાત્ય લોકો સંબંધી ઉપરટપકે જ્ઞાન મળવાથી અભિમાનમાં આવી જઇ આનાં કેટલાંક કારણો આગળ કરી આપણે રાજ્યકારભાર માટે નાલાયક છીએ એમ કહેનારાઓ માટે આ વિચારણીય વસ્તુ છે.—કૃષ્ણજી હરિમનોહર

('કેસરી' માંથી અનુવાદ)

કાજુ

કાજુનું ઝાડ આપણામાંના ઘણા ઓછાએ જોયું હશે. મૂળ એ વેસ્ટ ઇન્ડીઝ ટાપુઓમાંથી લાવવામાં આવેલું. અમેરિકા તથા આફ્રિકામાં આ ઝાડ ઠીક થાય છે. હવે તો લંકા, બ્રહ્મદેશ તથા હિંદુસ્તાનના પણ ઘણા ભાગમાં થાય છે. મલબાર, કર્ણાટક વગેરે ઠેકાણે તો એ ઘણા સારા જથ્થામાં ઊગે છે. બ્રહ્મદેશના પેગુમાં તેનો ઊછેર સારામાં સારો કરવામાં આવે છે.

કાજુનું ઝાડ સાધારણ રીતે પંદરેક ફૂટની ઊંચાઇનું થાય છે. એ ઝાડ બગીચાનું નથી, પણ ડુંગરાળ પ્રદેશોનું ગણાય છે ને ત્યાં જ સારી રીતે ઊગી શકે છે.

કાજુની બે જાત આવે છે : એક ધોળી અને બીજી કાળી. કાજુના ઝાડનું લાકડું ઝાંખા બદામી રંગનું હોય છે, તે ઘર બાંધવાના કામમાં બીલકુલ વપરાતું નથી, પણ વહાણના બાંધ-

કામમાં તેનો ઉપયોગ થઇ શકે છે. કાજુના લાકડાના કોલસા લુહારના ઉપયોગ માટે ઘણા ઉત્તમ ગણાય છે. તેનો છાંયો સારો અને શીતળ હોવાથી વટેમાર્ગુને એ ઝાડ ઘણા આસાયેશ આપે છે. ખરે બપોરે એના ઝાડ નીચે બેસી તેનાં ફળ ખાઇ ભૂખ મટાડી આરામ મેળવી શકે છે.

કાજુનાં ફળ કોમળ હોય છે. પહેલાં તો એ વૃક્ષને મીઠી સુવાસવાળાં ફૂલ બેસે છે. તે પછી તેમાંથી લાલ અથવા પીળા રંગના વટાણાના આકારનાં નાનાં ફળ જામે છે. તે આખું ફળ સ્વાદમાં તીખું તથા તેનો રસ કબજિયાત કરનારો હોય છે. ફળની આગળ બી હોય છે. તેની છાલ કઠણ હોય છે અને તેમાં ભીલામા જેવી ચીકાશ હોય છે. બોગજોગે તે ચામડી પર લાગી જાય તો કૌચની માફક ઊઠે છે ને ખજવાળ આવે છે. એ છાલની અંદર જે ગોળો હોય છે તેને કાજુ કહે છે.

કાજુ હાલ તો દરેક ઠેકાણે વેચાય છે. જ્યાં તેનો પાક થતો નથી ત્યાં બીજા દેશમાંથી આયાત થાય છે. કાજુમાંથી દારૂ બનાવવામાં આવે છે ને તે દમના રોગ ઉપર ઘણો જ અકસીર ગણાય છે. કાજુમાંથી તેલ પણ કાઢવામાં આવે છે ને તે ખાવાના ઉપયોગમાં પણ લઇ શકાય છે.

કાજુનાં બીઆંનું દૂધ વહાણના તળિયાંને ચોપડવામાં આવે છે. જેથી તેને પાણીથી નુકશાન પહોંચતું નથી. કાજુનાં પાકાં ફળ નજ વિકારનાશક ગણાય છે.

કાજુના ઝાડના થડમાંથી દર વર્ષે ૫ થી ૧૫ શેર સુધીના વજનનો ગુંદર પણ મેળવી શકાય છે. એ ગુંદર વાર્નિશ બનાવવાના ઉપયોગમાં લઇ શકાય છે. જીવજંતુથી વસ્તુઓનું જતન કરવામાં એ વાર્નિશનો ઉપયોગ સારો થાય છે. અમેરિકામાં ચોપડીઓ બાંધનારાઓ કિંમતી પુસ્તકોને ઉધાઇ વગેરેથી બચાવવા માટે એ રસના મિશ્રણવાળા પ્રવાહીનો પટ આપે છે. એ ગુંદર મેળવવા માટે કાજુના વૃક્ષના થડમાં કાણાં પાડવામાં આવે છે. તેમાંથી અમુક વખતે ધોળાશ પડતો રસ ઝરે છે. તેના ડાઘા જો શણના કપડા ઉપર પડયા હોય તો કદાપિ તે જતા નથી. એ ગુંદરને બદલે વાપરી શકાય તેટલો ચીકણો હોય છે.

એકંદરે કાજુનું વૃક્ષ દરેક રીતે ઘણું ઉપયોગી છે.

—રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

ગણિત-યુક્તિ

ગમે તેવડી લાંબી કોઇ રકમને ૭, ૧૧ કે ૧૩ વડે ભાગી શકાશે કે નહિ તે શોધવા માટે એક રીત છે; આપેલી રકમને તેને છેડેથી ત્રણ ત્રણ આંકડાઓમાં વહેંચી નાખો. આવી રીતે વહેંચાએલાં ઝૂમખાંમાં એકી જગ્યાએ આવેલાં અને બેકી જગ્યાએ આવેલાં ઝૂમખાંઓના જુદાજુદા સરવાળા કરો. પછી એ બંને સરવાળાની બાદબાકી કરો. આ બાદબાકીને જો સાત વડે ભાગી શકાય તો આપેલી રકમને સાત વડે, ૧૧ વડે ભાગી શકાય તો આપેલી રકમને ૧૧ વડે, અને ૧૩ વડે ભાગી શકાય તો આપેલી રકમને ૧૩ વડે ભાગી શકાશે. પરંતુ જો બાદબાકી શૂન્ય આવે (એટલે કે ઉપર કહેલા બંને સરવાળા સરખા થાય) તો આપેલી રકમને ૭ ૧૧, અને ૧૩ એ ત્રણે વડે ભાગી શકાશે. તેમજ બાદબાકી ૧૦૦૧ અથવા ૧૦૦૧ વડે ભાગી શકાય તેવી કોઇ રકમ (દાખલા તરીકે આઠ હજાર આઠ, ત્રીસ હજાર ત્રીસ વગેરે) આવે તોપણ એ ત્રણેય રકમ વડે ભાગી શકાશે.

દાખલા તરીકે ૯૫૪ ૭૧૬ ૭૬૩ એ રકમ છે. તેનાં ત્રણ ઝૂમખાંનાં ૯૫૪ ૭૧૬ ૭૬૩ પડયાં. એટલે (૯૫૪+૭૬૩) −૭૧૬=૧૦૦૧. માટે એ રકમને ૭, ૧૧ અને ૧૩ વડે ભાગી શકાય.

બીજી એક રકમ ૩૧૫૨૧ ધારો. તેના ૩૧ ૫૨૧ એમ બે ઝૂમખાં પડયાં. એ બંનેની બાદબાકી (૫૨૧−૩૧=) ૪૯૦ આવી; તેને ૭ વડે ભાગી શકાશે પણ ૧૧ કે ૧૩ વડે નહિ ભાગી શકાય; એટલે મૂળ ધારેલી રકમનું પણ તેમ જ સમજવું. આ રીત જરા લાંબી છે, પણ તેમાં મુખ્ય લાભ એ છે કે એકીસાથે ત્રણ આંકડાઓની પરીક્ષા થઇ શકે છે.

—શામજી લવજી આલગિયા


(ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ અનુસંધાન પૃષ્ઠ ૩૧૯ થી)

થી તે દૂર કરી શકાત. કાશ્મીરના નિશાત બાગમાંથી છબી લેતાં અમદાવાદના ભાઈ સુબોધચન્દ્રશાહે એવી જ ગફલત રાખી ઝાડના કાળા સમૂહોને જ પ્રધાન બનાવી દીધા. નૈરોબીથી મિ જે. બી. પટેલે ધોધનું ચિત્ર મોકલ્યું તેમાં છાયાઓ નરમ હોત તો કુમારની એક પ્લેટ બનાવીએ એવું સુંદર ચિત્ર થાત. ચિત્રના દષ્ટિકોણમાં જરા યે ભૂલ નહિ હોવા છતાં એકલી કાળી છાયાઓથી નજરને થડકો લાગે છે. એવી જ વિવિધ છાયાઓના અભાવે નિષ્ફળ બનેલી છબી વડોદરાના ભાઈ રમણલાલ ક્ષત્રિએ ચાંપાનેરના દૂધિયા તળાવની લીધી છે. આવા સુંદર દશ્યની વચ્ચે આપણા (બેબ લગામણો) શહેરી પોશાકનું દર્શન શા માટે! એટલું ન હોત તો પણ ચિત્ર કંઈક ઠીક લાગત. જેઓ ધીરે ધીરે અગાઉનાં ચિત્રો વિષે લખાયેલી નોંધ પર વિચાર કરશે તેઓ જરૂર સારાં ચિત્ર કરતા થશે.

(એકાંતે કામ કરનારા ફોટોગ્રાફીના શોખીનો તેમની નૅગેટીવ ફિલ્મો મોકલી યોગ્ય માપનાં એનલાર્જમેંટ કરાવવા ચાહતા હશે તો અમે વાજબી કિંમતે કુમાર કાર્યાલયના સ્ટુડિયોમાં તૈયાર કરાવી આપીશું.)

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

આ માસની ફોટોહરીફાઇમાં પ્રથમ આવનાર મુંબાઇના ભાઇ વનરાજ વ. સંપતે 'પંખાવાળી બાલિકા'ના ચિત્રમાં સૌંદર્યની રેખાઓ સાચવી છાયા પ્રકાશની સમતા જાળવી સંપૂર્ણ સુંદર ચિત્ર તૈયાર કર્યું છે. ખાસ તૈયાર કરેલા સ્ટુડિયોને લીધે આ પ્રમાણો સચવાયાં હોય તેમ લાગે છે. છતાં તેમાં તેમની કુશળતાને તો જરા આપવો જ જોઇએ. ભવિષ્યમાં તેઓ તદ્દન સ્વતંત્ર વાતાવરણમાં અસલ જીવન પરથી ચિત્રો બનાવશે એવી આશા રાખીએ. બીજું ઇનામ 'કલા' નામના ચિત્ર માટે જયંતીલાલ. ર. મહેતા (કરાંચી) ને મળે છે. અરીસા સામે બેસી વાળ ઓળી રહેલી બાલિકાથી નિર્દોષ પ્રેમળતાનું વાતાવરણ રચાયું છે. બાજરૂ અરીસાને બદલે લાકડાની ફ્રેમ વાળું ચાટલું કે શૃંગારપેટી હોત તો ચિત્ર વધુ અકૃત્રિમ બનત. એવી જ સંગતિ દોષની ભૂલ બળદને પાણી પાઇ રહેલા જુવાન વાળા ચિત્રમાં છે. એ જુવાનનો પોષાક ખરા ગામડિયા જેવો નથી એટલે દૃશ્યમાં ક્ષતિ પહોંચે છે. હારીજ વાળા ભાઇ શંકરલાલે એટલી ભૂલ ન રાખી હોત તો ચિત્રમાં શાંતિ અને નિરાંત સરસ જામત. ચિત્રરચનાના મુખ્ય નિયમો એ છેલ્લાં બંને ચિત્રોમાં સચવાયા છે. જોઈતા માપમાં આકૃતિઓ મોટી રાખી દૃશ્યમાં નકામા આકારો આવવા દીધા નથી. વધુપડતી જગ્યા અને આકારો ચિત્રમાં લેવાથી કેટલી ક્ષતિ પહોંચે છે તે બતાવવા કૂવાકાંઠે પહોંચેલી પનિહારીઓ અને અઘોરી બાવાની છબીઓ જુઓ. અમે બતાવેલી રેખાઓ પૂરતી જ ચિત્રસીમા રાખીને પાત્રોને મોટાં લીધાં હોત તો સુંદર અને આકર્ષક છબીઓ થાત. ભાઇ એ. જે. સૅમ્યુઅલે (અમદાવાદ) બાવાના ચિત્રમાંથી ભીંતની લીંટીઓ કઢાડી દીધી હોત તો એ ચિત્ર ખરેખર પાત્રનિરૂપણનું સુંદર દૃષ્ટાંત થઈ જાત. શંકરલાલ પટેલ (પિંડીજ) નું પનિહારીઓ વાળું ચિત્ર બતાવેલી સીમા પ્રમાણે મોટું થાય તો તેમાં પાત્રોનાં વસ્ત્રો અને સામગ્રીઓ સ્પષ્ટતાથી આકર્ષણ કરી રહેત. એવા જ 'પનિહારીઓ' નામના બ્લૉકના નીચેના ભાગના ચિત્રમાં પાલણપુરના ભાઈ અસદમિયાંએ ઘણા અસરકારક પ્રકાશનો ઉપયોગ કર્યો છે, પણ ચિત્રના વિભાગ કરતાં આવડ્યું નથી. આવા ફોટોગ્રાફમાં ચિત્રભાગ કેમ લેવો જોઈએ તે અમે તેમાં સફેદ લીટીથી બતાવ્યું છે. 'સવારના પડેલા પાડ' નામનું ભાઈ એમ. સી. મહેતા (પાલણપુર) નું ચિત્ર વિષય અને વસ્તુવિધાનમાં પાકું હોવા છતાં તેમાં છાયા પ્રકાશના વિચ્છેદ યોગ્ય રીતે ગોઠવાયા નહિ હોવાથી અસ્પષ્ટતા અને રસક્ષતિ અનુભવાય છે. પડેલાં વર્ણવેલા ત્રણ ફોટોગ્રાફો પછીના બધાને ઉત્તેજનાર્થ પારિતોષિક મળે છે.



હવે ચિત્રકોટિમાં આવતાં પાછા પડેલા ફોટોગ્રાફોની વાત કરીએ. વિષ્ણુકુમાર જોશી (અમદાવાદ) એ કલકત્તાના વિક્ટોરિયા મેમોરિયલનું ચિત્ર પાડતાં માત્ર પ્રતિબિંબ પર જ ધ્યાન રાખ્યું. અતિશય કાળી દેખાતી તળાવની પાળ આરસની આછી છાયાને દબાવી પાડે છે. કોઈ યુક્તિ-

(અનુસંધાન માટે જુઓ સામેને પાને)

દેવોના ગુરુ બૃહસ્પતિ પાસે અધ્યયન કરતા ઇન્દ્રના પુત્ર જયન્તનો કાંઈ અપરાધ થતાં એક વાર બૃહસ્પતિએ તેને શિક્ષા કરી, તેથી રોષે ભરાઇ રડતો રડતો જયંત પિતા પાસે ફરિયાદે ગયો કે 'બૃહસ્પતિ એવો તે કોણ કે મને—ઈન્દ્રના પુત્રને—સજા કરે?' ઇન્દ્રે ઉત્તર આપ્યો: 'પણ ઈન્દ્રનો પુત્ર એવો કેવો કે તેને સજા કરવી પડે?'

☆

કેટલાક ગફલતથી તો કેટલાક અજ્ઞાન ઢાંકવા ખાતર હ્રસ્વ 'ઇ' લખવાથી જોડણી શુદ્ધ લખાય એવી માન્યતામાં ઘણા શબ્દોની જોડણીમાં આંધળિયાં કરીને હ્રસ્વ ઇ લખે છે. પણ નીચેના જેવા કેટલાક શબ્દો તેમને થાપ આપે એવા છે:


દંપતિ	નહિ પણ	દંપતી
પતિન	,, ,,	પત્ની
દિક્ષા	,, ,,	દીક્ષા
પરિક્ષા	,, ,,	પરીક્ષા
દ્વિતિય	,, ,,	દ્વિતીય

☆

રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ-ગોળમેજી પરિષદ-શબ્દમાં રહેલા ભાવનું બીજ અઢારમી સદીના ઇંગ્લંડના એક રસિક પ્રસંગમાં છે. ઇંગ્લંડના વિખ્યાત સાહિત્યક ડૉ. જૉન્સનની કલબમાં બર્ક, ગોલ્ડસ્મિથ વગેરે પ્રસિદ્ધ પુરુષો હતા, એમને એક વખત એમના અગ્રણી ડૉ. જૉન્સન સામે ફરિયાદ કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે એ ફરિયાદનામા ઉપર એમણે વર્તુલાકારે સહીઓ કરી, જેથી ફરિયાદીઓમાં પહેલો કોણ ને પછી કોણ એ જૉન્સનના કળ્યામાં ન આવે!

☆

સાપને તુલસીની વાસ ગમતી નથી, આંગણામાં તુલસીક્યારા હોય તો સાપ ઘરથી દૂર રહે.





ઑરૉન્ટિસ નદીના પાણીથી ચાલતો, સીરિયાના હામા ગામમાં આવેલો આ પ્રચંડ રેંટ આજ ૯૦૦ વર્ષથી અખંડ ગતિમાન છે.

મલબારના પ્રતિષ્ઠિત અને શ્રીમંત ગણાતાં નાયર કુટુંબો ઘરના મોટા અવસરે પોતાની કુળદેવતાને પ્રસન્ન કરવા આ નૃત્ય માટે વનવાસીઓને નોતરે છે. તેમના વિચિત્ર પોશાકમાં પિશાચી તત્ત્વ વધારવાને તેઓ વાંસના આવા ઊંચા ટોપા પહેરે છે. તેમાંનો આ ખરેખર બાર ફૂટ ઊંચો છે. આ સ્વાંગે પહેરીને તેઓ જે નૃત્ય કરે છે તેમાં ઘણું આસુરી બળ, ઉન્માદ અને ક્રિયા બતાવે છે. રોગ, પીડા, આફત વગેરેથી બચવા માટે ઘણા અજ્ઞાન લોકો પોતાને ઘેર આ પિશાચી નૃત્યકારોને નોતરે છે. તેઓના બીજા સાજ તરીકે ઢોલ, ઝાંઝ, શરણાઈ વગેરે હોય છે.

☆

કોઇ પણ રકમને એની એ રકમ વડે ચાર વાર ગુણીએ તો રકમને છેડે જે આંકડો હોય તેનો તે આંકડો છેલ્લા ગુણાકારને છેડે અચૂક આવે.

☆

હડકવા લાગેલા માણસ કે જનાવરને તરત ને તરત પારોથી અચ્છેર ઘાસતેલ પાઇ દેવાથી હડકવાની અસર નાબૂદ થશે.

☆

ચારોળીને બારીક પીસી નાખીને શરીરે ચોળવાથી ઉનાળાની અળાઇઓ તથા ગરમીની ફોલ્લીઓ મટે છે.

☆

બોર્નીઓ પ્રદેશમાં સારાવકમાં એક અંગ્રેજ રાજા રાજ્ય કરે છે, તે શહેનશાહ જ્યોર્જ ઉપરાંત એકલો જ અંગ્રેજ રાજા આખી દુનિયામાં છે. એ ગાદીની સ્થાપના વિષે એક નવાઇભર્યો ઇતિહાસ છે કે ૧૮૩૯માં સારાવકના જુલમી સુલતાન સામે ત્યાંના વતનીઓએ બળવો કરેલો. એ વેળા હોડીની મુસાફરીએ નીકળેલો જેમ્સ બ્રૂકસ નામનો અંગ્રેજ ત્યાં જઇ પહોંચેલો. તેણે બળવાખોરોને એવી ખુબીથી શાંત કર્યા કે એ લોકોએ એને જ પોતાનો રાજા નીમ્યો અને તે દિવસથી એ રાજવંશ ચાલ્યો આવે છે.

☆

અમેરિકાની કૉલગેટ કંપની ઉપર દુનિયાનું મોટામાં મોટું ઘડિયાળ છે. તેનો મિનિટ કાંટો ૨૭। ફૂટ ને કલાક કાંટો ૧૯॥ ફૂટ લાંબો છે. ઘડિયાળનો વ્યાસ ૫૦ ફૂટનો છે ને ઘણું માઈલ જેટલે દૂરથી તેમાં સમય જોઈ શકાય છે.